કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · તંત્રી બચુભાઈ રાવત

સંસ્થાપક · રવિશંકર મ. રાવળ



એપ્રિલ '૭૦
સળંગ અંક
૫૫૬

શ્રી મેનાબહેન દેસાઈની
વસ્ત્રશોભનકળા
(જુઓ આ અંકની કલાવાર્તા)







કુમાર

એપ્રિલ ૧૯૭૦ • અંક ૫૫૬

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો


વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫.


લસી-પ્રવાહ (કાયાકરામત-૨૯)

શરીરના કોષોમાંથી વ્યયદ્રવ્યો લઇને એને લોહીમાં પહોંચાડનારી અતિસૂક્ષ્મ લસીવાહિનીઓમાં લસીપ્રવાહ પાછો ન પડે એ માટે નીચે




લસીવાહિનીનો આડછેદ. તીરનું નિશાન લસીની પ્રવાહ-દિશા સૂચવે છે.


દર્શાવ્યા પ્રમાણે પડદા હોય છે. લસીમાં ચામડીને માર્ગે પ્રવેશેલા ધૂળના અતિસૂક્ષ્મ રજકણો ને રોગના જીવાણુઓ પણ ભળેલા હોઈ એ મોટી લસીવાહિનીમાં ને અંતે લોહીમાં ભળે તે પહેલાં અનેક સ્થાને એ શુદ્ધ થતી જાય છે. આ શુદ્ધિ લસીગ્રંથિઓ કરે છે. શરીરમાં લાખોની સંખ્યામાં એ પથરાએલી છે. શ્વાસનળી, પેડુના ભાગ અને મહાધમની પાસે એની સંખ્યા બહુ મોટી છે. શરીરમાં જ્યાંથી અહિતકર તત્ત્વો પ્રવેશવાની વધુ સંભાવના હોય ત્યાં પણ તે વધુ સંખ્યામાં હોય છે. મોઢામાં



એક લસીગ્રંથિ

અન્નનળીના પ્રવેશદ્વારથી માંડી જઠર અને આંતરડાંની દીવાલ ઉપર તે હારબંધ આવેલી છે. નાનામાં નાનું વટાણા જેવડું ને મોટામાં મોટું વાલ





જેવડું તેનું કદ હોય છે, પણ અમુક જગ્યાએ તો તેમનો સમૂહ ખાસ અવયવ જેવો બની જાય છે. ટૉન્સિલ (કાકડા) અને ઍપેન્ડિક્સ (આંત્ર-પુચ્છ) એ આવા સમૂહ જ છે. શરીરના રક્ષણાર્થે કુદરતની આ એક વિશિષ્ટ કરામત છે. ડાબી બાજુ એક લસીગ્રંથિનો અતિ વિપુલ કદનો આડછેદ બતાવ્યો છે. એમાં લસીવાહિનીઓ દ્વારા તીર વડે દર્શાવ્યા પ્રમાણે લસીપ્રવાહ ગ્રંથિમાં દાખલ થઇને શુદ્ધ થયા પછી બીજી વાહિની દ્વારા આગળ જાય છે.

શરીરમાં લસીનો એટલો બધો પ્રસાર છે કે દરેક કોષ તેમાં તરબોળ રહે છે. લોહી સિવાયનું આ પ્રવાહી, જેમાં પૃથ્વી પરની આદિ જીવસૃષ્ટિનો જન્મ થએલો તેવા સમુદ્રજળ જેવું જ છે. એ સમુદ્રજળમાં હતા તેટલા જ લગભગ પ્રમાણમાં આમાં પણ સોડિયમ, કૅલ્શિયમ, પોટાશિયમ અને મૅગ્નેશિયમ ક્ષારો છે. ઉપર બતાવ્યા પ્રમાણે આપણા શરીરના વજનનો ૭૦ ટકા જેટલો ભાગ આ ક્ષારમય પ્રવાહીનો બનેલો છે.

← એક લસીગ્રંથિનો આડછેદ

છીએ અમે / ભાનુપ્રસાદ પંડ્યા

• વિષમ મનહર •

જેટલી જિભાન હોય એટલાં હો વેણ ભલે
છીએ અમે અવાવરુ વાવ તણે તળિયે!
આવી જુઓ, મધરાતે મળિયે!

આસપાસ બાવળના ઝરડામાં
ઊડી રહી હોય જૂની ચૂંદડીની લીર,
બોલે ભેરવ અધીર,
એવી અંધાણીએ આવજો!

કાંઠા પરે ઉતારીને આખેઆખું જીવતર
મેલી દઈ કોરે કોરાં લીલાં પીળાં ચીર,
અમે ઊંડી વાવ તણા વમળમાં તરીએ!

હળુ હળુ ઊતરજો...
આવકારો જાણે નહિ પગથિયાં ચૂપ!
ગૂંગળાજો મા – ક્યાંક અચાનક
ઊડી આવે ગોટેગોટા ધૂપ!
ભડકશો નહિ ભાળી ભડકાનું રૂપ.
હેબતાવું [illegible]—મર પગથિયે પગથિયે
તાજે તાજી કુમકુમ પગલાંની છાપ
(ઊકલતું હોય વીસ વરસનું માપ!)
જરી તરી વાયરાના ઓછાયાને કળીએ!

સૂતાં અમે અવાવરુ વાવ તણે તળિયે!
આવી જુઓ, મધરાતે મળીએ!

બેડાં મૂકીન... / માધવ રામાનુજ

• ગાન •

બેડાં મૂકીન તમે બેસજો ઘડીક
                હું તો સુક્કા સરોવરનો ઘાટ
વીરડા ગાળીન પછી ભરજો નીરાંતવાં
                મારો ખાલીખમ ઉચાટ.

તમને જોયાં ને પાંચ પગલાંની એક વાર
                હૈયે જડેલ ભાત સાંભરે,
એક વાર છલછલતા હિલ્લોળે પોંખ્યાના
                કંકુ-ચોખાની વાત સાંભરે;
મને પથ્થરના શમણાના સમ, ફરી જાગે રે
                તે દિ'નો ભીનો તલસાટ...

ઝાંઝરના મૂગા રણકાર સમું ગામ
                આમ ટળવળતું ટળવળતું જાય!
ઝાંઝવાંની પરબો રેલાય તો ય વાયરાની
                તરસી વણજાર ના ધરાય!
વાત સૂરજ કે છૂંદણાંની કરતાં જાજો રે,
વાત વાદળ કે કાજળની કરતાં જાજો રે,
                નકર નૈં ખૂટે નોંધારી વાટ...
બેડાં મૂકીન તમે બેસજો ઘડીક
                હું તો સૂના સરોવરનો ઘાટ!

ભલે ઉનાળો / હરિકૃષ્ણ પાઠક

• ઉપજાતિ •

હવે ઉનાળો ચડશે ફુલેકે.

સવાર વ્હેલી પડશે, બીચારો
આ કૂકડો નીંદર બે'ક ઝોકાં
જ્યાં તાણશે ત્યાં કંઈ અંજવાળાં
ત્રાંસાં-નગારાં લઈ મારમારાં
આવી જશે...

બપ્પોરને વ્હોર બનીઠનીને,
છોગાં લગાવી ગુલમોર કેરાં,
રસ્તે બિછાવી તડકાની આણ,
વ્હેલાં સમો માગ કરાવશે ને
ધીમે ડગે આતપનો પ્રતાપ
વેરી જતો, ઘેઘૂર આંખડીમાં
આંજી જશે આળસિયાં બગાસાં

સૌ લોકને ટહાણ કરી કરીને
વંટોળિયા, ક્યાંક અવાજ સૂના,
લૂના ધખારા, જળ ઝાંઝવાંનાં
કૈં કેટલાં સાજન લેઈ સાથે
આ ગામ વચ્ચે ફરશે ફુલેકે!

ઢળી જશે સાંજ, પછી ય મોડે-
લગ રાત પાછી ફરશે નહિ ને
થશે—ભલે ઠાકર-આરતીનો
દીવો થશે; તો પણ કેમ જાણે
સોપો જરી યે પડશે નહિ ને
શેરી, ફળી, ઘેર, બજાર-ઓટે
લંબાવતું લોક રહી રહીને
વખાણશે ફાગ ભરી ફુલેકું!

ભલે ઉનાળો ચડતો ફુલેકે.

પાંપણ હતા / ખામોશ

• ગઝલ •

વરસાદ બારે માસ વરસ્યો તે છતાં,
આ ખાખરાને પાંદડાં બેત્રણ હતાં!

પાલવ ઝટકતાં કેટલા એ રોષથી,
નહિતર અમે તો એમના ફાગણ હતા.

એ કાન પથ્થર-મૌનને પણ સાંભળે,
જે કાન લગ આંખો તણાં આંજણ હતાં.

દર્પણ વગર ક્યાંથી મને જોઈ શકે?
એ આંખડી, જેની અમે પાંપણ હતા!

'નિજ પીઠ દેખાતી નથી' કહેનારને
પૂછી જુઓ કે કેટલાં દર્પણ હતાં?

'ખામોશ'ને સઘળી દિશાનું ભાન છે,
રાતાં જ નહિતર સાંજનાં તોરણ હતાં.

ઠૂંઠું / ધીરુ પરીખ

• લાવણી-કટાવ •

સમી સાંજની વેળા થઈ
કંઈ સિંદૂરિયા ભાગોળ!

ભાગોળે એક ઠૂંઠા પરથી
કલરવની ટોળી જ્યાં
ઊડતી જાય,
અહો, ત્યાં...
ઠૂંઠાની એ રુક્ષ
ડાળ પર વૃક્ષ
લ્હેરતું થાય.
વૃક્ષમાં ડાળેડાળે
માળેમાળા ભરી
ફૂણેરા કલરવ કૈં રેલાય.

પ્રભાતના તડકાની છાલક
તિમિર-મેલાં ધોઈ ધોઈ
પાન ચળકતાં કરતી,
બપ્પોરી વેળાની લૂમાં
મૂક બની ગઈ ઘંટડીઓના
ધણની ઉપર
લીલી ચામર ફરતી.

નમતે પ્હોરે
તોફાની ટોળીના શોરે
ઘટા વૃક્ષની ખડખડ હસતી,
ધીમેધીમે ગોધૂલિનો ગુલાલ વેરી
સમી સાંજની વેળા
આછું શ્યામલ પટકૂળ પ્હેરી
પાંખો બંધ કરીને પાછી
ડાળડાળ પર વસતી...
અતીતની લૂમઝૂમ અને ઘોરઘૂઘટમાં
સાંપ્રતના ઠૂંઠાની ક્ષણો ઊપસતી!

માનવી / દિનુ મહેતા 'પંથી'

• ગઝલ •

થાય છે તરતો ડૂબેલો માનવી,
કાચના કટકે જડેલો માનવી.

જ્યાં તપે ત્યાં ઓગળી પણ જાય છે
મીણનો જોયો બનેલો માનવી.

જો કસું તો કાંઈ પણ દેખાય ના,
હોય છે રસથી રસેલો માનવી.

એક ઉપમા હોય બસ જંગલ તણી,
ચોતરફ જાણે ઊગેલો માનવી.

શોક 'પંથી' શું કરું એનો હવે?
માનવીથી છે હણેલો માનવી!

સ્વસ્થતા

ફાધર વાલેસ

માણસની નજર દોષદર્શી હોય છે. સો પુષ્પોમાં એક કંટક જુએ. સો સદ્‌ગુણોમાં એક અવગુણ કાઢે. બીજાઓનું વર્તન તપાસે ત્યારે બધામાં દોષ જણાય. પોતાના હૃદયમાં જુએ ત્યારે બધે અંધારું દેખાય.

પછી વાતો કરે તે નિરાશાની ને ફરિયાદની. યુવાનોને બગડેલા કહે, અધિકારીઓને સડેલા કહે, ધર્મવાળાઓને ઢોંગી કહે, ધર્મ વિનાનાને નાસ્તિક કહે, અને યુગને કળિયુગ કહે—ને તેનો ખરખરો તેની હાજરીમાં જ કરવા બેસે.

દુનિયામાં ભૂંડું, બૂરું ઘણું છે એની ના નથી. માનવહૃદયમાં ઘણા અંધારા ખૂણાઓ છે એની ના નથી. પણ ફક્ત એ અંધારા ખૂણાઓ ને એ ભૂંડાઈ ને એ બૂરાઈ જોવાની વૃત્તિ તો વિપરીત જ છે. એમાં દુનિયાનો અવિશ્વાસ છે, માણસનો અનાદર છે – અને એ સૃષ્ટિની યોજના ને એ માનવીનું હૃદય ઘડનાર ઈશ્વરનું અપમાન છે. એ દૃષ્ટિ સ્વસ્થ ને નિરામય નથી.

એક સ્ત્રી-ડૉક્ટરની પાસેથી આ પ્રસંગ સાંભળેલો. ડૉક્ટર થયા પછી તે પરણ્યાં હતાં, એટલે બાળસ્વાસ્થ્યનું જ્ઞાન ને તાલીમ એની પાસે હતાં. તેથી એને પહેલું બાળક આવ્યું ત્યારે તેને ઉત્તમ રીતે ઉછેરવા તે તૈયાર થયાં. પોતે ડૉક્ટર હોઈ પોતાના બાળકની સારામાં સારી સંભાળ લઈ શકશે એ વિચારે એ આનંદ ને સંતોષમાં રહેતાં. પણ બાળક આવ્યું ને પોતાના આખા જ્ઞાન સાથે એ ડૉક્ટર-માતા એની સંભાળ લેવા ગયાં ત્યારે એને ફાળ સાથે ભાન થયું કે બાળકો વિષે હું જાણું છું એ તો ફક્ત એમના રોગો વિષે જ જાણું છું! માંદા બાળકની દવા કરતાં મને આવડે છે, ઉત્તમ રીતે આવડે છે, પણ એક તાજા તંદુરસ્ત બાળકની રોજની સંભાળ કેવી રીતે લેવાય તે હું ક્યાંય શીખી નથી. એ માંદું પડે તો જ હું એને કામ આવી શકું. પણ એને હવે સાચવવા મારે શું કરવું?—અને પોતાને ઘેર એક વૃદ્ધ અભણ કામવાળી હતી એની પાસેથી એ સરળ બાળ-ઉછેરના પહેલા પાઠ શીખ્યાં.

આપણી પણ એવી જ ભૂલ છે. આપણે પણ માણસની સંભાળ લેવાની વાત કરીએ, જીવનનો ઉછેર ને ઘડતર કરવાની વાત કરીએ, ધર્મનો ઉપદેશ આપવાની વાત કરીએ ત્યારે માનવીના રોગો જ લઈને બેસીએ છીએ: આજના યુવાનોમાં શી ઘેલછા છે, છોકરાઓમાં શી સ્વચ્છંદિતા છે, સમાજમાં શી ઊણપ છે, નીતિમાં શી શિથિલતા છે વગેરે રોગોની યાદી લઈને બેસીએ, દવાઓની શીશીઓ લઈને બેસીએ, હાથમાં ઇંજેક્શનની સોય લઈને બેસીએ, એટલે માણસો નાસી જાય છે, કારણ કે ઘણાખરાને તો દવાની જરૂર નથી. તંદુરસ્ત યુવાન છે, નીરોગી બાળક છે. એને ખોરાકની જરૂર છે, દવાની નહિ; પ્રોત્સાહનની જરૂર છે, ધમકી ને ભયની નહિ. બધા માણસો દર્દી હોતા નથી; હમેશાં તો નહિ જ.

ધર્મની વાત લઈએ. એ પણ નરવું બાળક ઉછેરવાની વાત છે; માંદા બાળકની દવા કરવાની વાત નથી. ડૉક્ટરનું જ્ઞાન તો સારું છે, એની સલાહ લેવી જોઈએ, અને વખતે એની સેવા પણ માગવી પડે; પણ વિશેષ જરૂર છે માતાની હૂંફ ને સૂઝની. તે વિના બાળક ખીલશે નહિ. ચેતવણી ને નિષેધની વાતો તો કરવી જોઈએ, પણ કદર ને માર્ગદર્શનની વાતો વિશેષ જોઈએ. પાપ ને પ્રાયશ્ચિત્તની વાત યોગ્ય છે, ઉચિત છે; પણ સદાચાર ને ઘડતર, પુણ્ય ને શ્રદ્ધાની વાત વધારે જરૂરી છે. ધર્મ એ રોજનો ખોરાક છે; માંદગીના સમયની દવા નથી; જીવનની હવા છે, રસાયણશાળાનો વાયુ નથી.

માણસ ફક્ત અપરાધ કરે ત્યારે જ ભગવાનને સંભારે તો ભગવાનને કેટલું ખોટું લાગતું હશે! 'મારી પાસે આવ્યો એટલે કાં તો ભીડમાં હશે કે વાંકમાં હશે' એમ એને કહેવું પડે તો એ કેટલા દુ:ખની વાત કહેવાય! ભગવાન એ કોઈ પોલીસ નથી કે જેની પાસે ગુનો જ લઈને જવાય. એ આત્મીય જન છે, સખા છે, પિતા છે; એટલે એની પાસે ખુશાલીની વાતો પણ લઈને જવાય, આનંદની વાતો પણ લઈને જવાય, રોજની ગામૂળી વાતો પણ લઈને જવાય. હા, ખોટું કરીશું ત્યારે જણાવીશું, માફી માગીશું, પ્રાયશ્ચિત્ત કરીશું; પણ સારું કરીશું ત્યારે પણ એની પાસે જઈશું. આપણી ફરજ બજાવીશું ત્યારે પણ એની વાત કરવા ભગવાનની પાસે જઈશું, લોકોની મદદ ને સેવા કરીશું ત્યારે જઈશું, લાલસા ને વાસનાને દબાવીને મનને ઠેકાણે રાખવામાં સફળ થઈશું ત્યારે જઈશું— અને કંઈ ખાસ કહેવાનું નહિ હોય પણ ખાલી ચરણે બેસીને ભક્તિમય સાન્નિધ્યમાં દિલનો આનંદ માણવો હશે ત્યારે યે જઈશું.

દાખલો નહિ આવડે ત્યારે મદદ લેવા એ શિક્ષકની પાસે જઈશું, ને દાખલો આવડશે ત્યારે એની વધામણી ખાવા પણ એની પાસે જઈશું. નાપાસ થઈશું ત્યારે જઈશું અને પાસ થઈશું ત્યારે પણ જઈશું. રોજનો વ્યવહાર છે, ઘડી ઘડીનો સંબંધ છે. જે રોજ સારા સમાચાર લઈને આવે એને જ પ્રસંગ આવ્યે ખરાબ સમાચાર લઈને આવવાનો અધિકાર છે. કોઈ વાર શરમથી નીચું ઘાલીને આવવું પડશે એ આગાહી છે; માટે હસતું મોં લઈને આવી શકાય ત્યારે પણ આવીએ એટલો વિવેક રાખીએ.

કેટલાક લોકો ધર્મમાં કેવળ ઉદાસીનતા ને ગમગીની જુએ છે, કારણ કે પોતે ઉદાસ ને ગમગીન હોય ત્યારે જ તેઓ ધર્મનો વિચાર કરે છે. ધર્મને અપ્રિય વિષય ગણે છે, કારણ કે પોતે કોઈ અપ્રિય કાર્ય કર્યું હોય ત્યારે જ ધર્મનું સ્મરણ થાય છે. 'જેનો ભંગ થાય ત્યારે જ જે યાદ આવે તે ધર્મ' એમ કોઈએ કટાક્ષમાં કહેલું. એ ન્યાયે 'જેનો અપરાધ થાય ત્યારે જ જે સાંભરી આવે તે ભગવાન' એમ કહેવું પડે. પણ એ કેવો ભારે અન્યાય કહેવાય! જે અખંડ રહે ત્યારે દિલને અખંડ સંતોષ ને દિવ્ય આનંદ આપતો રહે એ ધર્મ, અને જેના નિત્ય સાન્નિધ્યથી માણસનું જીવન ધન્ય બને એ ભગવાન—એ જ ખરી વ્યાખ્યાઓ છે.

ધર્મ એ આનંદનો વિષય છે, ચિંતાનો કે શોકનો નહિ. ભગવાન એ પ્રેમની મૂર્તિ છે, જુલમની કે ભયની નહિ. નિયમો ખરા, ને બંધનો ખરાં, ને ચેતવણી ખરી; પણ એ તો એ આનંદ વધારે ટકે ને વધારે ઊંડો ને સાચો થાય એટલા માટે જ છે. પાણી ભરાય એ માટે બાંધેલી પાળ છે; હૃદય ઊભરાય એ માટે [illegible] કોરેલી મર્યાદા છે. પણ ધર્મનો સાચો હેતુ ને ફળ હૃદયનો આનંદ છે. ઈશ્વરનું સાચું સ્વરૂપ પરમાનંદનું છે. અને ધર્મ ને ભગવાન આનંદસ્વરૂપ હોઈ તેની શોધ ને સાધના પણ આનંદની જ સાધના છે.

ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના ગ્રીષ્મ વ્યાયામ વર્ગો અને મહિલાઓ માટે ગ્રીષ્મ તાલીમ શિબિર

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ મંડળ તરફથી મધ્યસ્થ ગ્રીષ્મ વ્યાયામ વર્ગ તા. ૧૧ થી ૩૧ મે સુધી રાજપીપળામાં શ્રી પુરાણી વ્યાયામ મહાવિદ્યાલયના પટાંગણમાં યોજાનાર છે. જેમાં ગુજરાતભરમાંથી ૧૩ કે તેથી મોટી ઉંમરનાં ભાઇબહેનો દાખલ થઈ શકશે. સંરક્ષણ, નાગરિક શિસ્ત ને વ્યાયામની તાલીમ આપનાર આ વર્ગો ખૂબ ઉપયોગી નીવડ્યા છે. વળી હરિ:ૐ આશ્રમની પ્રેરણાથી સ્ત્રીઓના શારીરિક, માનસિક અને નૈતિક વિકાસના હેતુથી કાર્ય કરતી સંસ્થા 'મહાજન શક્તિદળ'ના આશ્રયે મહિલા તાલીમ શિબિર પણ એ જ સ્થળે યોજાનાર છે. જેમાં પી.ટી., પરેડ, રાઇફલ શૂટિંગ ઉપરાંત વિવિધ રમતગમતો, આસન, નમસ્કાર જેવા સ્વાસ્થ્ય-વ્યાયામ પ્રકારો તથા સ્કાઉટિંગ, હોમ નર્સિંગ, સાઈકલિંગ, તરવું વગેરેની તાલીમ આપવામાં આવશે. પ્રવેશપત્ર તથા માહિતી માટે મંત્રી, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા વાયા અંકલેશ્વર જિ. ભરૂચનો સંપર્ક સાધવો.


વહાણકથા-૨૮

સઢ પ્રત્યેના પક્ષપાતછતાં વહાણવટામાં હવે વરાળયંત્રોનો પગદંડો જામતો જતો હતો. આ દરમિયાન એક બીજો ક્રાંતિકારી વિચાર પણ અમલમાં આવતો થયો. નદીઓમાં ચાલતા બજરા આમ તો ઈ. ૧૮૦૫થી લાકડાને બદલે લોખંડના બનાવા લાગ્યા હતા. ઈ. ૧૮૧૩થી વરાળશક્તિ સાથે ફરી લોખંડે લોકોનું લક્ષ ખેંચ્યું. આ સમય દરમિયાન કોલસાની ખાણો અને લોખંડની બનાવટોની પ્રગતિ વહાણવટા માટે પણ ક્રાંતિકારી પુરવાર થઈ. ઈ. ૧૮૨૩માં 'આરૉન મૅન્બી' નામે એક લોખંડી બદનવાળી સ્ટીમબોટ બની, જેનું કપ્તાનપદ કૅપ્ટન નેપીઅરને સોંપાયું હતું. આ કૅપ્ટન નેપીઅર આગળ જતાં સર ચાર્લ્સ નેપીઅરને નામે વિખ્યાતી પામેલો, જેણે હિંદુસ્તાનમાં બ્રિટિશોને સિંધપ્રાંત જીતી આપ્યો હતો.

ઈ. ૧૮૧૬માં વરાળયંત્ર વડે ચાલતા એક નાનકડા ૭૦ ટન વજનના વહાણે પહેલી વાર ઇંગ્લિશ ખાડી પાર કરી. માત્ર ૮૩ ફૂટ લાંબા 'એલ્સી' નામના એ વહાણને આ સફર પાર કરતાં અઢાર કલાક લાગેલા અને આરંભમાં તો દરિયો પણ શાંત હતો છતાં વિજયથી એણે હાવ્રેના બારામાં પ્રવેશ કર્યો અને ત્યાંથી આગળ સેન નદીમાં સફર ફરી એલ્સી પારિ(સ) સુધી પહોંચેલું જ્યાં એનું ઉમળકાથી સ્વાગત થયું હતું.



વરાળયંત્ર વડે પૅડલ-ચક્રો ચલાવીને હોડીને ગતિ આપવાના પ્રયોગો ચાલતા થયા ત્યાર પહેલાં છેક ઈ. ૧૭૨૯માં 'સ્ક્રૂ પ્રોપલ્ઝન'નો—પંખા વડે પાણી કાપીને ગતિ મેળવવાનો ખયાલ થયો હતો, પણ ૧૭૯૪ સુધી એની અજમાએશ થએલી નહિ. અંતે વિલિયમ લિટલ્ટને એનું પેટંટ લઈ લંડનમાં એનો પ્રયોગ કર્યો, જેમાં તે પંખા વડે કલાકે બે માઈલ જેટલી ગતિ સાધી શકેલો. ઈ. ૧૮૦૦માં ઍડવર્ડ શૉર્ટરે બે પાંખિયાંનો પંખો બનાવ્યો, જે હોડી સાથે લટકતો જોડેલો હતો, ને તેને પાણીની સપાટીને સમાંતર રાખવા એને છેડે બોયું લગાડ્યું હતું. આના વડે શાંત પાણીમાં માત્ર દોઢેક માઈલની જ ગતિ મળી શકી. એક અમેરિકન કર્નલ જૉહાન સ્ટિવન્સે ઈ. ૧૮૦૪માં બેવડા પંખાવાળી-હોડી ન્યૂ યૉર્કના બારામાં ચલાવી હતી, પણ છેક ઈ. ૧૮૩૭ સુધી પંખાના લાભનો સ્વીકાર થયો નહોતો.



દિન તો જાણે રણની રેતી, રાતના જેમ ચાંદની મીઠી,
ચેતરની આવી બેવડી કાયા, ક્યારેક તાપ ને ક્યારેક છાયા.
ફાગણ કેરી નાર નવોઢા ચૈત્રે બની જાય ચતુરા,
દિવસ કરે રોષ, જે રાતે હેતનાં પીણાં પાય મધુરાં.
કોઈની અલકલટ શો અનિલ ચેતરમાં અવધૂતની જટા,
એક શરદની વાદળી તરલ હોય બીજી આષાઢની ઘટા.
એક બાજુ ફાગણની ફોરમ, એક બાજુ વૈશાખની વ્યથા,
વચમાં ચાલ્યો જાય રે ચેતર, એ જ રે જાણે જીવનકથા!

—ભગવતીકુમાર હ. શર્મા

સામ્યવાદના સર્જક લેનિનની જન્મશતાબ્દી

આજે તો લેનિનનું નામ જગતભરમાં જાણીતું છે. ઝાર ઍલેક્ઝાંડર ત્રીજાની અંધેર રાજસત્તામાંથી રશિયાને મુક્ત કરી ત્યાં સામ્યવાદી લોકરાજ્ય સ્થાપનાર અને સમસ્ત પ્રજાવર્ગને એક જ જીવનધોરણ પર મૂકનારી એક અનન્ય પ્રબળ રાજકીય ફિલસૂફીને અમલમાં આણનાર, આજના રશિયાના એ અગ્રણી ભાગ્યવિધાતા હતા. આ માસમાં એની જન્મશતાબ્દી આવે છે.

વ્લાડિમીર ઈલીચ ઉલ્યાનૉવ એ એમનું અસલ નામ. ઈ. ૧૮૭૦ની ૨૨ એપ્રિલે વૉલ્ગાને તીરે સિમ્બિર્સ્ક (આજનું ઉલ્યાનોવસ્ક) ગામે ઈલ્યા નિકોલેયેવિચ ઉલ્યાનોવ નામના શાળાના એક ઈન્સ્પેક્ટરને ત્યાં એમનો જન્મ થએલો. માતા મારિયા ઍલેક્ઝાન્ડ્રોવના પણ શિક્ષિત અને સંસ્કારી હોવા સાથે અનેક વિદેશી ભાષાઓની જાણકાર હતી. કુટુંબમાં છ સંતાનો—આન્ના, ઍલેક્ઝાંડર, વ્લાડિમીર (લેનિન), ઑલ્ગા, દમિત્રી અને મારિયામાં. નાના વ્લાડિમીર પર મોટાભાઈ ઍલેક્ઝાંડરનો ઘણો પ્રભાવ હતો. ઍલેક્ઝાંડર ભણવામાં ઘણો તેજસ્વી હોઈ આશાસ્પદ વિજ્ઞાની મનાતો, પણ એથી યે વધુ એને ઝારના અંધેર રાજવહીવટને દૂર કરવામાં વધુ રસ હતો. વ્લાડિમીરને માર્ક્સવાદી સાહિત્ય વાંચવાની પ્રેરણા એણે જ આપેલી.

ઈ. ૧૮૮૬માં પિતાનું અવસાન થયું અને એનું દુઃખ શમે ત્યાં બીજે જ વર્ષે ઝારનું ખૂન કરવાના કાવતરામાં ભળવા બદલ ઍલેક્ઝાંડરને સ્લિસિલબર્ગના કિલ્લામાં દેહાંતદંડની સજા થઈ. ઝાર સામેના વ્લાડિમીરના પ્રકોપને એથી આગ ચંપાઈ, પણ ઝાર કે એના ઉચ્ચ અમલદારોને મારવા કરતાં એની સામે લોકમત કેળવવામાં વ્લાડિમીરને વધુ શ્રદ્ધા હોઈ એમણે એ માર્ગે જવા માર્ક્સવાદનો ઊંડો અભ્યાસ આદર્યો. છતાં પોતાના શાળાભ્યાસ પર એની અસર પડવા દીધી નહિ, અને ૧૮૮૭માં સુવર્ણચંદ્રક સાથે પરીક્ષા પસાર કરીને પછી કાયદાના અભ્યાસ માટે કાઝાના યુનિવર્સિટીમાં દાખલ થયા. ત્યાં કેટલાક ચળવળિયા વિદ્યાર્થીઓ સાથે ભળવા બદલ વિદ્યાપીઠમાંથી એમને રૂખસદ મળી. સાઇબિરીયામાં એક વર્ષની હદપારી પણ ભોગવી, અને બે વર્ષ સામારા (આજના ક્યુઇબિશેવ)માં આપમેળે કાયદાનો અભ્યાસ કરવા ઉપરાંત ક્રાંતિકારી ચળવળો અંગે ઘણું વિચાર્યું. અહીં જ એમના માર્ક્સવાદી અને સામ્યવાદી વિચારોનું આખરી ઘડતર થયું. વિદ્યાપીઠમાં દાખલ થઈ આગળ ભણવાની તો શક્યતા હવે નહોતી રહી, પણ એમણે ચારવર્ષનો ત્યાંનો અભ્યાસક્રમ દોઢેક વર્ષમાં જ પૂરો કરી બહારથી પરીક્ષા આપીને પ્રથમ વર્ગ મેળવીને પાસ થઇને ૧૮૯૨થી વકાલત આરંભી. પણ એમનું વલણ માર્ક્સવાદ અંગેના પોતાના નિજી ખયાલોને અમલી બનાવવા તરફ





મથાળે: લેનિન ચાર વર્ષની વયે, અને ઈ. ૧૮૮૭માં કૉલેજ કાળની આખરે; વચ્ચે: ઉલ્યાનૉવ પરિવાર જેમાં જમણી બાજુ બેઠેલો બાળપણનો લેનિન-વ્લાડીમીર ઇલિચ ઉલ્યાનૉવ; નીચે: લેનિન અને કુપ્સ્કાયા (પાછળથી તેની પત્ની) મે ઈ. ૧૯૧૯માં

વધુ ઢળતું હોઈ વકાલત છોડી દઇને એને જ પોતાના જીવનકાર્ય તરીકે અપનાવી લીધું ને એ માટે પાટનગર પીટર્સબર્ગ જઇને રહ્યા. અહીં માર્ક્સવાદની સરળ સમજણ આપવા એમણે ચોપાનિયાં પ્રકટ કરવા માંડચાં. ૧૮૯૫માં એક મજૂર સંઘ પણ સ્થાપ્યો, જે ગેરકાયદે હોઈ એમની ધરપકડ કરીને એક વર્ષની કેદ અને ત્રણ વર્ષની હદપારીની સજા કરાઈ ને પૂર્વ સાઇબીરિયાને છેડે એક ગામમાં એમને મોકલી દેવાયા. એમની બધી ચળવળોમાં નિષ્ઠાથી સક્રિય સાથ આપનાર અને એમનાં ગાઢ મિત્ર કુ. નાઝડેઝા કુપ્સ્કાયાને પણ એમની સાથે સરખીજ સજા ભોગવવી પડેલી. આગળ જતાં એ બંનેએ લગ્ન કરી લીધાં.



લેનિનની જન્મશતાબ્દી નિમિત્તે ભારતે બહાર પાડેલી ખાસ ટપાલટિકિટ

હદપારી દરમિયાન પણ લેનિને માર્ક્સવાદનો વધુ ઊંડો અભ્યાસ, સંશોધન અને એનું સરળ ભાષામાં આલેખન કરવાનું કાર્ય જારી રાખ્યું અને રશિયામાં ક્રાંતિકારી પક્ષ સ્થાપવાની યોજના ઘડી રાખી. ઝારના શાસનમાં ખુલ્લી રીતે તો એ શક્ય નહોતું, એટલે ઈ. ૧૯૦૦માં સ્વિટ્ઝર્લૅન્ડ જઈ ત્યાંથી 'ઈસ્કા' (ચિનગારી) નામે એક અખબાર પ્રકટ કરી તેના દ્વારા એમણે ક્રાંતિના વિચારો પ્રસારવા માંડયા. રશિયામાં ઈ. ૧૯૦૩માં ભરાએલા સોશિયલ ડેમૉક્રેટિક પાર્ટીના બીજા અધિવેશનની તૈયારીમાં 'ઈસ્કા'નો ઘણો ફાળો હતો. એ અધિવેશનમાં એમના પક્ષને બહુમતી સાંપડી ને એ સૌ 'બોલ્શેવિક' તરીકે ઓળખવા લાગ્યા. ૧૯૦૫માં રશિયામાં એક નાની ક્રાંતિ થઈ પણ તેમાં સફળતા ન મળતાં લેનિને ફરી દેશવટો લીધો અને ક્રાંતિની ચળવળોને દોરવણી આપવા સાથે માર્ક્સવાદનું વિશ્લેષણ કરતાં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં.

ઈ. ૧૯૧૭માં પહેલા વિશ્વયુદ્ધના આખરી તબક્કાઓના સમયમાં રશિયામાં લોકોએ ક્રાંતિ કરી, ઝારનું પતન થયું અને વર્ષોના દેશવટા પછી લેનિને માતૃભૂમિમાં ફરી પગ મૂકયો. (એના રસમય બયાન માટે જુઓ 'કુમાર' અંક ૫૨૧માં 'શકવર્તી સફર'.) પણ દરમિયાન રચાએલી કામચલાઉ સરકારને લેનિનની ઉગ્ર ક્રાંતિમાં હજી પૂરેપૂરી શ્રદ્ધા નહોતી, એટલે તેને ગિરફ્તાર કરવાના પ્રયાસો થયા; આથી લેનિને ફરી ભૂગર્ભવાસમાં ચાલી જઈ પક્ષને અને રશિયાના શ્રમજીવી વર્ગને લડતની દોરવણી આપવા માંડી. (ઑક્ટોબરમાં લેનિનની સીધી દોરવણી તળે ફરી પરિણામલક્ષી ક્રાંતિ થઈ) અને લેનિને બોલ્શેવિક પદ્ધતિના લોકરાજ્યની સ્થાપના કરી. તરત 'કાઉન્સિલ ઑાવ પીપલ્સ કમિસાર'ની રચના કરવામાં આવી, જેના પ્રથમ વડા તરીકે લેનિનની ચૂંટણી થઈ.

આ પછી જગતના ઇતિહાસમાં અનન્ય એવા એ નવા સ્થપાએલા 'સોવિયેત પ્રજાસત્તાક'ને સફળ કરવા માટે તેના એક એક ક્ષેત્રને સંગીન બનાવવા પાછળ લેનિને પોતાની કુશાગ્ર બુદ્ધિ અને વહીવટી કાર્યદક્ષતાની તમામ તાકાતને કામે લગાડીને અથાક પરિશ્રમ ખેડી નૂતન રશિયાનું ઘડતર કરવા માંડયું. આરંભમાં બેએક વર્ષો તો કેટલીક પરદેશી રાજસત્તાઓએ અને સ્વદેશમાં પણ કેટલાકે એનો વિરોધ કર્યો, પરંતુ કૃતનિશ્ચય લેનિનની શ્રદ્ધા અચળ રહી. દેશઆખાનું વિદ્યુતીકરણ, યાંત્રીકરણ, સામુદાયિક ખેતી વગેરે દ્વારા રશિયામાં એણે નવા જ પલટા આણ્યા અને જગતની આજની મહાસત્તા રશિયાના ઊંડા પાયા નાંખ્યા. પરંતુ આ બધાં પાછળ એણે જે જહેમત લીધી તેના અતિશ્રમથી તેની તબિયત ભાંગી પડી ને ઈ. ૧૯૨૪ની ૨૧મી જાન્યુઆરીએ તેનું અવસાન થયું.

સ્વ. 'ભાઈકાકા'

ગુજરાતની સર્વાંગી અસ્મિતાના પ્રખર પુરસ્કર્તા અને 'ભાઈકાકા'ના હુલામણા નામે ખ્યાત શ્રી ભાઈલાલભાઈ દ્વાભાઈ પટેલ એકભગીરથ પુરુષ હતા. અપ્રતિમ પુરુષાર્થ અને વિરલ પ્રતિભા વડે જીવનના આઠ દાયકા ભરીને, શું અભ્યાસ કે શું એન્જિનીઅરિંગ, શું સમાજ નિર્માણ કે શું રાજકારણ, સર્વ ક્ષેત્રોમાં માગ મુકાવતામુકાવતા છેવટે એમણે વલ્લભવિદ્યાનગરનું જે સર્જન કર્યું એ તો આ સમસ્ત દેશનું એક ઉજ્જ્વલ અને અદ્વિતીય ઉદાહરણ છે. ગઈ તા. ૨૮મી માર્ચે થએલા એમના અવસાનથી આથમતી સમર્થ પેઢીનો એક તેજસ્વી તારકઅસ્ત થયો છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નહિ ગણાય.



ભાઈકાકા—સ્કેચ : ર. મ. રા.
જેના પર એમની સહી છે.

એમનો જન્મ ઈ. ૧૮૮૮ની ૬ઠ્ઠી જૂને સારસા(ખેડા)માં મોસાળમાં થએલો. સોજિત્રામાં પ્રાથમિક શિક્ષણ લઈ વડોદરા ભણવા ગયા, એવામાં પિતાનું અવસાન થતાં કુટુંબપ્રત્યેની ફરજથી પ્રેરાઈ ને ભણતર છોડી રેલવેની નોકરી માટેની પ્રાથમિક પરીક્ષા પાસ કરી. પણ નોકરી મળતાં વરસેક વીત્યું તે દરમિયાન પાંચમા (આજના નવમા) ધોરણમાં પહેલે નંબરે પાસ થતાં મોટા ભાઇએ ભણતર જારી રાખવા સમજાવ્યા ને એમણે બેએક માસના ટૂંકા ગાળામાં તૈયારી કરી સીધી જ મૅટ્રિકની પરીક્ષા આપી પાસ કરી. ઈ. ૧૯૧૧માં તેઓ પૂનાની એન્જિનીઅરિંગ કૉલેજમાંથી એલ. સી. ઈ. થયા ને વડોદરા રાજ્યની નોકરી લઈ મહેસાણામાં એક્ઝિક્યુટિવ એન્જિનીઅરના મદદનીશ તરીકે કારકિર્દીનો આરંભ કર્યો. ત્યાં એમણે પોતાની શક્તિનો ઉજ્જ્વલ પરચો બતાવ્યો.

ઈ. ૧૯૨૩માં દુનિયાની એ સમયની મોટામાં મોટી જાહેર યોજના સિંધના 'સક્કર બરાજ'માં એમની ઇજનેર તરીકે નિમણૂક થઈ. ત્યાં ધર્મચુસ્ત મુસ્લિમો સાથેના વારંવારના વિવાદના કુશળતાથી ઉકેલ લાવતા જઇને ૩૫૦ માઈલ લાંબી એ નહેરનું કપરું કામ એમણે અંદાજ કરતાં પણ ઓછા ખર્ચમાં સફળતાથી પાર પાડી બતાવ્યું. ૧૯૨૯માં ગિલગિટ (કાશ્મીર) આગળ સાચેક બંધ તૂટતાં સિંધમાં પૂર આવ્યું ત્યારે પણ સમયસૂચક ઇજનેરી કૌશલ દાખવીને એમણે લારખાનાને એની હોનારતમાંથી બચાવી લીધેલું. (આ લારખાનાની નજીકમાં જ મોહેં-જો-ડેરોના જગવિખ્યાત અવશેષો છે.) એમની આ કામગીરી દરમિયાન એમનાં પત્ની ગંગાબાનું અવસાન થયું, પણ ફરજ પ્રત્યેની નિષ્ઠા દાખવી એમણે એ ઘા જીરવી લીધો. એમની કામગીરીની કદર રૂપે સરકાર એમને ખાસ ૧૭૦૦ રૂપિયાનો પગાર બાંધી આપવાનું વિચારી રહી હતી અને અફઘાન સરકાર એમને સલાહકાર તરીકે આમંત્રી રહી હતી ત્યારે એ બંને તકો જતી કરીને એમણે માતૃભૂમિની સેવા માટે આવેલા સરદાર પટેલના આમંત્રણને માન આપી અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચીફ એન્જિનીઅરનું પદ સ્વીકાર્યું. અમદાવાદનો ગાંધી પુલ, રિલીફ રોડ, કાંકરિયા વિસ્તારનો વિકાસ, કોટની રાંગ પાડી ત્યાં સ્વચ્છ વસવાટોની ભૂમિકા, અને શહેરવિકાસનાં એવાં ઘણાંઘણાં નોંધપાત્ર કામ એમના જ હાથે થયાં. ૧૯૪૨ની સ્વાતંત્ર્ય ચળવળ વખતે તેમણે એ પદનું રાજીનામું આપી ગ્રામોદ્ધાર કાર્યમાં સેવા આપવા માંડી અને લોકપક્ષ તથા ખેડૂતપક્ષ સ્થાપી તેનું નેતૃત્વ કર્યું. ઈ. ૧૯૫૯માં સ્વતંત્ર પક્ષની સ્થાપનામાં એમણે અગ્ર ભાગ લીધો અને ગુજરાતમાં એ પક્ષના પ્રમુખ બન્યા. ડૉ. જીવરાજ મહેતા, શ્રી બળવંતરાય મહેતા અને શ્રી હિતેન્દ્ર દેસાઈ એમ ગુજરાતની ત્રણે સરકાર સામે એમણે એક મુખ્ય વિરોધ પક્ષનું નેતૃત્વ કરેલું. પણ સ્વભાવે આકરા અને ઉગ્ર છતાં નિખાલસ અને નિર્દંશ, ઉદાર ને વત્સલ હોઈ સહુ સાથેનો તેમનો વ્યવહાર હમેશાં સમાન ને ભદ્ર રહ્યો હતો.

અવારનવાર તેઓ વિવિધ વિષયો પર લેખો લખતા જે એમની બહુમુખી પ્રતિભાનાં દ્યોતક છે. એમની સર્જક પ્રતિભાનો પૂરતો લાભ ગુજરાત લઈ શક્યું નહિ તેનું એમને સદા દુઃખ રહ્યા કરતું. 'સક્કર બરાજમાં મારાં આઠ વર્ષ', 'મહી કૅનાલ', 'સ્વપ્નસિદ્ધિને પંથે' અને 'ગામડાંનું વાસ્તવદર્શન' વગેરે એમનાં અભ્યસનીય પુસ્તકો છે. બ્રિજ, શતરંજ, ટેનિસ અને તરવા તથા ઘોડેસવારીના શોખીન ભાઈકાકાએ જીવનભર દેશહિતના કાર્યમાં રત રહી પુરુષાર્થનું જે ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે એ સદા સર્વથા અનુકરણીય ને પ્રેરક રહેશે.

નાગપુર નજીક મળી આવેલો પ્રાચીન બૌદ્ધ સ્તૂપ

નાગપુર નજીક પૌની પાસે વધુ એક ભવ્ય પ્રાચીન બૌદ્ધ સ્તૂપ મળી આવ્યો છે. પુરાતત્ત્વ ખાતા અને નાગપુર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ગયા વર્ષે આ સ્થળે પ્રથમ ખોદકામનો આરંભ થયો ત્યારે પણ પ્રદક્ષિણાપથ સહિતનો એક વિશાળ સ્તૂપ મળ્યો હતો. આ શોધખોળ દરમ્યાન જાણવા મળ્યું કે આ સ્થળે બૌદ્ધ ધર્મના થેરવાદ પંથનું એક કેન્દ્ર હશે અને અહીંથી વધુ દક્ષિણના પ્રદેશમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો થયો હશે.

આ વર્ષે પૌનીની દક્ષિણે ચંદકપુર ખાતે એક પ્રાચીન ટીંબાનું અને વાયવ્યે 'હરદોલા'ની ટેકરીના નામે ઓળખાતી એક ટેકરીનું ખોદકામ કરવામાં આવ્યું, જેમાં પ્રાચીન બુદ્ધ સમયમાં થએલી પૌનીની પ્રખ્યાતિમાં ઉમેરો કરતો આ ભવ્ય સ્તૂપ (જુઓ નીચે) મળી આવ્યો છે. 'હરમિકા' અને 'છત્રાવલિ'-સ્તૂપનો શિરોભાગ મળ્યો નથી. સ્તૂપની મધ્યમાં



કાંઠે આછા કાળા રંગના ચીતરામણવાળો લાલ માટીનો એક કુંભ મળી આવ્યો છે, જેમાં થોડાં અસ્થિ પણ છે. ભારતમાં કોઈ સ્તૂપમાંથી આવો અસ્થિઅવશેષોવાળો કુંભ મળ્યો હોવાનું જાણમાં નથી.

કાળક્રમે અને ખાસ કરીને નજીકના ઝરણામાં પૂર આવવાને કારણે, સ્તૂપની ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ બાજુને નુકસાન થએલું જણાય છે અને એ પછી સ્તૂપની આજુબાજુ પાકી ઈંટોનો ઢોળાવ કરી લેવામાં આવ્યો હશે એમ લાગે છે. આ ઢોળાવ પછી પ્રદક્ષિણાપથ આવે છે.

સ્તૂપનો એકંદરે વ્યાસ ૬૩·૩૬ મીટરનો છે અને તેથી એ સમયના ભારહુત કે સાંચીના સ્તૂપ કરતાં પણ આ સ્તૂપ મોટો ગણી શકાય. અંદાજ છે કે ઈ. સ. પૂર્વેની બીજી સદીથી આ ઈ. સ.ના આરંભ વચ્ચેના સમયનો તે હશે.

મેઘાલય—એક વધુ નવું રાજ્ય

છેક બ્રિટિશોના સમયથી આસામના કેટલાક પહાડી જિલ્લાઓ સ્વાયત્ત સત્તા ભોગવતા હતા. નાનકડા ખાસીના રાજા તિરતસિંગે અને જૈન્તિયાના રાજા નોમધાહે એ માટે લડતો પણ ચલાવેલી. ઉત્તર કાચાર અને મિઝો જિલ્લામાં પણ આસામ ગવર્નરનું પૂરું વર્ચસ્વ ન હોતું. સ્વાતંત્ર્ય પછી યે આ પહાડી જિલ્લાઓને વિશાળ સત્તા સાથે સ્વતંત્ર કાઉન્સિલો અપાઈ હતી, તેમ છતાં અવારનવાર તંગદિલી પ્રવર્તતી રહેતી જેમાંથી નાગાલૅન્ડનું અલગ રાજ્ય રચાયું અને એના અનુસંધાનમાં મિઝોનાં તોફાનો જાણીતાં છે.



આ તંગદિલી ટાળવા ઈ. ૧૯૬૩માં 'નેહરુ પ્લાન', ૧૯૬૬માં 'પાટસ્કર પંચ', ૧૯૬૭માં પ્રાદેશિક સમવાયતંત્રની ભલામણો અને 'અશોક મહેતા સમિતિ' વગેરે દ્વારા ઉકેલ લાવવાના પ્રયત્નો થતા રહ્યા. છેવટે બંધારણમાં બાવીસમો સુધારો કરી સીમાડાની જાતિઓને સ્વાયત્ત શાસન આપવાની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી અને ગયા ડિસેમ્બરમાં 'આસામ પુનર્રચના ધારો' ઘડાયો. તેમાં અપાએલા વિકલ્પ પ્રમાણે મિકિર અને ઉત્તર કાચારે તો આસામ સાથે જ રહેવાનો નિર્ણય કર્યો, જ્યારે સંયુક્ત ખાસી, જૈન્તિયા ને ગારો જિલ્લાએ સ્વાત્તય સત્તાની તરફેણ જારી રાખી, જેને પરિણામે આ એપ્રિલની બીજી તારીખે 'મેઘાલય' નામે એક નવા રાજ્યની રચના થઈ.

દક્ષિણ અને પશ્ચિમે પૂર્વ પાકિસ્તાન, પૂર્વમાં ઉત્તર કાચાર ને મિકિર પહાડીઓ, તથા ઉત્તરે ગોલપારા અને કામરૂપ જિલ્લાઓવાળું મેઘાલય ૮૫૦૦ ચો. માઈલનો વિસ્તાર ધરાવે છે. એની વસતિ ૧૯૬૧ની ગણતરી પ્રમાણે ૭,૬૯,૩૮૦ની હતી, પણ હાલ લગભગ ૯ લાખની ગણાય છે. આ રીતે એ નાગાલૅન્ડ કરતાં મોટું રાજ્ય છે.

મેઘાલયની પ્રજામાં ખાસી, જૈન્તિયા ને ગારો જાતિ મુખ્ય છે. ખાસી મૉંગોલિયન જાતિમાંથી ઊતરી આવેલા, ચીબાં નાક પહોળી આંખો ને ઊપસેલા ગાલવાળા, ઠીંગણા, મૈત્રીભર્યા, આનંદી ને પરિશ્રમી. એમાંની જોવાઈ ગામની એક જાતમાં વારસો કુટુંબમાં સૌથી નાની પુત્રીને મળે છે જ્યારે વર્ચસ્વ સૌથી મોટા મામાનું રહે છે. આ જોવાઈ અને સિલ્હટને જોડતા માર્ગ પર એક રૂપીનાથ મહાદેવનું હિંદુ મંદિર છે, જ્યાં દર મહાશિવરાત્રીએ મેળો ભરાય છે. જૈન્તિયા પણ સ્વભાવે આનંદી અને મહેનતુ છે. ગારો મૂળ બ્રહ્મપુત્રાના પટ-પ્રદેશની જાતિ મનાય છે, જે સ્થળાંતર કરતી છેક ત્રિપુરા સુધી ફેલાઈ ગઈ છે. તેઓ પોતે તિબેટમાંથી આવી કુચબિહારમાં સ્થાયી થઇને પ્રસર્યાનું માને છે. પણ આ ત્રણે (અને આસામની બીજી પહાડી જાતિઓ પણ) ઉદ્યમી અને આનંદી છે. એ સૌનું સંગીત, રમતો, ઉત્સવો રસમોરિવાજ વગેરે અલગ અલગ છે. એમના મેળા અને ઉત્સવો તથા નૃત્યો વિવિધ અને રંગભર્યાં છે.

નામ પ્રમાણે મેઘાલય ઉપર વર્ષાની ઘણી મહેર છે. (ભારતભરમાં સૌથી વધુ વરસાદવાળું સ્થળ ચેરાપુંજી આ રાજ્યમાં જ છે.) આથી જંગલ અને જંગલની સારી પેદાશ હોવા ઉપરાંત કોલસા, ચૂનાના થર, શુદ્ધ સિલિમેનાઇટ, ફાયર ક્લે અને સેરામિક તથા અન્ય પ્રકારની માટી અહીં મોટા પ્રમાણમાં છે. બટાટા ને નારંગીની સારી નિકાસ થાય છે. ઉદ્યોગો નહિવત્ અને સંદેશાવ્યવહારની સવલત પણ ઓછી, છતાં પ્રજા પરિશ્રમી, ૨૯ ટકા ભણેલી ને ૫૦૦૦ માણસો અંગ્રેજીના પણ જાણકાર હોઈ આસામનો આ સૌથી વધુ વિકસિત વિસ્તાર ગણાય છે. સ્વાયત્ત શાસનમાં એ વધુ પ્રગતિ સાધી શકશે એમ માનવું વધુ પડતું નહિ ગણાય.

મેઘાલયની રાજધાની તો, આસામની રાજધાની શિલોંગમાં જ રહેશે. બંધારણે રાજ્યોને આપેલા ૬૫માંથી ૬૧ અધિકારો મેઘાલયને મળ્યા છે, જ્યારે રાજકીય ધોરી માર્ગો, મોટા ઉદ્યોગો, વીજળી અને સિંચાઈની મોટી યોજનાઓ વગેરે ચોક્કસ પ્રકારના વિષયો આસામ સરકારને હસ્તક રહેશે. આસામની વિધાનસભામાં મેઘાલયના પ્રતિનિધિઓ પણ રહેશે. કાયદો અને વ્યવસ્થાની બાબતમાં એક ઉચ્ચ સમિતિ જે નિર્ણય આપશે તે મુજબ અંતિમ નિર્ણય લેવાશે. રાજ્યપાલ, હાઇકોર્ટ અને પબ્લિક સર્વિસ કમિશન પણ સહિયારાં. બહુમતી પક્ષના પ્રમુખ કૅપ્ટન વિલિયમસન સંગમા રાજ્યના મુખ્યમંત્રી બન્યા છે.


૫૧ વર્ષના કૅપ્ટન સંગમાએ ઢાકા અને શ્રીરામપુરમાં અભ્યાસ કરેલો. યુદ્ધ દરમિયાન આસામ-બર્મા સરહદ પર લડેલા. યુદ્ધ પછી રાજકારણમાં પડ્યા અને નૅશનલ ગારો કાઉન્સિલ સ્થાપી. ગ્રામવિકાસ અધિકારી તરીકે પણ એમણે સેવા આપી. ૧૯૫૦માં આસામ ધારાસભામાં ગયા; '૫૮માં કૅબિનેટ પ્રધાન બન્યા, પરંતુ ભાષાના પ્રશ્ન પર રાજીનામું આપેલું. '૬૧માં 'ઑલપાર્ટી હિલ પીપલ્સ લીગ' સ્થાપી ને '૬૮માં સીધાં પગલાંની અહિંસક લડત ચલાવી જેના પરિણામે મેઘાલય રચાયું. ટેનિસ અને ચિત્રકળાના શોખિન, તેઓ પહાડી જાતિઓના લાડીલા નેતા છે.

હવે પછીનો અંક ૨૦મી એપ્રિલે પ્રસિદ્ધ થશે.

દારાનું દુર્દૈવ

શિવપ્રસાદ જોષી

ઇતિહાસ ક્રૂર શિક્ષક છે અને તેની તટસ્થતા દિલ નિચોવનારી હદે બેરહમ થઈ શકે છે. કરોડો વર્ષોની મહાકાળની ગતિમાં માત્ર ઇતિહાસ જ અજરઅમર રહી શકે છે. માનવીએ રચેલાં રાજ્યો-મહારાજ્યો આકાશે ખરી પડતા તારાની જેમ નિમિષમાત્રમાં ભૂતકાળની ગર્તામાં વિલીન થઈ ચૂક્યાં છે અને યુદ્ધોના વિજેતાઓ ને મહારાજ્યોના રચયિતાઓ જેવાં માનવમલેખડાંનો ઇતિહાસ પાસે કોઈ હિસાબ નથી. હા, એની ખાતાવહી જ્યારે ભવિષ્યની પેઢી વાંચે છે ત્યારે તેનાં નેત્રોને વિસ્ફારિત કરે છે ખરી; પણ પછી એ પેઢીને પણ ઇતિહાસ હોઇઆં કરી જાય છે, રહી જાય છે માત્ર કાલ-સમુદ્રની રેતી પર નાનકડી નિશાનીઓ!



આગ્રાના કિલ્લામાંથી તાજને જોઈ રહેલો બીમાર શાહજહાં
ચિત્રકાર: અવનીન્દ્રનાથ ઠાકુર

જમુનાનાં નીલવર્ણાં જલ મંથર ગતિએ વહી જતાં હતાં અને મુઘલ સલ્તનતના વયોવૃદ્ધ જહાંપનાહ શાહજહાંની કૃશ દૃષ્ટિ તેમના પર મંડાએલી હતી. ફિક્કા, લાંબા, શ્વેતકેશી રાજવંશી ચહેરા પરની બે આંખોનાં આથમતાં તેજ જાણે કે ઇતિહાસના વહી જતા પ્રવાહમાંથી ભૂતકાળને ઉલેચવા અને ભવિષ્યની અગોચર અંધાર્ણીનો કોઈ તાગ મેળવવા મથી રહ્યાં હતાં. લાંબી, લંબાતી માંદગીએ તેની જૈફ અવસ્થાને અકારી બનાવી દીધી હતી; જર, જમીન અને જોરૂમાં છેલ્લાનું સ્થાન સંતાનોએ લીધું હતું અને પંડના પુત્રોમાં દારાને બાદ કરતાં બાકીના ત્રણની ઉચ્છૃંખલતા વિવેકની રેખા વટાવી ચૂકી હતી. મુમતાઝને વિદાય લીધાને વર્ષો થઈ ગયાં હતાં, અને એક પછી એક મિત્રો, હિતૈષીઓ અને વિશ્વસનીય અનુચરોએ અનંતની વાટ પકડી હતી. જમુનાનાં જળમાં પડતું તાજમહાલનું પ્રતિબિંબ તેના અંતઃસ્તલને હચમચાવી જતું હતું પણ તેનાથી યે સવિશેષ, વેદનાની આહ હૃદયમાં જગાવે તેવી પરિસ્થિતિનું નિર્માણ, તેને માટે અસહ્ય બની રહ્યું હતું.

વર્તમાનનું આવરણ જાણે દૃષ્ટિ આગળથી હઠી ગયું. પોતાની વહાલસોઈ બેગમ મુમતાઝ સાથે તૈલંગણથી માંડીને બંગાળ સુધીની હિંદની વિશાળ ભૂમિમાં પોતે ભમી રહ્યો છે ને નૂરજહાંના આધિપત્યને નમતા પિતા સામે બંડ પોકારી રહ્યો છે! જોનપુરથી પાછો વળી તે દક્ષિણની રઝળપટ્ટી આદરે છે; છેવટે જહાંગીર પાસે નમતું જોખી, પોતાના બે પુત્રો દારા તથા ઔરંગઝેબ તેને સોંપી દે છે. મુઘલ સિંહાસન પર પોતે આરૂઢ થયો તે પહેલાંનો એ ઝંઝાવાત, ઇતિહાસના પુનરાવર્તનની એક અમંગળ ગવાહીથી તેના શરીરમાં ધ્રૂજારી લાવી દે છે.

આજે તેને વિષાદે ઘેરી લીધો હતો. ના, માત્ર ઘેર્યો ન હતો, તેને ફરતો ભરડો લીધો હતો. હજુ થોડી જ ક્ષણ પહેલાં જે કાંઈ બન્યું તે વાતને વૃદ્ધ બાદશાહ વાગોળી રહ્યો હતો. ભાઈભાઈ વચ્ચેનો સંઘર્ષ ટાળવા પોતાનાથી બનતી બધી કોશિશ તેણે કરી જોઈ હતી; બંગાળમાં શુજા માન્યો ન હતો. તેને સીધો કરવા દારાના જ્યેષ્ઠ પુત્ર સુલેમાન શિકોહને લશ્કરી દળ સાથે મોકલ્યો હતો. ગુજરાતમાંથી મુરાદબક્ષે, અને દક્ષિણમાંથી ઔરંગઝેબે એકસાથે ઉપાડો લીધો હતો. જ્યેષ્ઠ પુત્ર હોવું એ ગુનો નથી. દારા માત્ર સૌથી મોટો નહિ, સૌથી વધુ આજ્ઞાંકિત હતો અને છેલ્લી માંદગીમાં તેણે કરેલી સેવાચાકરીથી તો પોતે માંદગીમાંથી બેઠો થઈ શક્યો હતો અને કારભાર ચલાવતો હતો.

પણ પોતાની તબિયત જોવાને બહાને પુત્રો લાવલશ્કર સાથે કૂચ કરે એ કેવું? ઔરંગઝેબ મૂછે તાવ દેતો આવી રહ્યો હતો. કૌટુંબિક મિલનનાં કોઈ લક્ષણ તેના વર્તનમાં જણાતાં ન હતાં. ન છૂટકે શાહજહાંએ દારાને સશસ્ત્ર અથડામણની છૂટ આપી,—એવી શરતે કે ખરેખર યુદ્ધ ન

થઈ પડે તેની કાળજી રાખવી ને તેને દક્ષિણમાં પાછો ફરવા સમજાવવો.

ઔરંગઝેબનું બચપણ શાહજહાંની આંખો સમક્ષ તાદૃશ્ય થયું. દસ વર્ષની ઉંમરે એણે કુરાન મોઢે કર્યું હતું અને ફારસી તથા અરબી ભાષા ઉપર પ્રભુત્વ મેળવ્યું હતું. એ માત્ર ચૌદ વર્ષનો હતો ત્યારે શાહજહાંએ એક વાર હાથીઓનું દ્વન્દ્વ યોજેલું. મહેલના ઝરૂખા નીચેના મેદાનમાં બે ઉન્મત્ત મદમસ્ત ગજરાજો સામસામી દિશામાંથી દોડતા આવ્યા ને ક્ષણાર્ધમાં તો એ વિશાળકાય પ્રાણીઓના મુખમાંથી નીકળતી ગર્જનામય ચીસોથી જાણે ભૂકંપ થવાનો હોય તેમ વાતાવરણ કંપાયમાન બની રહ્યું. આ લડાઈ જોવાને આતુર ઘોડેસવાર શાહી કુંવરો એકબીજાની સૂંઢમાં મજબૂત રીતે ફસાઈ ગએલા ગજરાજની નજીક ગયા, તેમાં ઔરંગઝેબ વધુ આગળ નીકળી ગયો. લડી રહેલા એક ગજરાજે પોતાની બાજુમાં માનવસળેખડું જોઈ પ્રહારની દિશા બદલી. પર્વત ધસી આવતો હોય તેમ ભયંકર ઘૂઘવાટી સાથે ગજરાજે ઔરંગઝેબને ભરડો લેવા સૂંઢ ઊંચી કરી. પણ એથી જરા પણ ગભરાયા વિના ચૌદ વર્ષના એ કિશોરે ઘોડાને સ્થિર રાખી, હાથીના માથામાં ભાલાનો તીવ્ર પ્રહાર કર્યો. દોડાદોડ અને બૂમાબૂમ મચી રહી; શાહજાદાના રક્ષણ માટે ચોકિયાતો ચોતરફથી દોડયા; હાથીને ડરાવવા દારૂખાનું ફોડીને ભડાકા કરાયા. ઉશ્કેરાએલા હાથીએ દંતશૂળથી ઔરંગઝેબના અશ્વને ભોંય ભેગો કરી દીધો. ઔરંગઝેબ ગબડી પડયો પણ ડગ્યો નહિ અને એક ક્ષણમાં મ્યાનમાંથી તલવાર ખેંચી પોતાનાથી શક્તિ અને કદમાં અનેકગણા મહાન હરીફને પડકાર આપી રહ્યો! સદ્‌ભાગ્યે આટલી વારમાં સશસ્ત્ર સૈનિકો ભાલા-તીરકામઠાં સાથે મોટી સંખ્યામાં ધસી આવી ગજરાજને ઘેરી વળ્યા અને ઔરંગઝેબને મોતના મોંમાંથી છોડાવ્યો. આ નાનકડા બનાવથી ઔરંગઝેબની બહાદુરીની કથા આખા દેશમાં પ્રસરી ગઈ. પોતાના લાડકવાયા કુંવરની આ બહાદુરીથી હર્ષાન્વિત શાહજહાંએ તેને ઇલ્કાબથી નવાજ્યો, અને ત્રીજે જ દિવસે આવતી ઔરંગઝેબની પંદરમી વર્ષગાંઠે તેને સોનાથી જોખી ખેરાત કરી અને પાંચ હજાર સોનામહોરો તેને ભેટ આપી. એ પણ દિવસો હતા! અને આજે...?

શાહજહાંને લાગ્યું કે જમુનામાં ઘોડાપૂર ધસી રહ્યાં છે. પણ આ ભ્રમ ક્ષણ માટે જ હતો. આંખમાં આવતાં આંસુનાં પૂરને તેણે ખાળ્યું.

પાટવીકુંવર દારા શિકોહને લાવલશ્કર સાથે થોડી જ ક્ષણો પૂર્વે રથમાં બેસાડી તેનું મંગલ પોતે ઇચ્છયું હતું. પોતાની ગાદીનો તે હક્કદાર વારસ હતો. અલ્લાહાબાદ, પંજાબ, ગુજરાત, કાબુલ ને મુલતાન સુધી સુબાગીરી કરી હતી. યુદ્ધમાં દક્ષ ને ખટપટ તથા ચાલબાજીમાં ચડિયાતા નાના ભાઈ સામે તે મોરચો માંડવા જઈ રહ્યો હતો. તેમાં તે સફળ થશે? ન કરે નારાયણ ને ઔરંગઝેબ સામે હારી જાય તો? મક્કાની દિશામાં મોં ફેરવી, હાથ ઊંચા કરી વૃદ્ધ બાદશાહે અલ્લાહની બંદગી કરી અને ધીમા પગલે મહેલમાંના પોતાના આવાસ તરફ પાછો ફર્યો.

ઈ. સન ૧૬૫૬ની આખરમાં શાહજહાં બીમાર પડયો. તબિયતને માટે દિલ્હી, આગ્રા અને હૈદરાબાદ વચ્ચે તેની દોડધામ ચાલુ રહી. અંગત્યનો કારોબાર દારાએ સંભાળવા માંડયો ને પોતાના કુદરતી વારસ તરીકે શાહજહાંએ તેને વધુ છૂટછાટો આપવા માંડી. છેલ્લાં કેટલાંક વર્ષોથી પિતાના લાડકવાયા તરીકે તેમજ મુઘલ રાજદરબારની સુખશય્યામાં આળોટતો દારા સુખચેનની જિંદગી ગાળી રહ્યો હતો અને પિતાના નામે ફતવા બહાર પાડતો હતો. આનાથી તદ્દન વિરુદ્ધ, ઔરંગઝેબને દક્ષિણમાં અસાધારણ પરિસ્થિતિ, સંકટ, દોડાદોડી ને ભીષણ કાવાદાવા વચ્ચે જીવસટોસટનો સંગ્રામ ખેલવો પડતો હતો. બીજાપુરના આદિલશાહે ખુલ્લંખુલ્લા દિલ્હીની આણ માનવા ઇન્કાર કર્યો હતો. ૧૬૫૬માં તેના મૃત્યુએ એ એક કાંટો દૂર કર્યો અને કુતુબ-ઉલ-મુલ્કે પોતાની પુત્રી ઔરંગઝેબના પુત્ર વેરે આપીને અને ખંડણી ભરી દઇને સુલેહ કરી. હવે ગોવલકોંડાના કુતુબશાહ સાથેની લોહિયાળ લડાઈમાં ઢીલા ન થવા શાહજહાંને ઔરંગઝેબે વિનતિ કરી હતી, પણ દારાની સલાહથી સુલેહ કરી લેવા માટે દિલ્હીથી દબાણ આવ્યું હતું. આમ, ગોવલકોંડાનો પ્રદેશ જીતી લેવાની પોતાની મુરાદ અધૂરી રહી તેનો ઔરંગઝેબને વસવસો રહી ગયો, ને કર્ણાટકની જાગીર પોતાના વિશ્વાસુ સરદાર મીર જુમલાને આપવાનો ઝગડો કુતુબશાહ સાથે ચાલુ રાખ્યો. વાસ્તવમાં તો દક્ષિણના સુલતાનોની ટાંપ વિજયનગરના રાજા પાસેથી આ પ્રદેશ પડાવી લેવાની હતી અને બે બિલાડીઓ વચ્ચેના ઝઘડામાં વાંદરાનો ન્યાય તોળવાની ચાલબાજી ઔરંગઝેબે ખેલી હતી.

બ્રાહ્મણી રાજ્યોના અવશેષો ખતમ કરવામાં શિયા-સુન્ની વચ્ચેનું વૈમનસ્ય અંતરાયરૂપ બનીને ઔરંગઝેબને પડકારી રહ્યું હતું. ઉત્તરના મુઘલ મુસલમાનો અને દક્ષિણના સ્થાનિક સુલતાનો વચ્ચે કોઈ મનમેળ હતો જ નહિ. બીજાપુરની ચડાઈમાં બીડર અને કલ્યાણીના જ્વલંત વિજય પછી વધુ આગળ વધવા સામે દિલ્હીથી લાલ બત્તી ધરવામાં આવી હતી. ઔરંગઝેબની મદદે મોકલવામાં આવેલા શાહિસ્તખાનની પાછી માળવામાં જરૂર હતી. અધૂરામાં પૂરું શાહજી ભોંસલેનો શિવાજી નામનો એક પુત્ર ભોંમાંથી ભાલાની જેમ ઊભો થયો હતો અને મુઘલ સત્તાને જબરો પડકાર ફેંકી રહ્યો હતો તથા લૂટફાટ દ્વારા પ્રદેશો જીતી રહ્યો હતો. આ સ્થિતિમાં બીજાપુર સાથે સુલેહ કરવી હિતાવહ હતી.

માનસિક તાણ ને ઉશ્કેરાટભર્યા આ સમયમાં શાહજહાંની માંદગીના સમાચાર ઔરંગઝેબને મળતાં તે અસ્વસ્થ બની ગયો. દિલ્હીના સાચા સમાચારો દક્ષિણમાં મળતાં બહુ વાર લાગતી. એ દરમ્યાન જાતજાતની અફવાઓ દેશભરમાં ફેલાઈ રહી હતી. શાહજહાંનું મૃત્યુ થયું છે અને દારાએ સત્તા કબજે કરી લીધી છે અથવા શાહજહાંને કેદમાં રાખી સલ્તનતનો કારોબાર દારાએ સંભાળી લીધો છે અને બાદશાહના નામથી હુકમો છોડે છે એવી વાતો સૌસૌને ઠીક પડે તેવા ફેરફારો સાથે દેશના જુદાજુદા ભાગોમાં ફેલાતી ચાલી. લગભગ આખું વર્ષ શાહજહાંની તબિયત નરમગરમ રહ્યા કરી ને વર્ષના અંત ભાગમાં ગાદીના વારસદાર તરીકે દારાની જાહેરાત કરી. તદુપરાંત ઔરંગઝેબના અતિવિશ્વાસુ વઝીર મીર જુમલા તેમજ છત્રસાલ હાડાને લશ્કર સહિત દિલ્હી પાછા ફરવા આદેશ આપ્યો, અને દારાના ખાસ માણસોને ઉચ્ચ પદવી અને હોદ્દાઓની લહાણી બાદશાહના હાથે થઈ. લશ્કરી દૃષ્ટિએ ઔરંગઝેબને નિર્બળ બનાવવાની આ ચાલે તેની શંકા દૃઢીભૂત કરી.

બંગાળમાં શુજાને કાબૂમાં લાવવા બાવીસ હજારનું લશ્કર ૧૬૫૭ના નવેમ્બરમાં મોકલાયું હતું, જેની નેતાગીરી રાજા જયસિંહે લીધી હતી. ગુજરાતમાં મુરાદ અધીરો બન્યો હતો અને શંકા ઉપરથી પોતાના વઝીર અલી નકવીનું ખૂન કરાવ્યું હતું. નવેમ્બર-ડિસેમ્બરમાં તેણે સૂરત જીતી લૂટ ચલાવી. તેમાં જે અઢળક દ્રવ્ય મળ્યું તેનાથી વધુ લશ્કર ઊભું કરી અમદાવાદ ખાતે વડું મથક સ્થાપ્યું અને પોતાને સલ્તનતનો ધણી જાહેર કરી તાજપોશી કરી. દારાએ તેની સામેની ચાલ તરીકે ઔરંગઝેબના આધિપત્ય નીચેનો વરાડ પ્રાંત મુરાદને નામે લખી આપતો શાહી પત્ર મોકલ્યો, પણ તેમાં રાજરમતની ગંધ આવતાં મુરાદે તેને હસી કાઢયો.

પણ ઔરંગઝેબ ઘણો જ ચતુર, વિચક્ષણ અને દીર્ઘદૃષ્ટિવાળો હોઈ તેણે શુજા તથા મુરાદની માફક શાહજહાંની અવજ્ઞા કરતું તાત્કાલિક કોઈ પગલું ભર્યું નહિ, પણ સેંકડોની સંખ્યામાં પોતાના ગુપ્તચરો મારફત દિલ્હીની સાચી બાતમી મેળવવા પ્રબંધ કર્યો. તેણે મીર જુમલાને દિલ્હી જતો રોકવા અધવચ્ચેથી જ પકડીને કેદ કર્યો. માળવાથી દિલ્હી ગએલા શાહિસ્તખાને ત્યાં ઔરંગઝેબના હિતેચ્છુ તરીકે કામ કર્યું. મુરાદ, શુજા ને તેની વચ્ચે ખાનગી પત્રોની આપલે થતી જ રહી. પિતાની જીવલેણ માંદગીના સમાચારમાં શું તથ્ય છે તે પ્રત્યક્ષ નિહાળવા ત્રણે

પુત્રોએ આગ્રા ભણી જઈ રહ્યાનો જે દેખાવ કર્યો તેની પાછળ ત્રણેના મનમાં ગાદીના વારસ થવાનું અપ્રગટ પાપ જ હતું. મુરાદ ને ઔરંગઝેબ વચ્ચે છૂપી મસલત થઈ ચૂકી હતી કે બન્નેએ સાથે જ આગ્રા તરફ કૂચ કરવી. રાજ્યની વહેંચણી બાબત પણ કરાર થઈ ચૂકયા હતા.

ફેબ્રુઆરી ૧૬૫૮માં ઔરંગાબાદથી નીકળતી વખતે ઔરંગઝેબે મુરાદને લીલી ઝંડી બતાવી અને મિલનસ્થાન ઉજ્જૈન રાખ્યું. દક્ષિણને રેઢું મૂકીને ઉત્તર તરફ જવામાં રહેલા જોખમથી ઔરંગઝેબ વાકેફ હતો. વળી મુરાદને ગુજરાતમાંથી હાંકી કાઢવા જસવંતસિંહ અને કાસિમ-ખાનની સરદારી નીચે જે બે લશ્કરી ટુકડીઓ દિલ્હીથી રવાના થઈ ચૂકી હતી તેમને ઔરંગઝેબનો રસ્તો રોકવાની પણ કામગીરી સોંપવામાં આવી હતી. પણ ઔરંગઝેબે દક્ષિણના સુલતાનો સાથે એક યા બીજી રીતે તડજોડ કરી દિલ્હીના દરબારમાં અમીર ઉમરાવોને દારાની ઇસ્લામ વિરોધી વર્તણૂક સામે ઉશ્કેરી, પોતાને માટે ક્ષેત્ર તૈયાર કર્યું હતું, અને તેમ કરવામાં દક્ષિણના બાહોશ, અનુભવી અને રીઢા લશ્કરી સેનાપતિઓ મુર્શીદ કુલીખાન, મીર જુમલા, શેખ મીર ઇત્યાદિનો સાથ મેળવ્યો હતો. ૧૮મી ફેબ્રુઆરીએ તે બરહાનપુર પહોંચ્યો અને એક માસ ત્યાં રોકાઈ આક્રમણની બધી તૈયારીઓ કરી લીધી. દરમ્યાન શાહજહાંને પત્રો લખી તે કુશળ પુછાવતો અને દારાએ પિતાની હયાતીમાં સત્તા છીનવી લીધાનો આક્ષેપ તેમાં અચૂક કરતો. વીસમી માર્ચે તેણે આગળ કૂચ કરી ને એપ્રિલના પહેલા અઠવાડિયામાં નર્મદા ઓળંગીને ગુજરાતમાં પ્રવેશી, ગુપ્તચર દ્વારા મુરાદને લશ્કર સાથે પોતાની સાથે ભળી જવા સંદેશો મોકલ્યો. ઉત્તર તરફથી ગુજરાત ભણી આવી રહેલા જસવંતસિંહને ઔરંગઝેબના આટલા નજીકના અસ્તિત્વની બિલકુલ જાણ ન હતી; એટલી સખત તકેદારી અને ગુપ્તતા ઔરંગઝેબે રાખ્યાં હતાં.

જસવંતસિંહમાં રજપૂતનું શૌર્ય અને નિમકહલાલી બન્ને ભળ્યાં હતાં, પણ તે એવા ભ્રમમાં હતો કે ગુજરાત તરફથી આવી રહેલી મુરાદ-ની સેનાનો સામનો કરવા પોતે ઉજ્જૈનથી આગળ જઈ રહ્યો છે. તેને આવતો જોઈ મુરાદે દિશા બદલી તેની પ્રથમ તો તેને ખબર પડી નહિ, પણ ગુપ્તચરોએ જ્યારે સમાચાર આપ્યા કે ઔરંગઝેબના લશ્કરે નર્મદા નદી ઓળંગી લીધી છે ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. હવે તેને સૂઝ્યું કે બે ભાઇઓ ભેગા થઈ જાય તો? તાબડતોબ તે ઉજ્જૈન પાછો ફર્યો. તેને ફોડવા ઔરંગઝેબે લાખ કોશિશ કરી પણ રજપૂત બચ્ચો ડગ્યો નહિ. પણ બે દિવસ પછી જ્યારે તેને ખબર મળ્યા કે મુરાદ અને ઔરંગઝેબની ફોજ ભેગી થઈ ગઈ છે ત્યારે તે હિંમત હારી બેઠો અને સુલેહનું કહેણ મોકલ્યું. માનભંગ કરાવે તેવી શરતો ઔરંગઝેબે હવે મૂકી અને રાઠોડ રાજવીનું લોહી ઊકળી ઊઠયું. શાહજહાંની સૂચના-ઓ એવી હતી કે અનિવાર્ય હોય તો જ શાહી કુમારો સાથે યુદ્ધમાં ઊતરવું અને તેમની જિંદગીને ભયમાં મૂકવી નહિ. સેનાપતિની નિર્ણાયક બુદ્ધિથી નહિ પણ કાંઈક લાચારીપૂર્વક તેણે લડી લેવાનું હતું અને તે પણ સંરક્ષણાત્મક રીતે. તેના લશ્કરમાં હિંદુ અને મુસલમાન સૈનિકો વચ્ચે એકતા ન હતી. ઘણાખરા મુસ્લિમ સૈનિકોની વફાદારી ઔરંગઝેબ તરફ વધુ હતી. ઔરંગઝેબ પાસે તોપખાનું હતું, જસવંતસિંહ પાસે શૌર્ય અને તલવાર. સંખ્યાની દષ્ટિએ જોઇએ તો જસવંતસિંહના એક સામે ઔરંગઝેબના ચાર સૈનિકો હતા.

ખરેખર યુદ્ધ જામી પડયું ત્યારે હાડા, સિસોદિયા, રાઠોડ અને બુંદેલાઓનો મુઘલ તોપખાના સામે કચ્ચરઘાણ નીકળી ગયો. પ્રખ્યાત મેવાડી સેનાનીઓ હણાઈ ગયા. મહેશદાસ અને ગોવર્ધન નામના જસવંતસિંહના બે વિશ્વાસુ સેનાનીઓ ભયંકર યુદ્ધ વચ્ચેથી તેને ઘવા-એલી હાલતમાં દૂર લઈ ગયા. જસવંતસિંહે યુદ્ધ ગુમાવ્યું પણ ફરીથી લડવા તે જીવતો રહ્યો. આ યુદ્ધમાં ઔરંગઝેબે લશ્કરી વિજય ઉપરાંત અઢળક દ્રવ્ય અને લૂંટનો હિસ્સો મેળવ્યો. કોટા અને બુંદીના રાજપૂત રાજવંશના છ સિતારાઓ રણક્ષેત્રમાં સૂતા: મુકુંદસિંહ હાડા, દયાળદાસ ઝાલા, રતનસિંહ રાઠોડ, અર્જુન ગોર, સુજનસિંહ સિસોદિયા અને મોહનસિંહ હાડા. યુદ્ધ પછી ત્રણ દિવસનો આરામ લઈ, ઉજ્જૈન થઈ, મુરાદ અને ઔરંગઝેબ ૨૧મી મેના દિવસે ગ્વાલિયર પહોંચ્યા. દારા વિશાળ લશ્કર સાથે ચંબલ નદીને કાંઠે ધોલપુર પાસે મુકામ નાખીને પડયો હતો, અને એવી સખત ચોકી મૂકી હતી કે કોઈ બચ્ચો સામે કાંઠેથી નદી પાર કરી શકે નહિ. પણ ઔરંગઝેબે સ્થાનિક માણસોને ફોડીને, ઓળંગી શકાય તેવો છીછરો પ્રવાહ ધોલપુરથી ૪૦ માઈલ પૂર્વ-માં શોધી કાઢયો ને દારાને ગંધ આવે તે પહેલાં રાત્રિના ગાઢ અંધકારમાં બે દિવસને અંતરે ઔરંગઝેબે લશ્કર સાથે ચંબલ પાર કરી.

મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની અજબ કુનેહ ઔરંગઝેબમાં હતી. આ લાંબા અને વિકટ પંથે તેના લશ્કરના પાંચ હજાર સૈનિકોની ખુવારી કરી તે તેણે ગણકારી નહિ. પણ દારાએ જે ખાઇઓ ખોદી રાખી હતી અને તોપખાનું ગોઠવ્યું હતું તેને એક જ વ્યૂહાત્મક ચાલબાજીથી તેણે નિષ્ફળ બનાવી દીધું. દારા ત્યાંથી પાછો હઠયો અને જમનાને કાંઠે આગ્રાને રસ્તે સમુગઢ ખાતે ફોજી પડાવ નાખ્યો. (ચાલુ)

લઘુ કથા

ભ્રમ

દિલીપ રૉય

વંદના નોકરીની શોધમાં હતી.

ઘરમાં કેવળ બે જ જીવ: એક પોતે અને બીજી એની માતા. પૈતૃક સંપત્તિમાં ફક્ત ઘર. એટલે નિર્વાહ માટે પૈસાની જરૂર હતી.

ઘણે ઠેકાણે એણે અરજીઓ કરી હતી; રૂબરૂ પણ જઈ આવી હતી; ઓળખીતા-પારખીતાઓને મળી એમની ભલામણ-ચિઠ્ઠીઓ તથા લાગ-વગનો પણ ઠેકઠેકાણે ઉપયોગ કરી જોયા હતા; પણ હજુ સુધી નોક-રીનો પત્તો ખાધો ન હતો. નોકરી મેળવવા અંગે આટલા નિરાશ થવું પડશે એની એને કલ્પના નહોતી. હતાશા એને ધીરેધીરે ઘેરતી જતી હતી.

હવે તો નોકરી કરતા કોઈ યુવક સાથે પરણી જવું એ જ એકમાત્ર ઉપાય છે, એવા નિર્ણય સાથે એ ઑફિસના ટાઈમે જ ઑફિસે જતાં યુવકયુવતીઓની સંગે બસમાંથી ઊતરી એમની સાથેસાથે ઑફિસો સુધી જતી. અને પછી પાર્કમાં કે આમતેમ હરીફરી, સમય પસાર કરી, સાંજે ઑફિસો છૂટતાં એ જ સાથીઓ સાથે ઘેર પાછી ફરતી. નોકરી ન હોવા છતાં ય નોકરી કરે છે એવો ડૉળ એણે ચાલુ રાખ્યો. આમ એ રવીન્દ્રના પરિચયમાં આવી.

'રવિ, આપણે હવે જોડાઈ જઈએ તો? તારા અને મારા બેઉના પગારથી આપણો ગૃહસંસાર સરસ ચાલશે.'

'વાહ! એથી રૂડું બીજું શું? શુભસ્ય શીઘ્રમ.' રવીન્દ્રે ઊલટભેર જવાબ આપ્યો. એના ચહેરા પર આજ સુધી ન જોએલી તાજપ વર્તાઈ.

કોર્ટમાં જઈ લગ્ન નોંધાવ્યાં. માબાપના આશીર્વાદ લીધા. છાપામાં ફોટો છપાવ્યા. આમ પરિચય પરિણયમાં પરિણમ્યો. બંને ખુશહાલ હતાં.

પણ...થોડા વખતમાં બંનેનો ભ્રમ ભાંગ્યો. વંદનાની જેમ રવીન્દ્ર પણ નોકરીની શોધમાં હતો.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
આલેખક
રવિશંકર રાવળ



એ સમયના
સ્વામી આનંદ ▷
(સ્કેચ: ર. મ. રા.)

૪૭૭ અમદાવાદમાં ઊથલપાથલ

અમદાવાદ આવીને ઘર ચાલુ કર્યું, પણ મેં બીમારી પછી જે અશક્તિ અને નિર્વેદ વહોર્યાં હતાં તે દૂર થયાં નહોતાં. એ જ સમયમાં પંજાબનો અહેવાલ, હંટર કમિટીનો બહિષ્કાર, ખિલાફતની ઝુંબેશ ને વાઈસરૉયે ગાંધીજીને આપેલો તુચ્છકાર, તેની સામે ગાંધીજીએ પોકારેલો અસહકાર વગેરેથી દેશ ખળભળી ઊઠયો હતો. નવી લડતના ભણકારા સંભળાતા હતા. સ્વામી આનંદને લીધે મારે વારંવાર સાબરમતી આશ્રમ જવાનું થતું. એ વખતમાં મેં મૌલાના મહમદઅલી અને શૌકતઅલીના સ્કેચ કરેલા તે 'નવજીવન'માં છપાએલા. નરહરિભાઈ અને જુગતરામભાઈ પણ મારામાં રસ લેતા. કાકાસાહેબ ત્યારે તાજાતાજા આશ્રમમાં આવેલા; અને તેમનાં પત્ની તથા બાળકો સાથે તેમની ઓરડીના પગથિયે મેં વી. પી. કૅમેરાથી એક ફોટો પણ લીધેલો.

આમ વાતાવરણમાં સ્વદેશી-અસહકારની ઝુંબેશો દેશના ઘણા નવયુવાનો અને ભદ્ર પુરુષોને સ્વાર્પણ અને સેવાના પંથે ખેંચી રહી હતી, પણ મને મારા કાર્યપ્રદેશનું સ્પષ્ટ ચિત્ર મળતું નહોતું. અમદાવાદમાંથી કોઈ કામ મળ્યા જ કરે એવી તકો નહોતી. મારા પ્રત્યેના સ્નેહભાવથી જીવનલાલ અમરશીએ 'કલાપીનો કેકારવ'ની નવી આવૃત્તિ માટે આઠેક ચિત્રો કરવાનું કામ સોંપ્યું તે મારે માટે માત્ર પંદર દિવસનું રોકાણ હતું. છતાં મેં તેમાં મારી શક્તિની વિવિધતા અજમાવી હતી. મારી પરિસ્થિતિ હું હાજીમહમ્મદને જણાવતો રહેતો. એમણે એ ચિત્રો થાય એટલે એમને બતાવ્યા પછી જીવનલાલભાઈને આપવાની સૂચના લખી અને સાથે એમ પણ લખ્યું કે તમે મુંબાઈમાં હોત તો ઘણું કામ મળી રહેત.

૪૭૮ એક અનોખી ઘટના

આ પ્રમાણે હું સ્વસ્થ થતો જતો હતો ત્યાં એક દિવસ ટપાલમાં મને પત્ર મળ્યો. તેને હું અનોખી ઘટના ગણું છું. સાદા કવરમાં અમરેલીથી મળેલા એ પત્રનો સાર મને બરોબર યાદ છે:

'અમે સાંભળ્યું કે તમે ઘણા બીમાર પડી ગયા હતા. ગુજરાતના ચિત્રકારને વિશેષ પ્રેરણા અને અનુભવ મળે એવું અમે ઇચ્છીએ છીએ. તમે રાષ્ટ્રીય સંપત્તિ છો અને તેનું ધ્યાન રાખવું એ અમારી ફરજ છે. તમે એક મહિના માટે ઘરથી છૂટા થાઓ અને અમારી સાથે વડોદરા પુસ્તકાલય ખાતાના અધિકારી મોતીભાઈ અમીન તેમના ચાર-પાંચ અંગત યુવકો સાથે કલકત્તા, શાંતિનિકેતન, બનારસ વગેરે પૂર્વ ભારતના પ્રદેશોમાં ફરી સંસ્કારી પ્રવૃત્તિઓ નીરખવા આવે છે તેમના સાથમાં તમે પણ આવો એવી અમારી ઉત્કંઠા છે. તો તમે અમુક તારીખના રોજ સવારે અમદાવાદ સ્ટેશને બિસ્તર-સામાન સાથે તૈયાર હશો એવી સ્વીકૃતિનો જવાબ લખશો. લિ. રામજી હંસરાજ કામાણી'

આ પત્ર લખનારને હું જરા યે ઓળખતો નહોતો, તેમજ નામ પરથી તેમનો ધંધો પણ કલ્પી શક્યો નહોતો; પણ ગુજરાતમાં એક ખૂણે પડેલા યુવાન ચિત્રકારની ભાવનાઓ કોઈક વિરલાને સ્પર્શી ગઈ છે તેમાં જગન્નિયંતાનો હાથ જરૂર છે એમ વિચારી આભારભાવે ગદ્ગદ્ થયો હતો. મેં ઘરમાં ચર્ચા કરીને સૌની સંમતિ મેળવી અને આ તકનો લાભ લેવા નિશ્ચય કર્યો. પછીથી મને ખબર પડી કે રામજીભાઈ તો સુપ્રસિદ્ધ ઍલ્યુમિનિયમના વેપારી જીવનલાલ ઍન્ડ કંપનીના ભાગીદાર છે.

પત્રમાં જણાવેલા દિવસે સવારમાં બિસ્તરો-પેટી લઈ ત્રીજા વર્ગની મુંબાઈની ટિકિટ સાથે સૌરાષ્ટ્ર એક્સ્પ્રેસની રાહ જોતો ઊભો રહ્યો. ટ્રેન આવી પહોંચી, અને ઉતારુઓની ચડ-ઊતરમાંથી કાઠિયાવાડી ફેંટો, લાંબો કોટ અને સૂંથણા જેવી સુરવાલ પહેરેલા, ભરાવદાર કાળી મૂછોવાળા એક પ્રૌઢ જને આવી મને પૂછ્યું: 'તમે રવિભાઈ ને? હું રામજી હંસરાજ. આવો, મારી પાસે ડબ્બામાં મેં જગ્યા રાખી છે.' આ જીવનલાલ કંપનીના શેઠ રામજીભાઈ? આવા સાદા? અને ત્રીજા વર્ગમાં?

ગોઠવાયા પછી તેમણે કહ્યું કે આણંદથી ચરોતર કેળવણી મંડળના પ્રવર્તક મોતીભાઈ અમીન શિષ્યો સાથે જોડાવાના છે, અને હમણાં ગાંધીજીએ ત્રીજા વર્ગમાં પ્રવાસ કરવાનું દૃષ્ટાંત આપ્યું છે તે રીતે આપણે ત્રીજા વર્ગમાં પ્રવાસ કરી ભારતનું લોકજીવન જાણવાની તક લેવાની છે.

હું એક નવા જ વર્તુલમાં પ્રવેશતો હોઉં એમ લાગ્યું. રામજીભાઈએ તો થોડી જ વારમાં મને આત્મીય બનાવી દીધો. મારી ભાવનાઓ અને પ્રયત્ન જાણી લીધા અને કહ્યું: 'તમને કલકત્તામાં ઘણું જોવા-જાણવાનું મળશે. મોતીભાઈ પણ પહેલી જ વાર ગુજરાત બહાર નીકળે છે. તેમના જેવા બહારનો વિકાસ જુએ તો દેશમાં ઘણું કરી શકાશે તેમજ ઘણી રૂઢ માન્યતાઓથી મુક્ત થવાશે. પુસ્તક-પ્રચાર ઉપરાંત લોકજીવન સુધારવા ઘણું ઘણું કામ દેશને ખૂણે ખૂણે કરવાનું છે. ગાંધીજીએ ઘૂમીઘૂમીને બધા દેશો જોયા છે તેથી જ તેમની વાણીની અસર થાય છે...' વગેરે. આણંદથી મોતીભાઈનું મંડળ પણ અમારા ડબ્બામાં આવી ગયું.

૪૭૯ મોતીભાઈ અમીન

મોતીભાઈ અમીનનું નામ વડોદરા રાજ્યમાં પુસ્તકાલય-પ્રવૃત્તિ ગામડાંઓ સુધી વિસ્તારવાની સફળ યોજનાઓથી ખૂબ જ લોકપ્રસિદ્ધ થયું હતું. તેમણે પોતાના વિદ્યાર્થીકાળમાંથી જ વ્રતો, નિયમો અને મિત્રલાભથી પોતાનું સુસંગત અને વ્યવસ્થિત જીવન-ઘડતર કર્યું હતું, અને ગ્રૅજ્યુએટ થયા પછી મુલ્કી વહીવટી નોકરી મળતી હતી તે નકારીને ભાવનાશીલતાથી ઓછા પગારની શિક્ષકની નોકરી લીધી હતી. શાળાના વિદ્યાર્થીઓના ઘડતર માટેની ધગશ અને દેશસેવાની ઉત્કટ લાગણીથી તેમણે પોતાની પાસે આવેલા સંખ્યાબંધ વિદ્યાર્થીઓમાં અભ્યાસ, વાચન અને ચારિત્ર્યનો જે વિકાસ કર્યો તે દૃષ્ટાંતરૂપ કથા છે. પોતે પહેલાં પાટણ અને પછી પેટલાદની હાઈસ્કૂલના હેડમાસ્તરની જગ્યા પર આવ્યા ત્યારે તો તેમનું ભાવનાબળ એટલું બધું વિકાસ પામ્યું કે ત્યાં 'પેટલાદ બૉર્ડિંગ મંડળ', 'દુષ્કાળ નિવારણ મંડળ' વગેરે સેવાસંસ્થાઓ સ્થાપી. તેમની યોજનામાં હમેશાં પ્રામાણિકતા અને શુદ્ધ ભાવના અગ્ર પદના સદ્ગુણો હતા. શાળાઓનાં અભ્યાસગૃહો અને પુસ્તકાલયની પ્રવૃત્તિ તેમણે આપમેળે શરૂ કરી હતી. તે કહેતા: 'જ્યાં અંધારું હોય ત્યાં અજવાળું કરવું; ઊંઘતાને જગાડવા. મારે કોઈ ગુરુ નથી, પણ સારાં પુસ્તકો વાંચી તેમાંથી સદ્બોધ લઈ જીવનમાં ઉતારવાની ઝંખના હતી.' અમેરિકન લોકશાહીના આદ્ય સંસ્થાપકો પૈકીના એક બેન્જામિન ફ્રાન્કલીનની આત્મકથાની તેમના પર ભારે અસર થઈ હતી.

મોતીભાઈનો પુસ્તકાલય-પ્રચારનો ઉત્સાહ એટલો બધો જાણીતો





નરહરિ પરીખ, જુગતરામ દવે, મૌલાના ભાઈઓ (સ્કેચ: ર. મ. રા.)

હતાં કે મહારાજા સયાજીરાવે વડોદરામાં એક આદર્શ કેન્દ્રસ્થ પુસ્તકાલય સ્થાપવા અમેરિકન નિષ્ણાતની મુખ્ય અધિકારી તરીકે નિમણૂક કરી ત્યારે તેની સહાય માટે મોતીભાઈની વરણી કરી. તેમણે 'ચરોતર કેળવણી મંડળ', 'યુવક મંડળ' આદિની સેવાઓ દ્વારા ચરોતર અને ગુજરાતનું ધ્યાન ખેંચ્યું જ હતું; તેમાં પુસ્તકાલયો ફેલાવવાને રાજ્યની સહાય મળી એટલે તેમણે ઘણી સરળ યોજનાઓ કરી ગામડાંઓમાં ફરતાં અને સ્થાયી પુસ્તકાલયો સ્થાપી પ્રજામાં જ્ઞાનપ્રકાશ ફેલાવ્યો હતો. હવે નિવૃત્તિ પૂર્વેની ચારેક વર્ષની રજા લઈ આણંદ આવીને ચરોતર કેળવણી મંડળમાં જોડાઈ જવાનો તેમનો ઈરાદો હતો.

એ યોજના પ્રમાણે પહેલાં પોતાના અને અન્ય પ્રાંતની જાણીતી શિક્ષણ-સંસ્થાઓ જોઈ આવવા તેમણે વિચાર રાખ્યો હતો. પૂના-મુંબાઈ જોઈ આવ્યા હતા; ને હવે જીવનલાલ કંપની તરફથી કલકત્તા માટે નિમંત્રણ આવ્યું, એટલે ઈ. ૧૯૨૦ના સપ્ટેમ્બરની ૨૦મી તારીખે ચાર-પાંચ જુવાન વિદ્યાર્થી અને ભાણેજ મહેન્દ્ર (જેને સૌ ભાણાભાઈ કહેતા)ને લઈ અમારી સાથે જોડાયા. વડોદરાથી આર્યસુધારક પ્રેસવાળા મણિભાઈ —સુદૃઢ શરીર, શીખ જેવા ફેંટા અને દાઢીવાળા જુવાન જોડાયા. મુંબાઈ પહોંચતાં સુધીમાં હું અમારી મંડળીમાંના નારણભાઈ, ઈશ્વરભાઈ, છોટુભાઈ નારવાળા વગેરેનાં નામ અને વ્યવસાય જાણી શક્યો. છોટુભાઈ મોતીભાઈની સહાયથી ગ્રૅજ્યુએટ થએલા તે મોતીભાઈના સ્વયંસેવક તરીકે સાથે આવેલા. ભાણાભાઈ તો સાતેક વર્ષના બાળક હતા. મોતીભાઈના સંસારમાં બાળક નહોતું એટલે ભાણાભાઈને પોતાની સાથે જ રાખતા. છોટુભાઈ મોતીભાઈની પાછળ જ બેસતા અને જે જે મુલાકાતો-વાતો મોતીભાઈ કરે તેની ડાયરી લખતા. ઉપરાંત કંઈ સૂચન આવે ત્યારે 'જુઓ છોટુભાઈ, આપણી યાદીમાં આ સરનામું લખી લ્યો; આ પુસ્તકનું નામ લખો; મુંબાઈ અમુકને ખબર આપવા.' વગેરે આદેશો છૂટતા જ રહેતા. વાર્તાલાપમાં મોતીભાઈ લંબાણથી ખુલાસા આપે, ઊંડી ચર્ચા કરે ને વાતવાતમાં 'ભાવના શુદ્ધ હોવી જોઈએ' એમ ભાર મૂકે.

પ્રવાસમાં નેતાગીરી રામજીભાઈની હતી. તે દરેકને ઘટતી સૂચના આપતા અને રસ્તે ચા-દૂધ-કૉફી તથા ભાતાં વગેરેની વ્યવસ્થા કરતા. રાત્રે આઠ વાગ્યે મુંબાઈ પહોંચતાં હું મારા મિત્રોને મળી લેવા જુદો પડયો. બીજો દિવસ આખો હાજીને તથા પરમાનંદ કાપડિયા, હીરાલાલ શાહ વગેરે મિત્રોને મળવામાં ગાળી મારા આ પ્રવાસની વાત જણાવી તેથી તે સૌ ખૂબ ખુશ થયા. અમારામાંથી કોઈએ હજી મુંબાઈ ઈલાકા બહાર પગ મૂક્યો નહોતો. રવીન્દ્રનાથની ભૂમિ, 'મૉડર્ન રિવ્યુ' માસિક, બંકિમચન્દ્રની કથાઓ એ સિવાય કલકત્તા વિષે અમે કંઈ જ જાણતા નહોતા, મારું મન કલ્પનાથી ઊભરાતું હતું.

રાત્રે રામજીભાઈએ વિક્ટોરિયા ટર્મિનસ સ્ટેશને વહેલા આવી કલકત્તા મેઈલમાં દરેક માટે ઉપરના પાટિયે બિછાનાં નંખાવી દીધાં હતાં. મોતીભાઈ પાસેથી મૂંગે મોંએ તેમની યોજનાઓ સાંભળતા જાય ને સાથે અમારી ખબર તો એટલી ઝીણવટથી લેતા જાય કે જાણે અમે બધા મહેમાન ને પોતે સ્વયંસેવક હોય! રાત્રે મોતીભાઈ સૂતા ત્યાં સુધી વાતો કરતા રહ્યા, અને આજ્ઞાધીન છોટુભાઈ મૂગી લેખિની ચલાવતા રહ્યા.

રામજીભાઈએ પ્રવાસનો વિગતવાર ક્રમ ઘડી કાઢ્યો હતો. પહેલાં મને પંદર દિવસ કહ્યા હતા, પણ બેચાર દિવસ આઘાપાછા થવા સંભવ હતો. બીજે દિવસે પહેલું રોકાણ એક દિવસ માટે જમશેદપુર થયું, જ્યાં જમશેદજી તાતાએ પોતાના સાહસ અને અમેરિકન સલાહકારોની મદદથી ભારતમાં પહેલવહેલું લોખંડનું કારખાનું નાખ્યું હતું. લોખંડનો તેમજ કોલસાનો વિપુલ જથ્થો ભૂગર્ભમાંથી મળ્યો હતો. ભારતના દરેક પ્રદેશના ઈજનેરો, મજૂરો, વેપારીઓ ત્યાં ખેંચાતા આવતા હતા, અને એક મોટું બજાર અને વસ્તીનો વસવાટ ઊભો થઈ રહ્યો હતો. રામજીભાઈના ભાઈ નરભેરામભાઈએ પણ સાહસ કરી અહીં કટલરી અને સ્ટોરની દુકાન કરી હતી. દુકાનો અને નિવાસ કાચાં મકાનોમાં હતાં, પણ અમારા માટે સોઈદાર આરામગૃહ અને મિષ્ટાન્ન તૈયાર હતાં. લોખંડનું કારખાનું જોવાની ચિઠ્ઠીઓ અને વાહનો પણ તૈયાર હતાં.

બપોરપછી ભારતના આ વિરાટ કારખાનાની કામગીરી જોવા નીકળ્યા. ખાણી કોલસામાંથી તેલ, ગ્લીસરીન, ડામર વગેરે પદાર્થો છૂટા કરી બાળવાનો કોક તૈયાર કરનારું મોટું કારખાનું વટાવી લોખંડના ગાડું ભરાય એટલા ભંગારને એક બાચકે ઊંચે ઉઠાવી જ્વાળા કાઢતી ભઠ્ઠીમાં ઝીકતા ચુંબકવાળા ક્રેન (સાંઢિયા) જોયા. લોઢાનો ઓર ગાળી રસ ઓકતી મહાકાય કોઠીઓ જોઈ. તેમાં રસ તૈયાર થાય ત્યારે ઊંચે રહીને એક માણસ સંચો ચલાવે એટલે મોટાં પીપોમાં લાલ લોહધારા રેડાતી જોઈને તો શરીરમાં કંપ વ્યાપી ગયો. એમાંથી પછી મોટી પાટો પડતી જોઈ. હજુ લાલ હોય ત્યાં જ જતરડામાં ધકેલાઈ બીજી બાજુ સેવની જેમ ગાડીના પાટા સીધી લાઈનમાં નીકળી આવતા અને થોડે દૂર તેના માપસર ટુકડા થતા જોયા. આ પાટા બ્રિટિશ સરકારે હિંદની રેલવે માટે વાપરવા યોગ્ય ઠરાવ્યા હતા. લોખંડ ગાળનારાં કારખાનાની આસપાસ પતરાં, નળીઓ, નળો વગેરે બનાવનારાં યંત્રોનાં કારખાનાં હતાં. પણ એ કાળે અમારા કોઈમાં વિજ્ઞાનની વિશાળ સિદ્ધિઓનું પૂરું-પાકું જ્ઞાન નહોતું એટલે ચમત્કારો જોતા હોઈએ એમ એ બધું જોઈને કૌતુકભર્યા ઘેર આવ્યા. જમશેદપુરના કેટલાક ગુજરાતી મિત્રો મોતીભાઈના નામથી ખેંચાઈને મળવા આવેલા. તેમાં ચરોતરના ઘણા માણસો હતા.

ઘણે ભાગે મોડી રાત્રે કલકત્તા જનારી ટ્રેઈન પકડી. વચ્ચેથી બેઠા એટલે જેમતેમ સમાસ કરવો પડયો. સવાર પડતાં શ્વેતવસ્ત્રધારી ખુલ્લા



વીણાનો મૃગ



વૃદ્ધ ટેલિયો



પહાડી સાધુ



બિલ્વ મંગળ



ભરત

'કલાપીનો કેકારવ' માટે કરેલાં ચિત્રો



એક ઘા



મહાત્મા મૂળદાસ

માથાવાળો બંગાળી ગૃહસ્થ ડબ્બામાં આવ્યો. તેને રામજીભાઈએ આવો બાબુજી કહી બેસાડ્યો અને કંઈક ગીત ગાવા કહ્યું. તેણે હળવા મધુર કંઠે સુંદર બંગાળી સ્વરોમાં ગાયું તેથી જાણે પ્રભાત સુધરી ગયું લાગ્યું. બંગાળનાં ઝૂપડાં વચ્ચે નાનકડી તળાવડી, કેળનાં ઝાડ, બધું બહુ સુંદર લાગતું. કોઈ ઠેકાણે માછલી પકડવા લાંબા વાંસને છેડે દોરી ડુબાડી બેઠેલા માણસો દેખાયા. ચોળી પહેર્યા વિનાની ગ્રામીણ નારીઓને બગલમાં અને માથે બેડાં લઈ ઘાટ ચડતી કે ઊતરતી જોતાં તે વાર્તાઓનાં પાત્ર બની જતી. દસ વાગતાંમાં અમે કલકત્તા પહોંચી ગયા. સ્ટેશન પર જીવનલાલ કંપનીની બે મોટરો લેવા આવી હતી. બંગાળી અમને કોઈને આવડતું નહોતું એટલે અમારે તો રામજીભાઈ કહે તેમ ઊઠવું અને બેસવું એટલું જ વિચારવાનું હતું.

(ચાલુ)

માનવીના વિકાસ અને સંવાદિતાનું વિરાટ પ્રદર્શન એક્સ્પો ૭૦



એક્સ્પો-૭૦ની સંજ્ઞા ▷

કોઈ પણ દેશના વિકાસનો આધાર તેના ભૌગોલિક સ્થાન ખનિજ સંપત્તિ, આબોહવા અને એવી અન્ય અનેક અનુકૂળતા પર રહે છે. એવું પણ બને કે આવી પડેલી કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓમાં ન-છૂટકે પ્રયત્નશીલ બનવાની કોઈ પ્રજાને ફરજ પડે. પરંતુ સૌથી વધુ તો તે દેશની પ્રજાના ખમીર પર જ એના વિકાસનો આધાર છે. જાપાનની પ્રજાએ એવું ખમીર બતાવ્યું છે. ભૂકંપમય ધરતી, અણુપ્રયોગોથી પ્રસરેલી હાનિકર રજોટણનું ઝેર અને ઍટમબૉંબની અતિ ભયંકર વિનાશકતાનો અનુભવ વેઠયા પછી યુદ્ધમાં કચડાઈ ચૂકેલી એ પ્રજાએ માત્ર અઢી દાયકામાં તો એક આર્થિક જુવાળ પેદા કરીને અમેરિકા-રશિયા જેવા અગ્રગણ્ય દેશોની હરોળમાં પોતાનું સ્થાન લાવી મૂક્યું છે, અને એશિયાનાં બધાં જ રાષ્ટ્રોને પાછળ પાડી દીધાં છે. એની આ સિદ્ધિની પ્રતીતિરૂપ એક વિરાટ વિશ્વપ્રદર્શન 'એક્સ્પો-૭૦'નું ગયા માસમાં, ત્યાંના અગ્રિમ ઉદ્યોગ-કેન્દ્ર ઓસાકામાં ઉદ્ઘાટન થયું.

ઈ. સ. ૧૮૫૧માં ઇંગ્લંડની રાણી વિક્ટોરિયાના પતિ પ્રિન્સ આલ્બર્ટે ત્યાંના ક્રિસ્ટલ પૅલેસમાં યોજેલા ભવ્ય વિકાસ-પ્રદર્શન પછી એ રીતે વિશાળ પાયા પર પ્રદર્શનો કે ઔદ્યોગિક મેળા યોજવાની એક લાક્ષણિકતા પશ્ચિમી જગતમાં પ્રસરી. પાછલાં વર્ષોમાં ૧૯૫૮માં બ્રસેલ્સ (બેલ્જિયમ)માં, '૬૨માં સીએલ (અમેરિકા)માં, '૬૫-'૬૬માં ન્યૂ યૉર્કમાં અને છેલ્લે '૬૭માં મૉન્ટ્રીઅલ (કૅનેડા)માં યોજાએલા 'વર્લ્ડ એક્સ્પોઝિશન'—ટૂંકમાં 'એક્સ્પો'—પ્રદર્શનોએ દુનિયાભરમાં ખ્યાતિ મેળવી. પણ આ ઓસાકાનું 'એક્સ્પો-૭૦' એ એશિયાઈ દેશોમાં પહેલી જ વાર યોજાએલું આવું વિરાટ પ્રદર્શન છે. એ તેની પ્રાથમિક વિશિષ્ટતા છે. બે-અઢી વર્ષની કાળી મહેનત અને કરોડોના ખર્ચે, ઓસાકાથી દસેક માઈલ દૂર 'સીની હિલ્સ' તરીકે ઓળખાતા એક ભાગમાં, ૮૧૫ જેટલા એકરમાં એની રચના કરી છે. બાજુમાં જ સીનીનું નગર છે. પૂર્વની દુનિયામાં આ નવા નગર જેવી મોટી બીજી કોઈ ગૃહનિર્માણ-યોજના નથી. એક્સ્પો જેવી જંગી યોજના પાર પાડીને જાપાને પોતાની વધતી જતી આત્મશ્રદ્ધા અને શક્તિનું સર્વોત્તમ સૂચન કર્યું છે.


પ્રદર્શન માટે જે માનવમેળો ઊમટવાનો એના સારુ અનેક નવા રસ્તા અને ભૂગર્ભ માર્ગો પણ બાંધવા પડયા છે. ખુદ જાપાનની અરધો-અરધ વસતિ ઉપરાંત દસેક લાખ ઉપર પરદેશીઓ અહીં આવશે એવો ખયાલ છે. પચાસ હજાર જેટલી મોટરોનો જમેલો પણ જામશે ને એવું પણ બને કે ક્યારેક પોતાની મોટરમાં આવનાર માણસ ભીડને કારણે આવે તે જ દિવસે પ્રદર્શન સુધી કદાચ પહોંચી ન યે શકે! આવી ભીડને પહોંચી વળવા 'એક્સ્પો-એક્સ્પ્રેસ' જેવી ખાસ ટ્રેઇનની વ્યવસ્થા પણ જાપાને કરી છે. ગઠિયા પણ આવી ભીડનો લાભ લેવાનું ન જ ચૂકે એ ધ્યાનમાં રાખી અહીંના પોલીસતંત્રે સ્થાનિક ઉસ્તાદો પર ચાંપતી નજર રાખવા ઉપરાંત, 'ઈન્ટરપોલ' પાસેથી પણ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા અઢીસો જેટલા 'નામદારો'ની ઓળખ અને ફોટો મેળવી રાખ્યા છે. ઓસાકા ને આસપાસના ઉતારાઓ તો બધા ચિક્કાર થઈ જ ગયા છે, પણ ૨૫૦ માઈલ દૂર તોકિયોમાં પણ એવી જ ભીડ જામી પડી છે.

આમ લાખો નહિ, બલ્કે એથી યે વધુ લોકો માનવપુરુષાર્થની સિદ્ધિઓ નજરોનજર નિહાળશે. પ્રદર્શનનો કેન્દ્રવર્તી વિચાર પણ એ છે—'માનવી માટે વિકાસ અને સંવાદિતા'; કારણ કે આવા વિશ્વમેળાનો ઉદ્દેશ પણ હવે માત્ર ઔદ્યોગિક નથી રહ્યો. આ વિરાટ મેળાના સર્જક ડૉ. કેન્ઝો કહે છે: '...આવા વિશ્વપ્રદર્શનના અર્થ અને આશય હવે બદલાઈ ગયા છે. 'એક્સ્પો-૭૦'નું મુખ્ય ધ્યેય માનવજાતમાં આપણી શ્રદ્ધા પુનઃ સ્થાપિત કરવાનું અને માણસ બન્યાનો આનંદ વ્યક્ત કરવાનું છે.' આગળ વધેલા દેશો પોતાની સિદ્ધિ પ્રદર્શિત કરે અને વિકસતા દેશો એમની પાછળ ઢોલકી બજાવે એવો સમય હવે રહ્યો નથી. આ પ્રદર્શન પણ ૨૦મી સદીનું નહિ પણ આવી રહેલી ૨૧મી સદીનું નિદર્શન કરાવે છે. લગભગ ૮૦ દેશોએ તેમાં ભાગ લીધો છે. દરેક દેશે પોતપોતાની સિદ્ધિઓ અને પોતાની સંસ્કૃતિનો અહીં તાદૃશ ચિતાર રજૂ કર્યો છે. પણ આ સૌને પોતાને આંગણે નોતરીને જાપાને અનેક રીતે તો


મથાળે મૂકેલું 'એક્સ્પો-૭૦'ની ધ્યાનસંજ્ઞાનું આલેખન એ, ઓસાકાના કલાકાર તાકેશી ઓહ્તાકાની કૃતિ છે. એ માટેની હરીફાઈમાં રજૂ થએલી ૫૭ સંજ્ઞાઓમાંથી એની પસંદગી થઈ છે. જાપાનના રાષ્ટ્રધ્વજમાં મૂકાતા ઊગતા સૂર્યની આકૃતિને કેન્દ્રમાં રાખી એની આસપાસ, દુનિયાના પાંચ મોટા ખંડની દ્યોતક, જાપાનના ચેરી પુષ્પની પાંખડી મૂકીને સાદી પણ સુંદર રચના કરી તેના દ્વારા જાપાન અને દુનિયાનું ઐક્ય સૂચવ્યું છે. આ સંજ્ઞાને વિવિધ રીતે પ્રયોજીને એક્સ્પો-૭૦ના પ્રચારાર્થે સેંકડો પ્રકારે જે જાહેરાતો થતી રહેલી તેમાં પોસ્ટરોના આલેખનમાં ચિત્રકારોને પોતાની શક્તિ બતાવવાની પૂરતી તક મળી હતી. આ અંકના પૂઠા પર એવા જ એક પોસ્ટર પરના ડિઝાઇનનો ઉપયોગ કર્યો છે. તુલનાત્મક દૃષ્ટિએ રસમય બની રહે એ દૃષ્ટિએ નીચે, સવિશેષ ખ્યાતિ પામેલા છેલ્લા ચાર વિશ્વમેળાની સંજ્ઞાઓ પણ આપી છે જે અનુક્રમે : બ્રસેલ્સ ૧૯૫૮, સીએટલ-'૬૨, ન્યૂ યૉર્ક-૧૯૬૪-૬૫ અને મૉન્ટ્રીઅલ-૧૯૬૭ના વર્લ્ડ એક્સ્પોઝિશન મેળાની છે.











એક્સ્પો-૭૦માંના ભારતના મંડપનું મૉડેલ

પોતાની શક્તિ ને સિદ્ધિઓનો જ પરચો આપ્યો ગણાય. આજે એ આખી દુનિયાનું ધ્યાન પોતા તરફ ખેંચી શક્યું છે. 'મેઈડ ઈન જાપાન' એટલે તકલાદી બનાવટ એવા અર્થને બદલે 'ઉચ્ચ ધોરણવાળી ખાતરીદાયક ચીજ' એવો અર્થ બની રહ્યો છે. કદાચ આ સદીના અંતમાં આપણે જાપાનને દુનિયાની ઉચ્ચ સત્તાઓની હોડમાં ઊભેલું પણ જોઈશું.

'માનવજાત માટે વિકાસ અને સંવાદિતા' એ એક્સ્પો-૭૦ના સૂત્રનો કેન્દ્રવર્તી વિચાર હોઈ તેમાં વિવિધ દેશોએ વિજ્ઞાન અને વ્યાપાર ઉદ્યોગ-ક્ષેત્રે પોતે મેળવેલી સિદ્ધિઓ પ્રદર્શિત કરવા ઉપરાંત પોતપોતાની આગવી સંસ્કૃતિનો ખયાલ પણ પેશ કર્યો છે. આવા લગભગ ૧૧૦માંના પ્રથમ દસ મોટા મંડપોમાં ભારતના આશરે ૬૦૦૦ ચોરસ મીટરના વિસ્તૃત મંડપનું સ્થાન છે. આ મંડપની રચના મોટે ભાગે શ્રીમતી રત્ના ફ્રાસ્રીની છે. અગાઉ એક્સ્પો-૬૭ના ભારતીય મંડપની રચનામાં પણ એમનો હિસ્સો હતો. એની સમગ્ર રજૂઆતમાં ભારતની પરંપરાને આકાંક્ષાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવાનો પ્રયત્ન છે. મુખ્ય મંડપની બહાર અસલ ભારતીય ગામડાનું નિરૂપણ કર્યું છે. એની રંગરચના, સુશોભનો વગેરેમાં દેશની લોકકળાનો પરિચય આપવા સાથે આપણી દંતકથાઓને ચિત્રિત કરતું ભાસ્કર્ય કરેલું છે.

મુખ્ય મંડપના પ્રવેશમાં દ્વારપાલ તરીકે 'યાળી' જોવા મળે છે. મહારાષ્ટ્રમાં તૈયાર કરેલી કળામય લીંપણવાળી દીવાલો અને તેના પર બિહારના મધુવતીનાં ચિત્રણો વગેરે દ્વારા ભારતીય લોકસંસ્કૃતિનો નિર્દેશ કર્યો છે. ત્રણ માળવાળા મુખ્ય મંડપમાં રેશમી, સૂતરાઉ, ગરમ ને રૅયૉન તથા હાથશાળના કાપડના સુંદર નમૂના સાથે પ્રાચીન તેમ જ આધુનિક સોનાચાંદીનાં રત્નજડિત આભૂષણો વગેરે દ્વારા દેશની કારીગરી બતાવી છે. વચલા માળે ચંબાનાં ભીંતચિત્રોવાળો એક આખો ખંડ રચી એમાં ઝૂલો, ઢોલિયો, હોકો, વાદ્યો વગેરે દ્વારા ભારતીય રોજિંદા જીવન સાથે વણાએલી કળાનો પરિચય આપ્યો છે. તાજમહાલની એક મોટી સુંદર પ્રતિકૃતિ પણ અહીં છે જેને તૈયાર કરતાં પાંચ કારીગરોને ત્રણ વર્ષ લાગ્યાં હતાં. મ્હેસુરના મંદિરની સુંદર શિલ્પકૃતિઓ, બૌદ્ધકાલીન શિલ્પો વગેરે ઉપરાંત ઈ. સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ જૂની ભારતની સંસ્કૃતિના નમૂનાની રજૂઆત પણ છે. આધુનિક ભારતનો પરિચય આપવા અણુશક્તિનો વિકાસ, ખાણો અને ભારે ઉદ્યોગોની ઝાંખી, યાંત્રિક ઓજારો ને વપરાશી માલસામાનની બનાવટ વગેરે ઉપરાંત પૂર્ણતઃ ભારતમાં જ તૈયાર થએલા તાલીમી જેટ વિમાનને પણ રજૂ કર્યું છે.

ભારતીય નૃત્યો, નાટકો ને દેશની સંસ્કૃતિ તથા વિકાસનો ખયાલ આપતી ફિલ્મો પણ એના પ્રેક્ષકગૃહમાં રજૂ થતી રહે છે. ઉપહાર ગૃહમાં બાવન જાતની ભારતીય વાનગીઓ પિરસાય છે. વળી ફૅશન પૅરેડમાં ભારતીય વસ્ત્રાભૂષણોની રજૂઆત પણ થઈ રહી છે.

ડાક્ટર આવતા પહેલાં

(૩૪)

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

માલિશ અને ચંપી

થાકેલી માંસપેશીઓને આરામ આપવા કરતાં માલિશ કરવાથી એ વધુ જલદી કાર્યરત થઈ શકે છે. ઈજા કે થાકથી જકડાઈ જઈને કામ ન કરતી માંસપેશીઓ એનાથી નરમ બને છે. અલબત્ત, માલિશથી માંસપેશીની શક્તિ વધતી નથી; એ તો કસરતથી પ્રાપ્ત થાય છે; પણ તેનાથી ઈજાવાળા ભાગમાં રુધિરાભિસરણને ઉત્તેજના મળે છે. માલિશ પછી લોહીમાં લાલકણો ધસી આવે છે અને હેમોગ્લોબિનનો વધારો થાય છે. રુધિરાભિસરણ વધવાથી પોષણ મળે છે ને વ્યયદ્રવ્યોનો નિકાલ થાય છે.

માલિશની (અને ચંપીની) ગતિ હૃદય ભણી રાખવી જોઈએ. એથી માંસપેશીઓ સંકોચ અને વિસ્તાર પામીને અશુદ્ધ લોહી તથા લસી હૃદય ભણી જાય છે. આમ થવાથી ત્યાંથી વ્યવદ્રવ્યોનો નિકાલ વધુ સુગમ બને છે, અને પરિણામે તેમની કાર્યશક્તિનું ઝડપથી પુનઃસ્થાપન થાય છે.

જોરથી ચંપી અને માલિશ કરવાથી ઉત્તેજના થાય છે, જ્યારે હળવે હાથે તાલબદ્ધ ચંપીથી (ઘણાંને) વિશ્રાંતિ મળીને નિદ્રા આવે છે. આમ, માલિશથી શરીર અને મન બંને પર અસર થાય છે, જેમાં માનસિક અસરનું મહત્ત્વ વિશેષ છે.

ગરદનની માંસપેશી અક્કડ બનવાથી માથું દુખતું હોય ત્યારે બરડા ઉપર ગરમ પાણીના શેક ઉપરાંત માલિશ કરવાથી ઘણો આરામ થાય છે. પક્ષાઘાતમાં માલિશથી હાથ અને પગમાં લોહીનો વધારો થાય છે અને માંસપેશીનું પોષણ સુધરે છે. કમરના દુખાવામાં ત્યાંની માંસપેશીઓની ચંપી અને ગરમ પાણીના શેક વડે ઝડપથી આરામ થાય છે. હાથપગના ભરાવામાં માલિશથી નરમાશ આવે છે. ચંપીથી સોજો ઊતરે છે.

માલિશનાં આગવાં વિજ્ઞાન અને કલા છે. વેદનાહર ચિકિત્સામાં તે આદ્ય ચિકિત્સા છે.

દાક્તરને ક્યારે બોલાવવા?

પ્રાથમિક સારવાર કરનારે 'દાક્તરી' કરવાની નથી, પણ આકસ્મિક માંદગી અને અકસ્માતમાં રોગીની વેદના અને પીડા હળવી કરવાની 'સારવાર' કરવાની છે. આપત્સમયે રોગીને નીચે દર્શાવેલાં લક્ષણો જણાય તો તુરત દાક્તરને બોલાવવા કે રોગીને ઑસ્પિટલમાં લઈ જવો.

(૧) પિત્તાશય, ઍપેન્ડિક્સ કે મૂત્રપિંડની પથરીને કારણે પેટની, ને હાર્ટ ઍટેક હૃદળશૂળ વખતે, છાતીની અસહ્ય વેદના થતી હોય ત્યારે

(૨) કોઈ પણ રોગ કે અકસ્માતમાં કોઈ પણ લક્ષણ ઉગ્ર બને, ચાલુ કે વારંવાર થયા કરે, અથવા કોઈ લક્ષણ ગંભીર હોવાની શંકા પડે તો.

(૩) અકસ્માતમાં રોગી બેભાન બને, આઘાત (શૉક)ની સ્થિતિમાં હોય, ઉગ્ર રીતે લોહીસ્રાવ થાય, શ્વાસ અટકી પડે, પુષ્કળ ઊલટી થાય, ઝેર ચડવાનો વહેમ પડે યા રોગી ગંભીર રીતે દાઝ્યો હોય ત્યારે.

(૪) થોડા દિવસ સુધી નાકમાંથી લોહી પડયા કરે અને ઘણી સંભાળ રાખવા છતાં ય પેટની પીડા વારંવાર ઉથળી આવતી હોય ત્યારે

(૫) તાણો, ચાલુ ઝાડા, શ્વાસમાં મુશ્કેલી, લોહીસ્રાવ, વારંવાર ચક્કર આવવા, ચોવીસ કલાક થયાં તાવ ના ઊતરતો હોય, ઊબકા ઉલટી સાથે અત્યંત શિરોવેદના થતી હોય તો.


પ્રાથમિક સારવાર પાછળ સમય ન બગાડતાં દાક્તરને તાત્કાલિક બોલાવવા, યા તો રોગીને તુરત દવાખાને કે ઑસ્પિટલમાં લઈ જવો. (સંપૂર્ણ)



વેણુ-વન (મધુકર શેઠ)

મે ૧૯૭૦

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
					૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩
૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧						



અશ્વ (ચીની તૂલિકા)

જૂન ૧૯૭૦


રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭
૨૮	૨૯	૩૦											



સાથી (ફોટો : અશ્વિન મહેતા)

જુલાઈ ૧૯૭૦

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
			૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫
૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧								



લીયદમન (કાંગડા કલમ)

ઑગસ્ટ ૧૯૭૦

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
						૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧					

કલાવાર્તા

શ્રી મેનાબહેન દેસાઈ


આમ તો જે તો ચિત્રકળાક્ષેત્રમાં ગુજરાતી બહેનો પ્રવેશેલી છે, પણ શ્રીમતી મેનાબહેન અજિત-



ભાઈ દેસાઈએ તો વર્ષો પહેલાં એમાં પદાર્પણ કરીને ને તે પછી વર્ષો સુધી એના એક પ્રકારને પોતાનો વ્યવસાય બનાવીને જે સિદ્ધિ મેળવી છે તેની પ્રતીતિ હમણાં થોડા સમય પહેલાં અમદાવાદમાં એમણે પ્રદર્શિત કરેલી એક સો જેટલી એમની ટેક્સ્ટાઈલ ડિઝાઇનોમાં જોવા મળી. આ પાના પર અને પાછળ એમાંથી કેટલીક ડિઝાઇનો આપી છે એના પરથી જોઈ શકાશે કે પક્ષી-પ્રાણી કે ફૂલપાનની સાથોસાથ માનવઆકૃતિઓને અને અમૂર્ત આકારોને પણ તેઓ સુંદરતાથી પ્રયોજી શકે છે.

'પ્રબુદ્ધ જીવન' પખવાડિકના તંત્રી જાણીતા સાહિત્યરસિક ને સમાજચિંતક શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનાં એ પુત્રી.*

૧૯૧૭માં વઢવાણમાં એમનો જન્મ. કુટુંબના સંસ્કારસભર વાતાવરણમાં ઊછરી એમણે મુંબઈની કલાશાળા જે.જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં બે વર્ષ ચિત્રકલાની તાલીમ પછી પાંચ વર્ષ શાંતિનિકેતનમાં રહી એમણે શ્રી નંદલાલ વસુ પાસે કલાનો અભ્યાસ કરીને ચિત્રકામ ઉપરાંત, વૂડકટ, લીનોકટ, એચિંગ, મ્યૂરલ અને ફ્રેસ્કો પેઇંટિંગ, મૉડેલિંગ, ચર્મકળા, બાટિક, રંગભૂમિ સજાવટ, અલ્પના વગેરે જેવા કલાપ્રકારોમાં પણ પ્રાવીણ્ય મેળવ્યું ને ઈ. ૧૯૪૧માં ત્યાંનો કળાનો ડિપ્લોમા લીધો. ખાદી બોર્ડમાં કામ કરતા શ્રી અજિત દેસાઈ સાથે એમનું લગ્ન થયું છે.




એ કલાભ્યાસ પછી એમણે ભાવનગરમાં કલાશિક્ષિકા તરીકે માનાર્હ સેવા આપવા માંડી. જ્યાં તેઓ કામ કરતાં હતાં એ શાળાના દાયકા-જૂના મકાન (જેરુભાના ડેલા)ની ધોળાએલી ભીંત પર ચૂનાના થર તળે એમણે જૂનું ચિત્રકામ જોયું. શાળાના આચાર્યની મંજૂરી લઈ એમણે લાગટ ત્રણેક મહિના સુધી સતત મહેનત કરીને હળવે હાથે ચૂનાના એ થર ઘસી કાઢીને તેની તળેનું લગભગ ૬૦ ફૂટ લાંબું એક પ્રાચીન ભીંતચિત્ર બહાર આણ્યું. 'કૃષ્ણ-લીલા' વર્ણવતા એ આખા ચિત્રની એમણે પ્રતિરેખા



માનવઆકૃતિઓ, પક્ષીઓ, ફૂલબુટ્ટીઓ કે અમૂર્ત આકૃતિઓ. મેનાબહેન એ બધાંને એકસરખી સફળતાથી પ્રયોજે છે.





*એમનાં બીજાં બહેનો પણ પોતપોતાનાં ક્ષેત્રોમાં આગળપડતાં છે. અસહકારના દિવસોમાં ગાંધીજીએ જેમની સાથેના સંવાદોમાં સોનાની બંગડી કઢાવ્યાનો અહેવાલ 'નવજીવન'માં 'મધુરી અને પુષ્પા' મથાળા નીચે આવેલો તે સુશિક્ષિત મધુરીબહેન સૌથી મોટાં; બીજાં ચારુશીલા રાજકોટમાં ડૉક્ટરી વ્યવસાય ચલાવે છે. ગીતા કાપડિયા (હવે પરીખ)નાં કાવ્યોથી તો વાચકો સુપરિચિત છે જ. એક મિતાક્ષરા માત્ર નેપથ્યમાં રહ્યાં છે.




ઉતારી લીધી જેનું મૂલ્ય સમજીને ગુજરાત સરકારે તે ખરીદી લઈ નવી દિલ્હીના રાષ્ટ્રીય કલાગાર 'નૅશનલ આર્ટ ગૅલેરી'માં મુકાવી છે.

ઈ. ૧૯૪૨ની 'હિંદ છોડો'ની લડતમાં ભાગ લેવાને પરિણામે મેનાબેને થોડો કારાવાસ પણ ભોગવ્યો હતો. આ પછી મુંબાઈની 'ગુજરાતી ભગિની સમાજ'ની બહેનોને કલાના પાઠ આપવા માનાર્હ સેવા આપી હતી, જેમાં એમણે નજીવી વસ્તુઓના કલામય ઉપયોગો કરવાની, રમકડાં બનાવવાની તેમજ ચિત્રકામ અને રંગોળી અંગેની તાલીમ આપેલી.

એમનું જીવનકાર્ય બનેલી ટેક્સ્ટાઈલ ડિઝાઈન પરની હથોટી તો તે પછી પ્રકટ થઈ. પ્રથમ વસંત-વિજય મિલ્સમાં ને ત્યાર બાદ મુંબાઈની અગ્રગણ્ય ખટાઉ મિલ્સના નવા આરંભાએલા ડિઝાઇન્સના વિભાગમાં જોડાઈને ત્રેવીસ વર્ષ સુધી એ સંભાળેલો. આ દરમિયાન ભારતીય તત્ત્વોવાળી સેંકડો ડિઝાઇનો સર્જીને એમણે લોકોની સુરુચિને એક નવો જ વળાંક આપ્યો. ટેક્સ્ટાઇલ ડિઝાઇન્સ દ્વારા વસ્ત્રશોભનના જે અનેક પ્રકારો એમણે અજમાવ્યા છે તેનો ખયાલ આપતી છેલ્લા પ્રદર્શનમાંની કેટલીક કૃતિઓ આ સાથે આપી છે. આ પહેલાં પણ મુંબાઈમાં એમણે ઈ. ૧૯૬૪માં અને '૬૫માં પોતાની કલાકૃતિઓ પ્રદર્શિત કરી હતી, જે પૈકી પહેલા પ્રદર્શનમાં પોતાનાં ગ્રિનો ગ્રાફિક્સ, સ્કેચિઝ વગેરે રજૂ કરેલાં. શાંતિનિકેતનનો ડિપ્લોમા પણ એમને ચિત્રાલેખન માટે જ મળેલો. બીજું પ્રદર્શન કેવળ ટેક્સ્ટાઇલ ડિઝાઇનોનું હતું.







શ્રી મેનાબહેનની વસ્ત્રશોભનકલાના ત્રણ વધુ નમૂના. ડાબી બાજુ નીચે એમણે ભાવનગરમાં જે અસ્પષ્ટ ભીંતચિત્રની નકલ ઉતારેલી તેમાંનો એક ભાગ.

ત્રણેક વર્ષ પહેલાં એમને પક્ષાઘાત થતાં મિલનું કામ છોડી દેવું પડેલું. એકાદ વર્ષથી એ માંદગીમાંથી ઊભાં થયા બાદ ફરી પોતાની કલાસાધના ચાલુ કરી દીધી છે. સાંસારિક જવાબદારીઓ બજાવતાં રહેવા સાથે એમણે જે કલાસિદ્ધિ હાંસલ કરી છે એ કોઈ પણ કલા-સાધક બહેનને માટે પ્રેરક બની રહે તેવી છે.

ચિત્રકળા: ભાવનાનું એક વાહન

સગુણ ઉપાસનામાં ધ્યાનની રીત જુદી છે. નેત્ર બંધ કરીને નહિ પણ સામે રાખેલી મૂર્તિ (ભગવાનનું ચિત્ર પણ મૂર્તિ ગણાય)ને નીરખવાની ને એમાં મન જોડવાનું. મનમાંથી વિચારો દૂર કરવા એમ નહિ, પણ ભગવાનના જ વિચાર કરવા. એવા ચિંતવનમાં શ્રી હરિની





સિંહ અને સંગીત (ચિત્રકાર: કિશન કાંબળે)

←માછીમાર યુગલ (આત્મારામ)



કૉન્ટેમ્પરરી પેઇન્ટર્સ

શૈલી કે ખયાલોનું કોઈ બંધન રાખ્યા વિના અંદરોઅંદર કલાચર્ચા, સામુહિક પ્રદર્શનો અને પ્રતિષ્ઠિત કલાકારોનો સંપર્ક વગેરે યોજી, સામાજિક ઉપયોગિતાની દૃષ્ટિએ કલાનાં ધોરણોનો વિકાસ સાધવા તથા એ દ્વારા પોતાની કલાભિવ્યક્તિ ને આકારની ખોજમાં પ્રેરણા પામવાના આશયથી, જાણીતાં કથક નૃત્ય વિશારદ શ્રીમતી કુમુદિની લાખિયાનાં પ્રમુખપણા નીચે, અમદાવાદના કેટલાક યુવાન કલાકારોએ સમકાલીન ચિત્રકારોનું 'કૉન્ટેમ્પરરી પેઈન્ટર્સ'ના નામે એક જૂથ રચ્યું છે. તેઓ માને છે તેમ એમના પ્રયત્નો તથા લોકોના સહાનુભૂત પ્રતિભાવ વડે તેઓ જરૂર પોતાનું લક્ષ સાધી શકશે એવી આશા બંધાય છે જૂથના આઠ ચિત્રકારો–સર્વશ્રી અમિત અંબાલાલ, અમૃત પટેલ, આત્મારામ, ગિરીશ ખત્રી, ઇશ્વર સાગરા, કિશન કાંબળે, મહેન્દ્ર પટેલ અને વિનોદ બ્રહ્મભટ્ટની કૃતિઓનું પ્રથમ પ્રદર્શન હમણાં યોજાએલું, જેમાંની ચાર કૃતિઓ આ સાથે આપી છે.

સરકસ-૧ (અમિત અંબાલાલ) →

અનેક લીલા, એમનાં અંગ, વેશાભૂષણો તથા એમની લાક્ષણિકતા ને પ્રસંગોનું વર્ણન વગેરે સહાયકર્તા બની રહે.


સ્વામીનારાયણ સંપ્રદાયમાં—હરિલીલા કહેવા-સાંભળવા માટે ભક્તો ભારે ઉમંગ રાખે છે. એ હરિલીલા એમને સમજાય એવી સરળતાથી તાદૃશ કરવાની વડતાલના એક ત્યાગી પુરુષ શ્રી કાનજી ભગતને પ્રેરણા થઈ અને એમણે ખોળીખોળીને અનેક ગ્રામ ચિત્રકારોને રોકી એમની સમક્ષ હરિલીલા વર્ણવીને એમનામાં ભાવ સીંચી એનાં ચિત્રો કરાવ્યાં.

ચિત્રકામ આવ્યું એટલે આલેખન શૈલીની વાત પણ આવી જ. ભગતજી ભાવિકોને લક્ષમાં રાખીને સૌ ચિત્રકારોને પોતાને થએલાં દર્શન તરફ વાળતા રહ્યા. બંને પક્ષે ઘણી ધીરજ માગી લે તેવો આ પ્રશ્ન હતો, પણ અંતે એક મોટો ચિત્રસમૂહ તૈયાર થયો, ને વડતાલમાં, ગોમતી નજીક વૃક્ષો તળે એ પ્રદર્શિત કર્યો.

ફરી વડતાલમાં જ્ઞાનવાડીમાં આવું એક બીજું પ્રદર્શન યોજાયું. એમાં મોટા કદનાં તૈલ-ચિત્રો અને સાથે મોટા અક્ષરે ચિત્રવર્ણનો પણ મૂક્યાં. ભાવિકો હરિમૂર્તિને હેત કરવા હાથ ફેરવે એથી, કે અન્ય રીતે ચિત્ર ન બગડે તે સારુ એ મઢાવીને રાખેલાં. આમ, ૭ વર્ષે ૪૫૦ જેટલાં ચિત્રોમાં જન્મથી તે અંતર્ધાન થતાં સુધીની હરિલીલા ચિત્રિત થઈ અને સમગ્ર ગુજરાતના ભાવિકો એ જોવા ઊમટેલા.

ગુજરાતમાં ચિત્રો તો ઘણાં થાય છે, પણ એ તો કલાના શોખ, સાધના અને નિર્વાહના સાધન તરીકે. અભણ ભાવિક લોકો માટે સીધાં સાદાં વર્ણનાત્મક ચિત્રો કોણ કરે? આ જ વિષયને સારી રીતે ચીતરાવી શકાય, એમ જ્યારે કોઈ સહૃદયી માણસ કહે ત્યારે જવાબમાં ભગતજી કહે છે કે 'મેં કોઇને અટકાવ્યા નથી. આ પછી કોઈને વધુ સારી મૂર્તિઓ કરાવવાની પ્રેરણા થાય તો એથી મને ઘણો હર્ષ થશે. આ તો મને જે દેખાયું તે મેં બીજા અનેકને દેખાડયું. અને જેમને એ ગમ્યું તેમને જ માટે આ કામ થયું છે. આ મૂર્તિઓ શોભા માટે ક્યાં છે? આમાં તો હૃદયની સાધના છે. શ્રી હરિમાં અંતઃકરણ જોડવાની વાત છે.'—ના. દ.

નીચે: હરિલીલા ચિત્રમાળામાંનું એક ચિત્ર ગઢપુરથી રાતોરાત વડતાલ જતા મહારાજશ્રી



શબ્દકથા : 'સંતોક' · 'કાળક'

'સંતોક' એ સ્ત્રીના નામ તરીકે આગલા જમાનામાં વ્યાપક હતું, અને હજી પણ આધેડ કે વૃદ્ધ ઉંમરની સંતોક નામ ધરાવતી ઘણી સ્ત્રીઓ મળશે. 'સંતોષ'નું મધ્યકાલીન ઉચ્ચારણ 'સંતોખ' અને પછીથી અંત્ય મહાપ્રાણ વ્યંજનનું અલ્પપ્રાણ ઉચ્ચારણ થતાં 'સંતોક'.

આ જ રીતે 'ધનુષ'નું 'ધનુખ' અને પછી 'ધનક'. શ્રી ભૃગુરાય અંજારિયાએ હમણાં જ 'ધનકધારી (=ધનુષ્યધારી) એવા પ્રયોગ તરફ ધ્યાન દોરેલું.

'આશિષ્'નું આશિષા' એવું રૂપ પણ પ્રચલિત હતું—જેમ 'દિશ્' અને 'દિશા', 'સરિત્' અને 'સરિતા' વગેરે. તેનું મધ્યકાલીન ઉચ્ચારણ 'આશિખા' અને તે ઉપરથી 'આશકા'. 'આશકા લેવી' એટલે 'દેવની આરતી લેવી' અને તે દ્વારા તેમની આશિષ લેવી.

કોશમાં 'કાળક' શબ્દ 'કાળપ, કલંક' એવા અર્થમાં નોંધાયો છે. જેમ 'ધનુષ્ય'–'ધનુખ'–'ધનક' તે જ પ્રમાણે 'કાલુષ્ય'–'કાળુખ'–'કાળક'. 'કાલુષ્ય'નો અર્થ 'કલુષતા, મલિનતા, કલંક' એવો થાય છે. 'કાળપ'ની અસર નીચે 'કાળક' સ્ત્રીલિંગ બન્યો છે.

આમ સંસ્કૃતના કેટલાક શબ્દાંતે ષકાર વાળા શબ્દો મધ્યકાલીન ખકાર દ્વારા કકારાંત રૂપમાં આપણને મળ્યા છે: સંતોષ–સંતોક, ધનુષ્ય–ધનક, આશિષા–આશકા, કાલુષ્ય–કાળક.

પણ વિષ–વખ, ઝષ–ઝખ, આયુષ્ય–આયખું, મનુષ્ય–મનખ, મનેખ વગેરેમાં ખકાર જળવાઈ રહ્યો છે.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

પ્રો. બ. ક. ઠાકોર અધ્યયનગ્રંથ ગુજરાતી સાહિત્યના પીઢ અને વિદ્વાન વિચારક, કવિ, ઇતિહાસકાર અને વિશિષ્ટ શૈલીકાર સ્વ. પ્રો. બલવંતરાય ઠાકોરની જન્મશતાબ્દીને અંકિત કરતા આ દળદાર ગ્રંથમાં જૂના-નવા અનેક અભ્યાસીઓ તેમજ પ્રો. ઠાકોરના પરિચિતોએ લખેલા ૫૦ જેટલા લેખ દ્વારા એમના વ્યક્તિત્વસમગ્રને આલેખવામાં આવ્યું છે. ઇતિહાસ અને સંસ્કૃતિના રસજ્ઞ પ્રોફેસરની ખડકાળ પ્રકૃતિની કવિતાની નીચે એક પ્રકારની સન્નિષ્ઠા સતત વહ્યા કરતી. અંગ્રેજી સાહિત્યના પરિશીલનને કારણે તેમણે પોતાની એ જમાનામાં વિશિષ્ટ ગણાય તેવી અંગત સાહિત્યવિભાવના કેળવી લીધી હતી. પોતાની સિદ્ધાંતનિષ્ઠાના સંદર્ભ બહાર એમણે કશું લખ્યું નથી. તેથીસ્તો, એમની કવિતા અને નિબંધની એક ચોક્કસ આકૃતિ છે ને એમના સૈદ્ધાંતિક ને કૃતિનિષ્ઠ બંને પ્રકારનાં વિવેચનોમાં એક નિશ્ચિત આગ્રહ છે. એમની વત્સલતા, અને દેખીતીરીતે લૂખી એમની કવિતાના ચવન પછીની મિષ્ટતા પામવામાં પ્રસ્તુત ગ્રંથ સહાયભૂત નીવડશે. સંપાદક-મંડળ: સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ઉમાશંકર જોશી, કિશનસિંહ ચાવડા, નિરંજન ભગત, ભૃગુરાય અંજારિયા, ભોગીલાલ સાંડેસરા અને હર્ષદ ત્રિવેદી; પ્રકાશક: ગુજરાતી વિભાગ, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા; પૃ. ૪૭૮, પાકું પૂંઠું, રૂ. ૧૨.

પ્રો. બ. ક. ઠાકોરની દિન્કી ભાગ-૧ વર્ષે ૧૮૮૮): પ્રો. બ. ક. ઠાકોરે અંગ્રેજીમાં લખેલી આ ડાયરીના પાને પાને અંગત વિષયોપરની એમની વિચારરીતિનો પરિચય થાય છે. બુદ્ધિજીવી કવિના આંતરમનની ગતિ પાછળ વાચકો નિઃશંક દોરાશે અને અનિવાર્યપણે કશુંક સત્ત્વશીલ ભાથું મેળવશે. પ્ર. ઉપર મુજબ; પૃ. ૯૦, કાચું પૂઠું, રૂ. ૧–૫૦.

પારિભાષિક કોશ: ગુજરાતી સંદર્ભ-સાહિત્યની એક મોટી ઊણપ પૂરી કરવા આજથી ૪૦ વર્ષ પર સ્વ. વિશ્વનાથ મ. ભટ્ટે કરેલા આ ભગીરથ પ્રયત્નની શ્રી રઘુવીર ચૌધરી પાસે સુધારાવી તૈયાર કરાવેલી નવી આવૃત્તિ. પાશ્ચાત્ય સાહિત્ય-સંસ્કૃતિના સંસર્ગમાં આવેલી કોઈ વ્યક્તિ અંગ્રેજી ભાષા મારફત અમુક વિષયનો પાર પામી હોય તેને એ જ્ઞાન ગુજરાતીમાં ઉતારવા માટેના ઉચિત અર્થવાહક ગુજરાતી પારિભાષિક શબ્દોની ભારે મોટી ખોટ આપણે ત્યાં હતી. તે પૂરવા સાથે આ કોશમાં દરેક શબ્દની અર્થચ્છાયાને વિશદ કરી આપે એવાં દૃષ્ટાંતરૂપ અવતરણ પણ અપાયાં છે તે આ સંગ્રહની વિશિષ્ટતા છે. ગુજરાત સરકારની સહાયથી એ અપ્રાપ્ય ને અતિ ઉપયોગી ગુજરાતી કોશની, ૧૬૦૦ નવા શબ્દો સાથેની આ સંશોધિત-સંવર્ધિત નવી આવૃત્તિ તૈયાર થઈ છે તેનો સૌ લાભ લે. પ્રકાશક: ગુજરાત વિદ્યાસભા અમદાવાદ-૧; પૃ. ૨૪૭, પાકું પૂઠું, રૂ. ૮.

સાઠીના સાહિત્યનું દિગ્દર્શન: સ્વ. કિન્લૉક ફૉર્બ્સે સ્થાપેલી અને કવિ દલપતરામ જેના પ્રથમ મંત્રી હતા તે ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (આજની ગુજરાત વિદ્યાસભા)ને ઈ. ૧૯૦૮માં સાઠ વર્ષ પૂરાં થયાના પ્રસંગે, એ છ દાયકા દરમ્યાનના ગુજરાતી સાહિત્યના વિકાસની રૂપરેખા આંકતો. સ્વ. ડાહ્યાભાઈ દેરાસરીએ તૈયાર કરેલો, ને ઉપર્યુક્ત કોશ પેઠે જ દુર્લભ થએલો આ સંદર્ભગ્રંથ પણ ગુજરાત સરકારની સહાયથી પ્રસિદ્ધ થયો છે. શ્રી મધુસૂદન પારેખ સંપાદિત પુનર્મુદ્રણ: પ્રકાશક, ઉપર મુજબ; પૃ. ૩૬૨, કાચું પૂઠું, રૂ. ૩–૭૫.

સ્વરાજ્યદર્શન (રાજકારણ): સરદાર પટેલ યુનિવર્સિટી (વલ્લભવિદ્યાનગર) તરફથી એક ઉદાર સહાયના પરિણામે અભ્યાસીઓ તથા વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી સર્વજ્ઞાનસંગ્રહ જેવી જે ગ્રંથશ્રેણી 'જ્ઞાનગંગોત્રી'ના નામથી પ્રસિદ્ધ થાય છે તેના આ પાંચમા ગ્રંથમાં સ્વરાજ્ય પછીના ભારતની રાજકીય પરિસ્થિતિનું સમગ્રદર્શી અવલોકન છે. લે૦ પ્રો. નગીનદાસ સંઘવી, પ્રો. કીર્તિદેવ દેસાઈ, શ્રી ભોગીલાલ ગાંધી; પૃ. ૩૪૦, પાકું પૂઠું, રા. ૨૦.

અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ: ઇ. ૧૭૮૫થી ૧૯૬૭ સુધીની ભારતની કેળવણી-વિષયક વિકાસગાથા આલેખતું ઉપયોગી પુસ્તક. લે. ડૉ. ધનવંત દેસાઈ; પ્ર. પ્રાચ્ય વિદ્યામંદિર વડોદરા; પૃ. ૮૧૪. પાકું, રૂા. ૧૮.

ચેતનાઓ: ચાર્વાક જેનો ઈનકાર કરે છે અને ભૌતિકવાદ જેને ઉવેખે છે, તે 'ચેતના' શું છે અને તે પોતાનાં કેવાં અનેકવિધ સ્વરૂપો બાંધીને આપણા રૂપે કામ કરે છે તે દર્શાવતું શ્રી અરવિંદનું દાર્શનિક ચિંતન પરનું પુસ્તક: અનુ૦ 'સુંદરમ્'; પ્રકાશક શ્રી અરવિંદ સોસાએટી, પોંડીચેરી; પૃ. ૧૬૫, કાચુંપૂઠું રૂ. ૩–૫૦.

મહાત્માની છાયામાં: ગાંધીયુગના એક સત્યનિષ્ઠ નિષ્પાપ સેવક તરીકે જીવન વીતાવનાર સ્વ. ડૉ. મણિધરપ્રસાદ શંકરલાલ વ્યાસની નોંધપોથીનું પ્રકાશન: સં. ઈલા રમેશ ભટ્ટ, કાચું પૂઠું, કિંમત જણાવી નથી.

પ્રેમલ જ્યોતિ: ગાંધીવિચાર પર આધારિત ત્રિઅંકી નાટક; લેખક અને પ્રકાશક હીરાલાલ ધ. મહેતા, ૨૯, સોમનાથ નગર સોસાએટી, નારણપુરા, અમદાવાદ ૧૩; પૃ. ૬૪, કાચું પૂઠું, કિ. અમૂલ્ય.

વૈષ્ણવજન: ગાંધીજીના આ પ્રિય ભજનમાં વ્યક્ત થતા આદર્શોના શ્રી વિષ્ણુ પ્રભાકરે મરાઠીમાં કરેલા નાટ્યાત્મક નિરૂપણનો સરળ અનુવાદ; કરનાર 'ઉત્સુક'; પ્ર. ઉન્મેષ પ્રકાશન, દેસાઈ ફળિયા, નવા દહેરા, ભરૂચ; પૃ. ૩૬, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

વૈષ્ણવજન તો: વૈષ્ણવનાં ૨૧ લક્ષણોની શ્રી 'લહરિ'એ આપેલી સમજૂતી; પ્ર. શ્રી રમણલાલ અને મોહનલાલ લ. હરિભાઈ, ૧૦૧

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી રવિશંકર મ. જોષી

જન્મ : ૧ સપ્ટેમ્બર ૧૮૯૭. ભાવનગરમાં અભ્યાસ કરી ત્યાંની સામળદાસ કૉલેજમાં ૨૫ વર્ષ પ્રાધ્યાપક; પછી રાજકોટની ધર્મેન્દ્ર કૉલેજના પ્રાચાર્ય. ત્યાંથી નિવૃત્ત થયા બાદ અમદાવાદમાં લૉ કૉલેજમાં આર્ટ્સ વિભાગમાં પાંચ વર્ષ અધ્યક્ષ. શુદ્ધ સાહિત્યની ઝંખના ને તેનું તલસ્પર્શી જ્ઞાન, ને વિદ્યાર્થીઓ પર મમતા. વિષયને સરળ તથા રસમય બનાવી ગુજરાતી ભાષાનું ગૌરવ વધારવાની એમને સતત જિજ્ઞાસા રહી છે.

૧ આપના પ્રિય કવિ અને લેખક તથા પુસ્તક? ગુજરાતી સાહિત્યના કયા યુગની વધુ રુચિ?

◖ કાલિદાસ, નાનાલાલ તથા વિક્ટર હ્યુગો. પ્રિય પુસ્તક 'લ મિઝરાબ્લ.' સાહિત્યમાં પંડિતયુગ વધુ ગમે.

૨ ગુજરાતીમાં પ્રિય લેખક? જીવનમાં વધુ પ્રેરણા કોની?

◖ ગોવર્ધનરામ અને કાકા કાલેલકર. અભ્યાસકાળમાં પ્રિ. શાહાણીની અને જીવનઘડતરમાં સર પ્રભાશંકર પટ્ટણીની.

૩ જીવન-સાર્થક્ય શામાં માનો છો?

◖ મારા શિષ્યવૃંદની ઉન્નતિ નિહાળવામાં.

૪ હાલ નિવૃત્તિમાં શી પ્રવૃત્તિ કરો છો?

◖ સાહિત્ય-જ્ઞાન-પ્રચાર અને આધ્યાત્મિક જીવનનો આનંદ.

૫ કાવ્યની વ્યાખ્યા? કલ્પના અને કાવ્યને શો સંબંધ?

◖ કાવ્યની વ્યાખ્યા તો કઠિન છે; છતાં એમાં કલ્પના, ઊર્મિ ને સૌંદર્ય એ પ્રાણભૂત તત્ત્વો છે. કવિતા કલ્પનાને ઉત્તેજે છે. કલ્પના જીવનના દરેક ક્ષેત્ર, પ્રશ્ન અને વ્યક્તિને સમજવાની શક્તિ આપે છે. આથી કવિતા દ્વારા જીવન પ્રતિ સહાનુભૂતિ જાગે છે, સૌ તરફ મૈત્રીભાવ ઉદિત થાય છે. માનવ-કલ્યાણનું આ રીતે કવિતા મહત્ સાધન થઈ શકે છે.

૬ કવિતાની સૌંદર્ય પર શી અસર?

◖ કવિતા સૌંદર્યદૃષ્ટિ ખીલવી માનવીને ઊર્ધ્વ ભૂમિકામાં વિહરતો કરે છે. સૌંદર્ય પરમાત્મા પ્રેરિત તત્ત્વ છે. એની સાધનાથી માણસ પરમ તત્ત્વ પામે છે.

રવિશંકર મ જોષી

સેન્ટ જ્યૉર્જિઝ રોડ, ઈસ્ટ લંડન, દ. આફ્રિકા. પૃ. ૮૮, કાચું પૂઠું, કિં. જણાવી નથી.

દાંડીકૂચ (બે કાવ્યો) : ગાંધી જન્મશતાબ્દી વર્ષ પ્રસંગે દાંડીકૂચ વિષયક ગુજરાતી કાવ્યોનું સંશોધનાત્મક અધ્યયન કરવાની યોજનાના આશ્રયે પ્રગટ કરેલાં મણિભાઈ દેસાઈ અને જયકૃષ્ણ સૂરતીનાં બે કાવ્યો; પ્ર. સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧; પૃ. ૧૩૨, કાચું પૂઠું, રૂ. ૩.

ગાંધીધ્વનિ : શ્રી હસિત બૂચનાં કાવ્યો; પ્ર. શ્રીમતી હસિત હ. બૂચ, રાજકોટ; પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

ઘરઘરની જયોત : 'ગુજરાત સમાચાર'માં દર મંગળવારે સ્ત્રીઓનાં પ્રશ્નો ચર્ચતી એ નામની કટારના લેખોમાંથી ચૂંટેલા લેખોનો સંગ્રહ. લે. વિનોદિની નીલકંઠ; પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧; પૃ. ૧૩૬, પાકું પૂઠું, રૂ. ૨-૭૫.

મહાન વૈજ્ઞાનિકો ખંડ–૭ : કિશોરોને જ્ઞાન ને આનંદ આપી વિજ્ઞાનમાં રસ લેતા કરે એવી, વૈજ્ઞાનિકોનાં જીવનચરિત્રોની શ્રેણીનો સાતમો ભાગ; લે. નરસિંહ મૂ. શાહ, પ્ર. ઉપર મુજબ; પૃ. ૮૧, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

ભાષાન્તરનિધિ પ્રકાશન

ભાવનગર

આજે જ્યારે માતૃભાષા દ્વારા જ્ઞાન ઉપાર્જનનો મહિમા વધતો જાય છે ત્યારે બીજી ભાષામાં લખાએલા ઉચ્ચ પ્રકારના સાહિત્યનું અવતરણ ગુજરાતીમાં થાય તો લોકોની મહત્ત્વની જરૂરત સંતોષાય એ ઉદ્દેશથી ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર સરકારે ભાષાન્તર-નિધિ (ટ્રાન્સલેશન ટ્રસ્ટ)ની રચના કરેલી. આજસુધી એના તરફથી ઘણાં ઉપયોગી પુસ્તકો બહાર પડયાં છે. તેમાંનાં છેલ્લાં :

નેફા પ્રદેશ જ્યાં ચીની સૈન્યો ત્રાટક્યાં હતાં : પહાડો તથા નિરંતર વહેતી નદીઓ, લાકડાના કાચા પુલો અને હિમાચ્છાદિત શિખરોવાળા પ્રદેશનું તાદૃશ વર્ણન કરતું, મૂળ મરાઠી લેખિકા કુસુમ નારગોળકર પરથી શ્રી 'હરિશ્ચંદ્રે' અનુવાદિત કરેલું, ઐતિહાસિક અને ભૌગોલિક દૃષ્ટિએ મૂલ્યવાન પુસ્તક; પૃ. ૨૭૨, પાકું પૂઠું, રૂ. ૪.

ગણિતશાસ્ત્રીની ક્ષમાપના : ઇંગ્લૅંડના ગણિતજ્ઞ ગૉડફ્રે હૅરલ્ડ હાર્ડીએ ગણિતશાસ્ત્રનું આલંબન લઈ પોતાના જીવનદર્શનની કરેલી મીમાંસા રજૂ કરતું દાર્શનિક પુસ્તક; અનુ. શંભુપ્રસાદ સોમનાથ દવે, કાચું પૂઠું, રૂ. ૨.

મુસ્લિમ તહેવારો અને રિવાજો : મુસલમાનોના ધર્મ અને સમાજવ્યવસ્થા વિષે અન્ય ધર્મીઓમાં પ્રવર્તતી ગેરસમજ દૂર થાય એટલું જ નહિ. ખુદ મુસ્લિમો પણ પોતાના ધર્મ વિષે સાચી સમજ કેળવી શકે એ રીતે મુસ્લિમોના તહેવારો ને રિવાજો સમજાવતા શ્રીપાદ જોશીના પુસ્તક પરથી અનુ. મોહનભાઈ ઝવેરભાઈ પટેલ; પૃ. ૧૦૦, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

સભ્યતાની કથા : સભ્યતા (civilization)ના હાર્દને પકડી, એને અનુરૂપ વિગતો સરળ ને સચોટ રીતે પ્રગટ કરતી, પ્રખ્યાત અંગ્રેજ વિચારક સી. ઈ. એમ. જોડની પુસ્તિકાનો શ્રી મૂળશંકર મો. ભટ્ટે કરેલો અનુવાદ; પૃ. ૯૨, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

મદિરા : પ્રખ્યાત ગ્રીક નાટકકાર યુરિપીડીઝની જાણીતી નાટ્યકૃતિ 'મીડિયા'નો શ્રી ચંદ્રવદન મહેતાએ કરેલો અનુવાદ; પૃ. ૯૩, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

સાગરઘેલી : નાટ્યરચનામાં નવો ચીલો પાડનાર નૉર્વેજિયન લેખક હેનરિક ઈબ્સનના જાણીતા નાટકના 'લેડી ફ્રૉમ ધ સી' નામક અંગ્રેજી અનુવાદનો શ્રી યશવંત શુક્લે કરેલો સચોટ અનુવાદ; પૃ. ૨૧૨, કાચું પૂઠું, રૂ. ૩.

પરમાણુ રહસ્ય : પ્રોફેસર એલિંગ હેક્ટના પરમાણુમાં રહેલાં કેન્દ્રીય બળોને સમજાવતા 'એક્સપ્લેઇનિંગ ધી ઍટમ' નામક પુસ્તકનો શ્રી વાસુદેવ વ્યાસ ને શ્રી હીરાલાલ ભાવસારે કરેલો અનુ.; પૃ. ૨૫૧, પાકું પૂઠું, રૂ. ૪.

સુખની સિદ્ધિ : મનુષ્ય જાતિને દુઃખમાં સબડતી જોઈ ખૂબ ચિંતિત રહેતા, હમણાં જ અવસાન પામેલા વિશ્વખ્યાત ચિંતક બર્ટ્રાન્ડ રસેલના, દુઃખ દૂર કરવાના મનનીય ઉપાયો બતાવતા ગ્રંથ 'કૉન્કવેસ્ટ ઑવ હૅપિનેસ'નો શ્રીમતી વિનોદિની નીલકંઠે કરેલો અનુવાદ; પૃ. ૨૫૬, કાચું પૂઠું, રૂ. ૪.

ગાંડપણનું માનસ : વિષમધારણ માનસશાસ્ત્ર (ઍબ્નૉર્મલ સાઇકૉલૉજી)ના સિદ્ધાંતો સરળ, સ્પષ્ટ છતાં વૈજ્ઞાનિક રીતે સમજાવતા શ્રી બર્નાર્ડ હાર્ટના પુસ્તકનો શ્રી નટવરલાલ પ્ર.

ઘરશાળા પ્રકાશનમંદિર
તખ્તેશ્વર પ્લૉટ • ભાવનગર-૨

જાતકકથાઓ (ભાગ ૧ ને ૨, ત્રીજી આવૃત્તિ): ભગવાન બુદ્ધના પૂર્વજન્મોની પંદર બોધકકથાઓ. પૃ; ૫૧૮ અને ૪૦; કાચું પૂઠું, કિ. અનુક્રમે ૧–૫૦ અને ૬૦.

ભયનો ભેદ: પ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક અને પ્રયોગકાર શિક્ષણશાસ્ત્રી એ. એસ. નીલના નાનકડા એકાંકી નાટકનું ગુજરાતીમાં રૂપાંતર (બીજી આવૃત્તિ); પૃ, ૨૪, કાચું પૂઠું, ૫૦ પૈસા.

જીવનની કેળવણી: આજના યુગમાં અનિવાર્ય એવાં વિચારશુદ્ધિ અને વૈજ્ઞાનિક વલણને કેળવવા માટેના પ્રાણપ્રશ્નો ચર્ચતા બાર મનનીય લેખો; પૃ. ૮૫. કાચું પૂઠું, રૂ. ૧.

સ્વાતંત્ર્યનો પ્રયોગ: શિક્ષણ દરમિયાન શારીરિક શિક્ષાનો ત્યાગ, મહેણાં-ટોણાંનો ત્યાગ, વિદ્યાર્થીઓનું સન્માન, એમની રુચિ-અરુચિ, શિક્ષણક્રમની રચના, પરીક્ષાપદ્ધતિ, ઈનામ અને હરીફાઈ, વગેરે પ્રશ્નોની છણાવટ કરતા લેખો; પૃ. ૧૨૬, કાચું પૂઠું, રૂા. ૧–૫૦

બાળકોની કથની: ઇજનેર, વહેમી માતાપિતા, મજૂર, ધનાઢ્ય અને કોકીલાં દાદી માના પુત્ર એવા સમાજના વિવિધ સ્તર પાંચ કિશોરનાં આત્મકથાનકો. જુદાંજુદાં વાતાવરણનો પરિચય આપતાં આ કથાનકો બાળકોના ઉછેર અંગે યોગ્ય એવા અનેક માર્ગદર્શન વિચારો પ્રકટાવી રહે છે; પૃ. ૮૨ કાચું, પૂઠું રૂ. ૧.

બાલમહિમા: બાળકના વિકાસ અને તેના વ્યક્તિત્વ પર પડતી માતાપિતાની સીધી કે આડકતરી અસરો પ્રત્યે યોગ્ય સમજ આપતા એકતાલીસ મનનીય લઘુલેખો. પૃ. ૭૧

કોઈએ નહોતું કીધું: ઊગતા યુવાનોના જાતીય પ્રશ્નોની મીમાંસા. શિક્ષણ અને બાલમાનસના પીઢ અનુભવી અને અભ્યાસી શ્રી હરભાઈ ત્રિવેદીના અભ્યસનીય લેખો અને સંપાદનો; પૃ. ૯૭, કાચું પૂઠું, રૂા. ૧–૭૫.

કંઠસ્થ વ્યાકરણ: ધો. ૪ થી ૧૧ના વિદ્યાર્થીઓને ઉપયોગી ગુજરાતી વ્યાકરણનો પદ્યમાં પરિચય કરાવતી પુસ્તિકા; કર્તા; અનંત વા. જાની, પૃ. ૭૬, કાચું પૂઠું, રૂ. ૧–૫૦.

યજ્ઞ પ્રકાશન
હુઝરાત પાગા • વડોદરા-૧

શિક્ષણવિચાર: 'મારું સમગ્ર જીવન શિક્ષણ-કાર્યમાં વીત્યું છે : ક્યારેક આત્મ શિક્ષણ ચાલ્યું તો ક્યારેક વિદ્યાર્થીઓનું શિક્ષણ થયું. એટલા માટે વાચકોને આમાં કેવળ અનુભવપૂર્ણ વિચારો જ મળશે, સ્વચ્છન્દ વિચાર નહિ.' આમ પ્રસ્તાવનામાં કહેતા શ્રી વિનોબા ભાવેનું શિક્ષણ વિષેનું ચિંતન રજૂ કરતું મનનીય પુસ્તક; પૃ. ૨૪૦. કાચું પૂઠું, રૂ, ૨–૫૦.

ભાગવતધર્મ સાર: મૂળ ભાગવતના એકાદશ સ્કંધમાંથી ચયન કરી શ્લોકોને અધ્યાયોમાં વહેંચી, શ્રી વિનોબાજીએ તૈયાર કરેલો ચિંતનપૂર્ણ ગ્રંથ; અનુ. ઉષાબહેન વોરા ને ગીતાબેન રાયજી, પૃ. ૩૦૨, કાચું પૂઠું રૂ. ૩

શ્રી ઉમાશંકરને અભિનંદન



ગુજરાતના મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશીની કેન્દ્રસરકારની રાજ્યસભામાં તાજેતરમાં થએલી નિમણૂક એ સર્વ ગુજરાતીઓને માટે ગૌરવની વાત છે. કાવ્ય ઉપરાંત સાહિત્યમાં વાર્તા, નાટક, વિવેચન, સંશોધન, સંપાદન આદિ વિવિધ ક્ષેત્રે પણ એમની પ્રતિભાનો સંચાર થયો છે. અલબત્ત, વિશેષ સિદ્ધિ એમને કવિતાક્ષેત્રે સાંપડી છે. એમના કાવ્યસંગ્રહ 'ગંગોત્રી'ને રણજિતરામ સુવર્ણચંદ્રક, 'પ્રાચીના'ને નર્મદ સુવર્ણચંદ્રક, 'મહાપ્રસ્થાન' માટે સ્નેહરશ્મિ-પારિતોષિક, 'અભિજ્ઞા' માટે નાનાલાલ પારિતોષિક તે તે સમયગાળાના શ્રેષ્ઠ સંગ્રહ માટે મળ્યાં છે, તેમ ઈ. ૧૯૩૫ થી ૬૦ની પચ્ચીસીની શ્રેષ્ઠ કૃતિ માટેનું એક લાખ રૂપિયાનું ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક અરધે ભાગે મળ્યુંછે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદ ઉપરાંત કેન્દ્રની સાહિત્ય અકાદમીમાં ગુજરાતી સાહિત્યનું પ્રતિનિધિત્વ પણ તેઓ ધરાવે છે.

યુનિવર્સિટી-શિક્ષણના સંદર્ભની સાથેસાથે એમણે યુરોપ, અમેરિકા, ચીન આદિ વિદેશોની સાહિત્ય-સંસ્કારયાત્રાઓ કરી છે અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે હમણાં બીજી વાર તે આવ્યા છે. રાજકારણ, સમાજકારણ અને અર્થકારણની ચિકિત્સામાં પણ તેમની અદ્યતન જાણકારી અને પ્રકૃતિની નિર્ભીકતા જણાય છે. પ્રકૃતિએ સંવેદનાશીલ છતાં તેઓ પ્રબુદ્ધ વિચારક છે અને તેમની દૃષ્ટિનો વ્યાપ સમસ્ત રાષ્ટ્રના હિતને આવરી લે છે. આથી તેઓ જન્મે ગુજરાતી છતાં સાચા અર્થમાં ભારતીય છે, અને સાહિત્યના સંદર્ભમાં તો વિશ્વનાગરિક કહી શકાય એટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

શ્રી ઉમાશંકર પોતાની જીવનયાત્રામાં એક પછી એક ઉન્નતિનાં શિખર ચડતા જ રહ્યા છે. એમને રાજ્યસભામાં સ્થાન મળ્યું છે તે માટે તેમને હૃદયપૂર્વક અભિનંદન આપીએ.–કૃ. દી.

સદાયે રચનાલક્ષી અને સન્નિષ્ઠ તથા અજાતશત્રુ કહી શકાય તેટલા સાત્ત્વિક સજ્જન

કર્મઠ પત્રકાર
કપિલરાય મહેતા

લેખક
બળવંતરાય શાહ



આઝાદીના આંદોલનથી આરંભીને સ્વાતંત્ર્ય પછીનાં બાવીસ વર્ષ સુધીની વિકાસયાત્રાના દીર્ઘકાળ દરમિયાન ગુજરાતની આકાંક્ષાઓ અને અરમાનો તથા સમાજની જાગૃતિ અને આદર્શોના ઘડતરનું જે કાર્ય થયું તેમાં કપિલરાયનું પ્રદાન ચિરસ્મરણીય રહેશે.

એ ખુરશી પર આરૂઢ વ્યક્તિનું વ્યક્તિત્વ આજે પણ નજર સમક્ષ તરવરે છે. પોતાની આદત મુજબ આગળ રહેતી ઑફિસની ઘડિયાળના કાંટા સાડા બારથી એકની વચ્ચે આંટો મારતા હોય ત્યારે, નીચે ચીમનભાઈની[1] કૅબિનમાં અખબારી દિનચર્યાની મસલત કરીને, બગલાની પાંખ જેવી શ્વેત શુદ્ધ ખાદીનો ઝભ્ભો, અણિયાળી ગાંધી ટોપી, બાફ્ટાની બંડી, ચાલની ઝડપને જાળવતો ધોતિયાનો કછોટો, અહિંસક ચામડાની ચંપલ ને હાથમાં પોર્ટફોલિયો લઈ કપિલભાઈ આવે. ટેબલની ડાબી બાજુએ પોર્ટફોલિયો મૂકી, હૅન્ગર પર બંડી ભરાવી, ટેબલના જમણા ખાનામાં કાળજીપૂર્વક ટોપી મૂકે, અને ટપાલ જોતા હોય એટલામાં જ જાહેરખબર વિભાગના વડા હરસુમનભાઈ[2] આવીને બેઠક જમાવતાં વાતોનો આરંભ થાય: 'આશા આવી છે; માર્કંડકાકાનો કાગળ હતો; કેતકીના બાબાને તાવ ઊતરી ગયો છે' વગેરે સગાંસ્નેહીઓની ખબરઅંતરની આપલે વખતે એ બે વડીલોની મુખમુદ્રાને ત્રાંસી તીણી નજરે નિહાળતા ચંદ્રભાઈ[3] કોક વાર ટહુકો કરી લે કે 'ડોશીઓની વાતો શરૂ થઈ!'...વર્ષો સુધી જોએલું આ દૃશ્ય હવે વિલીન થઈ ગયું છે. કોક વાર એની ઝાંખી થતી હોવાનો આભાસ થાય છે ખરો.

વર્ષો પહેલાંની વાત છે. ત્યારે અમે 'ગુજરાત સમાચાર'માં હતા. એક દિવસ મને બોલાવીને કહ્યું: 'આજનો તંત્રીલેખ તમે લખજો!'

'કેમ કંઈ તબિયત સારી નથી?'

'ના, તબિયત તો સારી છે.' ગાંધીમાર્ગી હછેર હોવાને કારણે તેઓ અસત્ય બોલતાં અચકાયા. 'તો પછી...?' ત્યારે ત્યાં ચાલતી આંતરિક ખટપટનો મને અણસાર હોવાથી કંઈક વિશેષ જાણવાની કુતૂહલવૃત્તિ થઈ.

'માનસિકરીતે અસ્વસ્થ છું!' એમણે ટૂંકમાં પતાવવા કોશિશ કરી.

'પણ એવું તે શું બન્યું છે?'

'આજના તંત્રીલેખમાં એક ભૂલ થઈ છે!' એમ કહી લમણે હાથ મૂકતાં ગદ્ગદ કંઠે આગળ ચલાવ્યું: 'વાતાવરણમાં શું ચાલે છે એ તમે જાણો છો. આવી સ્થિતિમાં કામ કરતાં આમ ભૂલ થઈ જાય એના કરતાં તો—' તેઓ આગળ ન બોલ્યા. પરંતુ એમના કહેવાનો ભાવાર્થ કળાઈ ગયો. એ બીજા દિવસના તંત્રીલેખને છેડે પોતાની (એ નજીવી પણ) ભૂલનો એકરાર કરતો સુધારો મૂક્યો ત્યારે જ એમને શાંતિ વળી.

૧ 'સંદેશ' પત્રના સર્વેસર્વા મૅનેજિંગ ડાયરેક્ટર; ૨ કપિલરાયના પિતરાઈ ભાઈ અને 'સંદેશ'ના જાહેરાત વિભાગના વડા; ૩ કાર્ટૂનિસ્ટ.

કેશવનગરમાં કરકસરથી બાંધેલા એમના બંગલાનું વાસ્તુ હતું. ઑફિસના સહકાર્યકરોમાંથી કોઈકે પૂછ્યું: 'કપિલભાઈ, આ ઓરડામાં વેન્ટિલેટર્સ તો નથી.' શ્રોતાની ધીરજ ખૂટી જાય એમ માંડીને ચોકસાઈપૂર્વક વાત કરવાની એમની આદત મુજબ એમણે જમીનના માપથી માંડીને બાંધકામની ઝીણામાં ઝીણી વિગતો આપતાં કહ્યું: 'જુઓ, આ ઓરડાની લંબાઈ-પહોળાઈ આટલી; એમાં આટલા ઘનફૂટ હવા માય; ઑક્સિજનનું પ્રમાણ હવામાં આટલું; એટલે હું, શશિલેખા અને કેતકી ત્રણે, બધાં બારણાં બંધ કરીને, ત્રણ દિવસ પુરાઈ રહીએ તો ય કશી આંચ આવે નહિ!' તંત્રીલેખ લખતાં આંકડા કે હકીકતની ચોકસાઈ માટે ખાસ્સો કલાકેક જેટલો સમય જાય તો પણ કંટાળ્યા વિના એનો આગ્રહ રાખવાનો આ ગુણ કદાચ એમની પેઢીના લોહીમાં વણાઈ ગયો હશે.

ઑફિસમાં તેઓ વડીલ હોવા છતાં વડીલપણું એમણે દાખવ્યું નથી. રાજકારણની કે અન્ય કોઈ વિષયની ચર્ચા દરમ્યાન વિરોધ પક્ષના વિદ્યુતભાઈનો કે મારો ઘાંટો કોક વાર ઊંચો થઈ જાય તો યે એમણે ટકોર સરખી યે કરી નથી. તંત્રી હોવા છતાં ખુરશીની ખુમારી એમના ચહેરા પર જોઈ નથી. કલમની શક્તિ હોવા છતાં એની દ્વારા કોઈની ખબર લઈ નાખવાની વૃત્તિ કદી દાખવી નથી. વીસ વરસમાં એમને કદી ગુસ્સે થતાં જોયા નથી. કોઈક વાર બહુ અસ્વસ્થ બને તો છણકો કરીને છાના રહી જવામાં જ એમનો ગુસ્સો ગળી જતો. પીતાંબરભાઈ (પટેલ) એમને જે 'સજ્જન તંત્રી' કહેતા તે એમના માટે યથાર્થ જ હતું.

તા. ૧૯૧૧ની નવમી માર્ચે સૌરાષ્ટ્રના ભાવનગર શહેરમાં એમનો જન્મ. માતાનું નામ નાનીબહેન અને પિતા મનવંતરાય મહેતા. કાઠિયાવાડ વિષેની નામીચી કહેવતનો અંશ પણ એમનામાં નહિ. નાગરી ન્યાતના પ્રણાલીગત શૉખ–તમાકુવાળા પાન અને હોંચકા–થી અલિપ્ત



'સંદેશ'ના તંત્રીમંડળમાં ચર્ચા કરતા કપિલરાય, જેમની સાથે વાત કરે છે તે ઉપતંત્રી બળવંતરાય શાહ, (આ લેખના લેખક) અને તેમની બંનેની વચ્ચે કાર્ટૂન-કલાકાર 'ચંદ્ર'

શ્રોતાની ધીરજ ખૂટી જાય એમ માંડીને વાત કરવાની આદત; આંકડા કે હકીકતની ચોકસાઈ માટે ખાસ્સો કલાક જાય તો પણ કંટાળ્યા વિના તેનો આગ્રહ રાખવાનો ગુણ.

નીચે: પત્ની શશિલેખા સાથે

નહિ, પરંતુ એની મુત્સદ્દીગીરીનો પાશ લાગેલો નહિ. દસ વર્ષની વયે માતૃસુખ ગુમાવતાં કૌટુંબિક સંજોગોને કારણે એમણે પ્રાથમિક શિક્ષણ મુંબાઈની ગ્રાન્ટરોડ પરની મ્યુનિસિપલ શાળામાં લીધું. થોડો સમય ફૉર્ટ ઍન્ડ પ્રોપ્રાએટરી શાળામાં અભ્યાસ કર્યો ત્યાં રાષ્ટ્રીય ચળવળનો આરંભ થયો, એટલે પિતાતુલ્ય માર્કંડકાકાની ઇચ્છાને માન આપીને ઈ. ૧૯૨૩માં વીલે પારલેની રાષ્ટ્રીય શાળામાં દાખલ થયા. ત્યાં એમની વૃત્તિઓએ ચોક્કસ વળાંક લીધો. વીલે પારલેમાં વવાએલાં એ બીજમાંથી જે અંકુર ફૂટચો તેને બે શિક્ષકો–ગોકુળભાઈ (દોલતરામ ભટ્ટ) અને દિલખુશભાઈ (દીવાનજી)ના સહવાસના મીઠા પાણીનું સતત સિંચન મળતાં તે ધીમેધીમે ઊછરીને મોટો છોડ થયો: તે ચુસ્ત ગાંધીવાદી બન્યા ને ત્યાં લીધેલા શુદ્ધ ખાદી પહેરવાના વ્રતનું એમણે જીવનભર પાલન કર્યું.

મુંબાઈમાં મૅટ્રિક થતાંમાં રાષ્ટ્રીય રંગે રંગાઈ ચૂકેલા કપિલભાઈ ઈ. ૧૯૨૮માં ઉચ્ચ શિક્ષણ માટે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા. કૉલેજજીવન વિષે બંધાએલા કિશોરકાળના હવાઈ કિલ્લા એ વિદ્યાપીઠે ભોંય ભેગા કર્યા, અને જીવનના ઘડતર માટે એથી યે ઉન્નત કિલ્લા બાંધી આપ્યા. તત્કાલીન પ્રચલિત પશ્ચિમના પાશવાળી ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરીને બી.એ. બનવાને બદલે તેઓ રાજકારણ અને અર્થશાસ્ત્રના વિષયો સાથે વિદ્યાપીઠના સ્નાતક બન્યા.

વિદ્યાપીઠમાં થએલા અનેકવિધ મિત્રોમાં ત્રણ વ્યક્તિઓ ખાસ તરી આવે છે: પ્રથમ મિલને પ્રેમ થાય એમ, પુરાતન બુચને જોયા ત્યારથી





બ્રિટિશ સરકારના નિયંત્રણથી ત્યાંનાં અખબારોનો અભ્યાસ કરવા ગયા ત્યારે ગિલ્ડહૉલની મુલાકાતપોથીમાં સહી કરતા; પાછળ: મુંબાઈની બ્રિટિશ ઈન્ફરમેશન સર્વિસિઝના શ્રી વિષ્ણુકુમાર પંડ્યા અને મદ્રાસના 'ન્યૂ ઇંડિયા'ના સમાચારતંત્રી શ્રી અરુણ

જ બંનેએ એકબીજાને ઓળખી લીધા. નવા સાથીની શોધ કરવા આ યુવાનને પુરાતનના નિખાલસ કવિહૃદય અને ભાવનામય સંસ્કારિતાએ આંજી દીધા. એ જ પુરાતને 'ચશ્માં ન પહેરતા, ફક્કડ વાળ ઓળતા, સૌમ્યમુખી' કપિલભાઇનો પરિચય અમદાવાદના કરોડપતિ અંબાલાલ સારાભાઈની બળવો કરીને વિદ્યાપીઠમાં અભ્યાસ માટે આવેલી પુત્રી મૃદુલાબેન સાથે કરાવ્યો; ને બે વર્ષમાં તો ખાદીમંડળના મંત્રી, 'સાબરમતી'ના તંત્રી અને પછી મહામંત્રી તથા સહાધ્યાયી તરીકે એમનો મૃદુલાબેન સાથેનો પરિચય વધ્યો. કપિલભાઇએ એમને 'અંતરની બહેન' તરીકે સ્વીકાર્યાં અને એ બહેને પણ કપિલભાઈની કૅન્સરની આખરી બીમારી દરમ્યાન સગાં બહેન જેવી ફરજ અદા કરી. ત્રીજી ઈન્દ્રવદન ઠાકોરની મિત્રાચારી ને ઠાકોર-કુટુંબ સાથેનો ઘરોબો એમના પત્ર અખબાર (ગુજરાત સમાચાર)માં પત્રકાર તરીકેની એમની કારકિર્દીમાં પરિણમ્યો.

વિદ્યાપીઠના અભ્યાસકાળ દરમ્યાન જ એમણે જીવનનું સાચું અને સાત્ત્વિક ભાથું બાંધ્યું. રાષ્ટ્રીય આંદોલનનો એ સમય. રાષ્ટ્રપિતા ગાંધીજી પણ ત્યારે અમદાવાદમાં. આથી રાષ્ટ્રજીવનના અનેક અગ્રણી નેતાઓ—રાજાજી, સરહદના ગાંધી, અબ્બાસ સાહેબ, મીરાંબહેન, જયરામદાસ, સત્યમૂર્તિ વગેરેના નિકટ પરિચયમાં આવવાની તક મળી. સરદાર સાહેબ, ઠક્કરબાપા અને નરહરિભાઈનો સહવાસ તો સાંપડેલો. કાકાસાહેબ કાલેલકર જેવા વિદ્વાનની છાયામાં અભ્યાસ કર્યો. એમની કેટલી યે સદ્‌વૃત્તિઓ અને જ્ઞાન કાકાસાહેબને જ આભારી હતાં. કાકાસાહેબનો પુત્ર બાળ (બળવંતરાવ) પણ એમનો સહાધ્યાયી અને મિત્ર. 'સીતાત્યાગ' જેવાં બેએક કાવ્યો લખીને હોંશેહોંશે બાળને વંચાવવા ગયા, પણ બાળે એમને નિરુત્સાહ કરતાં એમની કવિતા ત્યાં જ અટકી ગઈ.

ઈ. ૧૯૩૦ના માર્ચમાં ગાંધીજીએ ઐતિહાસિક દાંડીકૂચનો આરંભ કર્યો. તેની 'અરુણ ટુકડી'માં સત્યાગ્રહી તરીકે જોડાવાનો લહાવો પણ એમને મળેલો. રસ્તે દેલાડ ગામે માંદગીમાં સપડાયા ને એ માંદગીએ જ ગાંધીજી સાથે એમનો નિકટ પરિચય કરાવ્યો. ત્યાર પછીના સત્યાગ્રહના આંદોલન દરમ્યાન એમની છાવણી ગેરકાયદે ઠરતાં એમની ધરપકડ થઈ.





"અમેરિકામાં ત્યાંનાં જંગી રાષ્ટ્રીય અખબારોના ધમધમાટ જોવા-ફરવાનો આનંદ લેવામાં વખત ગાળવાનો નહિ પણ આપણા ગુજરાતી અખબારોનાં વ્યાપ-મર્યાદા ધરાવતા દોઢેક લાખના ફેલાવાવાળા એકાદ દૈનિકની કચેરીમાં એક અઠવાડિયું પ્રત્યક્ષ કામ કરવાની તક લેવાનો મારો તો ઇરાદો છે."

તદનુસાર ત્યાંના 'નૅશવિલે બૅનર'ના તંત્રીખાતામાં ટેબલ પર બેસીને કામ કરતા કપિલરાય ડાબી બાજુ; અને જમણી બાજુ: ત્યાંના મેયર બીવર્લી બ્રિલે સાથે એ જ પત્રનો અંક જોતા.

ચરવડા જેલમાં પાંચ માસની સજા દરમ્યાન ચક્કી પીસતાં વાગ્યું. પરિણામે પૂના જેલમાં ગાંધીજીના નિકટત્વનો લાભ મળ્યો, પણ એ ક્ષણજીવી નીવડ્યો. તરત એમની બદલી નાસિક જેલમાં કરવામાં આવી, જ્યાં તાવને કારણે વધુ ક્વિનાઈન લેતાં આવેલી બહેરાશ લાંબો સમય ચાલી.

ઈ. ૧૯૩૧ની ૧૧મી એપ્રિલે યોજાએલા પદવીદાન સમારંભમાં ગાંધીજીના હસ્તે સ્નાતકનું પ્રમાણપત્ર મેળવવા સાથે કપિલભાઇનો વિદ્યાર્થીજીવનનો આદર્શ પરિપૂર્ણ થયો. વિદ્યાપીઠની કડક અને શિસ્તબદ્ધ તાલીમને લીધે તરતાં તો શીખ્યા પણ ડૂબ્યા વિના સામે કાંઠે પહોંચવા જેટલી એ તૈયારી ન હતી. સ્નાતક થતાં કોઈ ઊંચે ઊડતા બલૂનમાંથી પૅરૅશૂટ સાથે નીચે ફેંકાયા હોય એવો ભાસ—ગભરાટ ને અનિશ્ચિતતાનો ભાવ એમને થયો. ત્યાં તો બોચાસણના ઉદ્યોગ મંદિરમાં શિક્ષકની કામગીરીનું ક્ષેત્ર મળી ગયું. એ શાળાને સર્વાંગ સુંદર બનાવવાના એમને કોડ હતા. એ જવાબદારીમાં તેઓ ગાંધીજીની કસોટીમાંથી પાર પણ ઊતરેલા. (પાછળથી મહેસાણા હાઈસ્કૂલના એક ટ્રસ્ટી તરીકે તેમજ હ. કા. આર્ટ્સ કૉલેજના પત્રકારત્વ વિભાગમાં અધ્યાપક તરીકે શિક્ષણકાર્ય સાથેનો એમનો સંબંધ છેવટ સુધી સચવાતો રહ્યો હતો.)


ઈ. ૧૯૩૨ની રાષ્ટ્રીય લડતમાં બોચાસણનું વિદ્યાલય જપ્ત થતાં તેઓ મુંબાઈ ગયા. ત્યાં થોડો સમય લડતનું, સ્વદેશીનું અને ખાદી ભંડારનું કામ કર્યું. પણ આ ગાળા દરમ્યાન એમની તબિયત ખૂબ લથડી. મુંબાઈની આબોહવા અનુકૂળ ન આવતાં ૧૯૩૪માં તેઓ અમદાવાદ આવ્યા અને 'સ્વદેશી મ્યૂઝિયમ'ના સૅક્રેટરી થયા. ત્યાંથી શ્રી ઈન્દ્રવદન ઠાકોર એમને આગ્રહ કરીને પોતાના સાથમાં લઈ ગયા અને એમના પત્રકાર જીવનના શ્રી ગણેશ મંડાયા. ત્યાં સૌપ્રથમ તો 'પ્રજાબંધુ પ્રેસ'ના જૉબખાતામાં જોડાયા. એ સ્થળે છાપખાનાં અંગેનું એટલું વ્યાપક ટેકનિકલ જ્ઞાન એમને મળ્યું કે વ્યવસાયી પત્રકાર તરીકેની પાછલી કારકિર્દીમાં મશીનો, ટાઈપ, અખબારી કાગળ વગેરેની જાણકારી ધરાવનારાઓ સાથે તેઓ તેની ઝીણામાં ઝીણી વિગતો સાથે ચર્ચા કરી શકતા. પ્રેસના એ જૉબ ખાતામાંથી સહતંત્રી ને છેવટે ગુજરાત સમાચાર દૈનિક જેવા ત્યારના તેજસ્વી દૈનિકના તંત્રીપદે પહોંચેલા કપિલભાઈએ, ૧૯૬૨ સુધીનાં ૨૮ વર્ષ ત્યાં અને ત્યાર પછીનાં ૭ વર્ષ 'સંદેશ'ના તંત્રીપદે ગાળેલાં. સાડા ત્રણ દાયકામાં ગુજરાતના અખબારી જીવનના અનેક આરોહ-અવરોહ નિહાળ્યા છે, અને તેને ઘડ્યા પણ છે. આઝાદીના આંદોલનથી આરંભીને સ્વતંત્રતા પછીનાં બાવીસ વર્ષ સુધીની વિકાસ-યાત્રાના દીર્ઘકાળ દરમ્યાન, ગુજરાતનાં અખબારોએ પ્રજાની આકાંક્ષાઓ અને અરમાનો તથા સમાજની જાગૃતિ અને આદર્શોના ઘડતરનું જે કાર્ય કર્યું તેમાં કપિલભાઈનું પ્રદાન ચિરસ્મરણીય રહેશે. 'ગુજરાત સમાચાર' સાથેની એમની ઓતપ્રોતતા એટલી પ્રગાઢ કે એને તો તેનો પોતાનું જ સર્જન ગણતા. પરિણામે, શ્રી ઇન્દ્રવદનની વિદાય સાથે એ પત્રનું માલિકી તંત્ર બદલાયા બાદ ૧૯૬૨માં ત્યાં અસહ્ય સંજોગો થતાં કપાતે જીવે રાજીનામું આપવાનો નિર્ણય એમણે લીધો ત્યારે બાળકથી વિખૂટી પડેલી માતાની જેમ ચોધાર આંસુએ તેઓ રડેલા.

ઈ. ૧૯૬૨માં 'સંદેશ'માં દાખલ થતાં કપિલભાઈની કારકિર્દીનો સૌથી ઉજ્જ્વલ તબક્કો શરૂ થયો. 'સંદેશ'નાં સાત વર્ષ દરમ્યાન પહેલાં બ્રિ-

નીચે: અમેરિકાના પ્રવાસ દરમિયાન એમણે ત્યાંના વિખ્યાત અવકાશયાન-મથક 'નાસા'ની મુલાકાત લીધેલી. તે વખતે ત્યાં બેસીને નોંધ લખતા. (પાછળ ચંદ્રયાન–લ્યુનર મૉડ્યુલ–નો નમૂનો છે.)







કપિલરાય પરનો ગાંધીજીનો એક પત્ર ગાંધીજીના નિકટત્વનો એમને સારો લાભ મળેલો. ડાબી બાજુ: 'નૅશવિલી બૅનર'ના તંત્રીમંડળની રોજિંદી સભામાં ચાલુ પ્રશ્નો પર ચર્ચા કરતા કપિલરાય. (ડાબેથી બીજા)

ભારતની સમસ્યાઓ વિષે ખોટી સમજ ધરાવતા અમેરિકાના અખબારનવેશો આગળ આંકડા સાથે વિગતવાર ખુલાસા કરીને એમણે આપણી વાસ્તવિક પરિસ્થિતિનો ખયાલ આપી દેશ વિષેની ઘણી ગેરસમજો દૂર કરેલી.

ટિશ સરકારના આમંત્રણથી ઇંગ્લૅંડ જઈ ત્યાંનાં અખબારોનો અભ્યાસ કર્યો, અને ૧૯૬૫માં એક માસ માટે અમેરિકાનો એવો જ અભ્યાસ-પ્રવાસ કર્યો. એ વખતે યોજાએલા વિદાય-સમારંભમાં એમણે કહ્યું હતું કે 'અમેરિકા પાસેથી સંપાદનની બાબતમાં આપણે ઓછું શીખવાનું છે, પણ ચોકસાઈ અને લેખનની બાબતમાં ઘણું શીખવાનું છે. અમેરિકામાં ફરવા-જોવાનો આનંદ લેવાનો નહિ પણ પ્રત્યક્ષ કાર્ય કરવાનો મારો ઈરાદો છે.' અને એ સંકલ્પને ચરિતાર્થ કરવા માટે એમણે ત્યાંનાં જંગી રાષ્ટ્રીય અખબારોના ધમધમાટ જોવામાં ઝાઝો સમય વ્યતીત ન કરતાં, આપણા ગુજરાતનાં પત્રોના વ્યાપ-મર્યાદા ધરાવતા લગભગ દોઢેક લાખના ફેલાવાવાળા ત્યાંના એકાદ રાજ્યના દૈનિકમાં એક અઠવાડિયું સાક્ષાત્ ટેબલ પર બેસીને ત્યાંની સર્વાંગ કામગીરીનો તલસ્પર્શી અભ્યાસ કરવા નિર્ધારેલું અને તદનુસાર ત્યાંના 'નૅશવિલે બૅનર' દૈનિકમાં સાક્ષત્ કામગીરી–અભ્યાસ કરેલો. અમેરિકાના નામી કટાર-લેખક વૉલ્ટર લિપમૅન સાથે પણ એમણે મુલાકાત માગેલી. ત્યાંના નિવાસ દરમ્યાન આમ પ્રવાસનો પૂરેપૂરો કસ કાઢવા ઉપરાંત ભારતની સમસ્યાઓ અને પ્રગતિ વિષે ખોટી સમજ ધરાવતા અમેરિકાના અખબારનવેશો આગળ આંકડા સાથે વિગતવાર ખુલાસા કરીને એમણે આપણી વાસ્તવિક પરિસ્થિતિનો ખયાલ આપી દેશ વિષેની ઘણી ગેરસમજો દૂર કરેલી. આશ્ચર્ય માત્ર એટલું જ થાય છે કે પત્રકારત્વના ક્ષેત્રે આટલી યશસ્વી કારકિર્દી હોવા છતાં ગુજરાતી સાહિત્ય પરિષદના પત્રકારત્વ વિભાગના પ્રમુખ બનવાનો યશ એમને ના મળ્યો!

'કાર્ય એ મારો ધ્યાનમંત્ર છે. પરિણામની હું ચિંતા કરતો નથી.' ગાંધીજીના આ વાક્યને એક કાગળમાં લખીને સતત પોતાની પાસે રાખતા કપિલભાઈ એક પીઢ, સદાયે રચનાલક્ષી, સન્નિષ્ઠ અને અજાતશત્રુ કહી શકાય એવા સજ્જન પત્રકાર હતા. એમના ગાંધીવાદી માનસને તીખા તમતમતા કે સનસનાટીભર્યા પત્રકારત્વમાં જરીકે રસ ન હતો. સસ્તા મનોરંજન કે ગલીપચી કરનારા લેખો કે સમાચારો પ્રસિદ્ધ કરીને છાપાનો ફેલાવો વધારવામાં તેઓ માનતા નહિ. એમનો શિક્ષક સ્વભાવ અખબારને સાચા અર્થમાં લોકશિક્ષણનું સાધન બનાવી ભારતની પાંગરતી લોકશાહીના ઘડતરમાં સર્જનાત્મક ફાળો આપવા સંકલ્પબદ્ધ હતો. આમ છતાં, વેદિયામાં ખપી જાય એવા શુષ્ક સોગિયા ગાંધીવાદી પણ તે ન હતા. વિદ્યાપીઠના શિક્ષણ અને તાલીમને લીધે ભાષાશુદ્ધિ માટે એમનો આગ્રહ એટલો ઉગ્ર કે દૈનિક અખબાર તૈયાર કરવાની ધમાલમાં પણ એમની ઝીણી નજર જોડણીની ભૂલો પર અચૂક પડતી. એમનો ગુણદર્શી સ્વભાવ સમાજનાં દુરિતોનો કાદવ ચૂંથવાને બદલે સમાજના રચનાત્મક પાસાં અને જીવનનાં ઉચ્ચતમ મૂલ્યોને જ પ્રકાશમાં મૂકવાનો આગ્રહ રાખતો. ગુજરાતી અખબારોનો ફેલાવો કૂદકે અને ભૂસકે વધેલો જોઇને એમને અવશ્ય આનંદ થતો અને 'સંદેશ'નો ફેલાવો એક લાખ સુધી પહોંચાડવાની એમની હોંશ લગભગ સંતોષાઈ હતી, છતાં અખબારોની ગુણવત્તા વધારવાનો હજી પૂરતો પ્રયાસ થતો નથી એનો એમને મન વસવસો પણ હતો.

પ્રજા-ઉત્થાનના જે કાળે પત્રકારત્વ એક 'મિશન' ગણાતું એવા સમયે તેઓ એ ક્ષેત્રમાં દાખલ થયા હોવાથી તેઓ અંગત આર્થિક લાભ પરત્વે હમેશાં ઉદાસીન રહ્યા હતા. આજના એવા લોલુપ વલણના જવાબ રૂપ એમની માન્યતા હતી કે 'First deserve and then desire' (લોલુપ થતાં પહેલાં લાયકાત ધરાવો.) હકીકતો માટેનો એમનો આગ્રહ, ચોકસાઈ માટેની ચીવટ અને ઝીણવટ, લખાણમાં અભ્યાસશીલતા, સમતોલ દૃષ્ટિ અને સદા ગુણદર્શી તથા રચનાત્મક વલણને કારણે એમના તંત્રીલેખોનું પોત ગુજરાતી પત્રકારત્વમાં સદા વિશિષ્ટ રહ્યું છે. તંત્રી તરીકે ન તો પ્રસિદ્ધિનો મોહ રાખ્યો હતો કે ન સમાજ કે જાહેર જીવનમાં આવવાની આતુરતા દાખવી હતી. એમણે જોકે સહકાર, શિક્ષણ વગેરે ક્ષેત્રે મૂક સેવાનાં કાર્યો સતત જારી રાખ્યાં હતાં અને એ સાથે પોતાની (નાગર) જ્ઞાતિને પણ વિસારી ન હતી. તેના ઉત્કર્ષની અનેકવિધ પ્રવૃત્તિઓમાં તે સદા સક્રિય સાથ આપતા. ઓછામાં ઓછી હક રજાઓ ભોગવી એકધારી નિષ્ઠાપૂર્વક કામ કરવામાં જ એમણે આનંદ માન્યો હતો. પરિણામે પત્ની શશિલેખા સાથે ધાર્મિક ક્ષેત્રોની યાત્રા કરવાનો વાયદો પણ અધૂરો જ રહી ગયો. શાસ્ત્રીય અને સુગમ સંગીતના રસિયા અને નાટકો જોવાનો શોખ માણુ માણે.

અગાઉ કોઇએ નહિ કરેલી એવી અમદાવાદ શહેરની ડિરેક્ટરી એમણે બે વાર તૈયાર કરી હતી. ઉપરાંત 'અમદાવાદ સર્વસંગ્રહ', 'રાષ્ટ્રપિતાના ચરણોમાં', 'દક્ષિણ ભારતની વિકાસ યાત્રા' અને અમેરિકાના ઉપપ્રમુખ હ્યૂબર્ટ હમ્ફ્રીની જીવનકથાનો અનુવાદ, એ એમનાં પુસ્તકો હતાં.


આમ, ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે કેટલીક રચનાત્મક કેડીઓ પાડનાર કપિલભાઇએ છેલ્લી જીવલેણ બનેલી કૅન્સરની માંદગીનો ભોગ બનતાં એમના છેલ્લા પત્રમાં લખ્યું હતું કે '૩૫ વર્ષમાં મેં જે કંઈ નિષ્ઠાપૂર્વક કર્યું છે તેથી ગુજરાતી પત્રકારત્વની સેવા જ થઈ છે એ સંતોષ લેવામાં હું અભિમાન કરતો હોઉં એવું મને નથી લાગતું'. નમ્રતાપૂર્વક લખેલા એમના આ શબ્દો એમના સમગ્ર જીવનને સાચી અંજલિ આપે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



એપ્રિલ ૧૯૪૫ અંક ૨૫૬

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં શરૂ થએલી 'મૂર્તિશાસ્ત્ર' વિષયક લેખમાળાના પાછલા હપ્તામાં મૂર્તિનાં અંગોમાં મુદ્રાઓ સુધીની વિગત રજૂ કરવામાં આવેલી. હવે આયુધોનો પરિચય કરીએ. દેવો જે વસ્તુઓ હાથમાં ધારણ કરે છે તે આયુધો કહેવાય છે. દેવોને ઓળખવામાં આ આયુધો મુખ્ય ભાગ ભજવે છે. દાખલા તરીકે જે દેવના ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ એ ચાર આયુધો હોય તે વિષ્ણુ. એવી જ રીતે પ્રત્યેક દેવ કે દેવી જુદાજુદા પ્રકારનાં આયુધો ધારણ કરે છે. નીચેના ચિત્રમાં માત્ર મુખ્યમુખ્ય આયુધોનાં જ આલેખનો આપ્યાં છે.




આ ઉપરાંત બીજાં પણ કેટલાંક આયુધો છે, પણ તે પરિચિત વસ્તુઓનાં હોવાથી અને ઓળખવાં સહેલાં હોવાથી અહીં તેમનાં ચિત્રો આપ્યાં નથી. વળી એવાં આયુધો થોડાંક જ છે. ચિત્રોની નીચે આયુધોનાં સંસ્કૃત નામ આપ્યાં છે, જે મોટે ભાગે પરિચિત છે. વળી, ચિત્રો જોઈને પણ સૌ તેમને ઓળખી શકશે એટલે ગુજરાતી નામોની જરૂર નથી. જે આયુધનું અંગ્રેજી નામ નથી આપ્યું તે અંગ્રેજીમાં સંસ્કૃત નામથી જ ઓળખાય છે. બધા પ્રદેશોમાં અને બધી મૂર્તિઓમાં આયુધો તદ્દન આ ચિત્રોમાં દર્શાવેલાં છે તેવાં જ અને એ જ રીતે ધારણ કરેલાં હોય છે એમ સમજવાનું નથી. જરાતરા ફેરફાર પણ હોય છે.પણ એ ફેરફાર આયુધોને ઓળખવામાં આડે આવતો નથી. —અમૃતલાલ વ. પંડયા

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

તા. ૬, ૧૯૩૦ દાંડીકૂચ પૂરી કરી ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કર્યો. ઈ.૧૯૩૦ના ફેબ્રુઆરીમાં કૉંગ્રેસે ગાંધીજીને સરસેનાપતિ નીમ્યા અને સરકાર જો કૉંગ્રેસની માગણીઓ ન સ્વીકારે તો મીઠાના કાયદાનો ભંગ કરી લડતનો આરંભ કરવાનો ગાંધીજીએ પોતાનો નિર્ણય વાઈસરૉયને જણાવ્યો. તદનુસાર ૧૨મી માર્ચે 'સ્વરાજ લીધા વિના કદી સાબરમતી આશ્રમમાં પાછા નહિ ફરવાના નિર્ધાર' સાથે મીઠાનો કાયદો તોડવા માટે આદરેલી દાંડીકૂચની ૨૪૧ માઈલ લાંબી પદયાત્રા પૂરી કરીને ૬ એપ્રિલે સવારે સૂરત જિલ્લામાં દાંડીના દરિયા કિનારે એમણે 'હિંદમાંથી અંગ્રેજી સામ્રાજ્યનાં મૂળ ઉખેડવાના પ્રતીક રૂપ' મીઠું ઉપાડી સરકાર સામે એક વ્યાપક અહિંસક લડતનો પ્રારંભ કર્યો, અને સમગ્ર દેશમાં એક ઉદ્રેક પ્રસારી દીધો. કાયદા ભંગ દ્વારા પરદેશી સરકાર સામેની લડતના એમણે ચીંધેલા આ નવા માર્ગે ચાલીને જ અંતે દેશે આઝાદી મેળવી છે.




તા. ૧૨, ૧૭૦૭ 'ગ્રેઈટ બ્રિટન'નો રાષ્ટ્ર-ધ્વજ 'યુનિયન ફ્લૅગ' હસ્તીમાં આવ્યો. રાણી ઇલિઝાબેથના મરણ પછી સ્કૉટલૅન્ડનો રાજા જેઈમ્સ સ્ટુઅર્ટ (જેઇમ્સ છઠ્ઠો) ઇંગ્લંડની ગાદીએ આવ્યો અને હવે સ્કૉટલૅન્ડ તથા ઈંગ્લંડ બંને એક જ રાજતંત્ર તળે આવતાં એ ઇંગ્લંડમાં જેઈમ્સ પહેલા તરીકે ગ્રેઈટ બ્રિટનનો રાજા બન્યો. આથી બંનેનો સંયુક્ત રાષ્ટ્રધ્વજ જરૂરી બન્યો પણ છેક ઈ. ૧૭૦૭માં એ દેશોના જોડાણને કાયદેસરનું સ્વરૂપ મળ્યું ત્યારે બંને દેશોના રાષ્ટ્રધ્વજને સાંકળીને ગ્રેઇટ બ્રિટનનો નવો રાષ્ટ્રધ્વજ 'યુનિયન ફ્લૅગ' રચવામાં આવ્યો. આગળ જતાં આયર્લૅન્ડ પણ જોડાતાં ત્યાંના રાષ્ટ્રધ્વજનું પણ ઉમેરણ થઈ આજનો 'યુનિયન જૅક' રચાયો. નીચે એ ધ્વજો દર્શાવ્યા છે.



સ્કૉટલૅન્ડનો ધ્વજ, ઇંગ્લંડનો ધ્વજ અને 'યુનિયન ફ્લૅગ'

તા. ૧૪, ૧૯૧૧ જંગી જહાજ 'ટિટાનિક'ની જલસમાધિ: પોતાના સમયની દુનિયાની સૌથી મોટી અને વધુમાં વધુ સલામત ગણાતી, અગિયાર માળ જેટલી ઊંચી અને ૧/૬ માઈલ જેટલી લાંબી, દરિયાની મહારાણી જેવી ગંજાવર 'ટિટાનિક' ૧૩૧૬ પ્રવાસીઓ તથા ૮૯૧ જેટલા કર્મચારીઓ સાથે પોતાની પહેલી જ સફરે સાઉથમ્પ્ટનથી ન્યૂ યૉર્ક જઈ રહી હતી. ત્યારે ૧૪મી એપ્રિલે રાત્રે ૧૧ ને ૨૦ મિનિટે તે એકાએક અંધારામાં બરફના એક તરતા પહાડ સાથે અથડાઇ ને ભયંકર કડાકા સાથે ઊડેલાં બરફનાં જંગી ગચિયાંથી તૂતક પર જ કેટલાક પ્રવાસીઓ માર્યા ગયા. આવા પ્રસંગે મોકલાતો સંદેશ C QD–કમ ક્વીક ડેન્જર–પ્રસારવામાં આવ્યો. પણ દરમિયાન જહાજ ઝડપથી ડૂબી રહ્યું હોઈ અને એ સંકેતો બહુ લાંબા પડતા હોઈ, SOS–સેઈવ અવર સોલ્સની ટૂંકી સંજ્ઞાઓનો પહેલી જ વાર પ્રયોગ થયો. એ ઝીલીને સહાય માટે જ્યારે જહાજ આવ્યું ત્યારે તે કંઈ પણ કરી શકે એવી સ્થિતિમાં નહોતું. ત્રણ જ કલાકમાં ૨ અને ૨૦ મિનિટે તો 'ટિટાનિક' દરિયામાં ગરક થઈ ગઈ. માત્ર ૭૦૦ જેટલા માણસો જ બચાવી શકાયા જ્યારે ૧૫૦૦ ઉપરાંત ડૂબી મુઆ. જહાજાતના ઇતિહાસમાં આ એક ભયંકર હોનારત હતી. એ પછી થયેલી એક આંતરરાષ્ટ્રીય સમજૂતી પ્રમાણે દર વર્ષે માર્ચથી જૂન દરમિયાન આ બાજુ ફરતાં રહેતાં ચોકિયાત જહાજો બરફના તરતા પહાડની ખબર રાખે છે ને એનાં કદ, સ્થાન અને માર્ગ વિષેની વિગતવાર માહિતી પ્રસારી આસપાસથી આવતાંજતાં જહાજોને સાવચેત કરતાં રહે છે. શક્ય હોય તો એ બરફના પહાડને દારૂગોળાથી વિદારી નાખીને એનું જોખમ પણ ઘટાડે છે.




અંધારામાં બરફના પહાડ સાથે અથડાતી 'ટિટાનિક'

તા. ૧૮, ૧૮૫૯ સ્વાતંત્ર્યના બળવાના સેનાની તાત્યા ટોપેને સર રિચાર્ડ મીડે સિપ્રી મુકામે ફાંસી આપી.

તા. ૨૧, ૧૫૨૬ બાબરે દિલ્હી જીત્યું અને આગળ જતાં ઇતિહાસમાં મોટો વિસ્તાર આવરી લેતી મુગલ સલ્તનતનો હિંદમાં પાયો નંખાયો.

તા. ૩૦, ૧૮૯૫ 'એક્સ–રે'ની શોધ. પોતાની પ્રયોગશાળાના ટેબલ પર કાળા કાગળોમાં જાળવીને રાખેલી કેટલીક ફોટોગ્રાફિક પ્લેટો ધોતાં એમાં અમુક ચોક્કસ છાપો પડેલી જોઈ એનું કારણ તપાસતાં જર્મનીના પ્રૉ. વિલ્હેમ રંટજનને ખબર પડી કે અંધારામાં કાચની નિર્વાત નળીમાંથી ભારે વિદ્યુત પ્રવાહ પસાર કરી તેનું પરિણામ જોવાના પોતાના પ્રયોગો દરમિયાન તેમાંથી જ છૂટાં પડેલાં કેટલાંક અદૃશ્ય કિરણોને કારણે એ બનવા પામ્યું હતું. આ કિરણો કાગળ, લાકડું, ઍલ્યુમિનિયમ વગેરે ઘણા પદાર્થોની યે આરપાર જઈ શકતાં હતાં એ પણ એમણે શોધી કાઢ્યું. પણ તેના ચોક્કસ સ્વરૂપ વિષે ત્યારે તેઓ અનિશ્ચિત હોઈ એમણે એને 'ક્ષ-કિરણો'નું નામ આપ્યું. આગળ જતાં એના વડે વૈદકશાસ્ત્રમાં ક્રાંતિકારી યુગ શરૂ થયો. હાડકાંની વિકૃતિ શોધવામાં, ક્ષય રોગનું ચોક્કસ નિદાન કરવામાં, કૅન્સર તથા ચામડીના કેટલાક રોગોના ઉપચારમાં તથા ધાતુની વિકૃતિ શોધવામાં, એમ અનેક ક્ષેત્રમાં આજે આ કિરણો અમૂલ્ય સહાયરૂપ બની રહ્યાં છે.




વિલ્હેમ રંટજન

સુખ સમ કો મંગલ નહિ, મૃત્યુ સમી નહિ હાણ,
જગ સમ કો જંગલ નહિ, સત્ય સમી નહિ ખાણ.

ગ્રીક તત્ત્વજ્ઞ જીનોની પાઠશાળામાં ભણતો એક અતિ હોશિયાર વિદ્યાર્થી ક્લીઍન્થિસ એટલો તો ગરીબ હતો કે અંગ પર પૂરાં કપડાં પણ ન હતાં છતાં રોજ ફી નિયમિત ભરતો! આથી ઈર્ષ્યાળુ વિદ્યાર્થીઓએ તેના પર એ પૈસા ચોરીને લાવતો હોવાનું આળ મૂકયું. બચાવમાં ક્લીઍન્થિસે એક માળી રજૂ કર્યો જેને ત્યાં એ મજરકે ઊઠીને કૂવામાંથી ખેંચી બગીચાને પાણી સીંચતો, અને એક ડોશીને હાજર કરી જેને રોજ રાત્રે દળણું દળી આપી એ મજૂરી રળતો. તેની આ નેક કમાઈથી પ્રસન્ન થઈ ત્યાંના હાકેમે એને સહાય આપવા ઇચ્છા દર્શાવી, તેને સ્વમાનથી નકારીને એણે જવાબ આપ્યો : 'હું સ્વાશ્રયે જ ભણવા આવ્યો છું, દાનથી નહિ.'

કહેવતોના અર્થ : 'પાવલાની પાડી, ને પોણો ચરાઇ'.—નજીવી વસ્તુને નિભાવવા માટે ખોટો કે વધુપડતો ખર્ચ કરવા પર વપરાતી કહેવત : ચાર આનાની કિંમતની પાડી ચરાવવા માટે બાર આનાનું મહેનતાણું માગતા રબારીના દૃષ્ટાંત પર ચાલેલી આ કહેવતના જેવી બીજી કહેવત : 'ટકાની ડોશી ને ઢબુ મૂંડામણ.



હિન્દી મહાસાગરના સીસલ ટાપુઓમાં લાકડાની ફરસબંધીને ચળકાટ આપવા નાળિયેર વપરાય છે. એ માટે એની કાચલી પર પગ મૂકીને માણસ પાટિયાં પર સરકે છે. કાચલીમાંથી નીકળતા તેલને લીધે લાકડા પર ઓપ આવે છે.

અનેકાર્થી શબ્દ : 'કટ'=કેડ, કંકણ; ઘાસની સાદડી, ટટ્ટી; પર્વતની ધાર; કાપવું તે; સાદડી બનાવવાનું ઘાસ; કાપણી, લણણી; મહેનત, મજૂરી; કાપડ-વેતરવાની રીત; એક જાતની ઔષધિ; ગંજીપાને કાપવોતે—એ ઉપરથી જુગારનું સાધન; પાનાંની રમતનો દાવ; કાળો રંગ; ખાટલો; મુડદું; રૂઢિ; લગામ; વંશ; અવસર, સ્મશાન; સુગંધી; વાળો; કટ્ટા કે અણબનાવ; ઐકય કે સંપ; હાથીનું લમણું તેમજ ગંડસ્થળ; ગાલ; ટોળું; બાણ.



કલાકણિકા : સંયુક્ત રાષ્ટ્રસંઘે ઈ. સ. ૧૯૭૦નું વર્ષ 'આંતરરાષ્ટ્રીય શિક્ષણવર્ષ' તરીકે મનાવવાનું નક્કીકર્યું છે. ફ્રાંસના ખ્યાતનામ કલાકાર વિક્ટર વાસરેલીએ કરેલા એના આ પ્રતીકમાં મગજના કેન્દ્રમાંથી પ્રસરતી જ્ઞાનરેખાઓના પ્રકાશથી ઊજળા બનતા વિશ્વમાનવના ચહેરાનું સુંદર સૂચક આલેખન કર્યું છે.

ઈ. ૧૯૬૯ના ઑક્ટોબર આખરે ભારતની વસતિ વધારો અંદાજે ૫૩ કરોડ ૯૪ લાખ, ૬૮ હજાર પાંચસો પંચાણુ હતી. તેમાં એક ઑક્ટોબર માસમાં જ ૧૧,૪૬,૨૮૭નો વધારો થયો હતો.

नोचार्यो विफलोऽपि दूषणपदम् दूष्योऽस्तु कामो लघुः
Not Failure but low aim is crime.
નિશાનચૂક માફ, માફ નહિ કિંતુ નીચું નિશાન.







ટિકિટ-સંગ્રહ

બિહારશરીફની નાલંદા કૉલેજની શતાબ્દી નિમિત્તે ગયા માર્ચ માસની ૨૭ તારીખે બહાર પડેલી, એ કૉલેજનાં મકાનો દર્શાવતી ભારતની ખાસ ટપાલટિકિટ



ચંદ્રવિજયને વધાવતી ટિકિટો

ચંદ્રની ધરતી પર માનવીએ પહેલી વાર પગ મૂક્યો એ પ્રસંગ સમગ્ર માનવ ઇતિહાસના એક સીમાસ્તંભ રૂપ હોઈ અદ્વિતીય બનાવ હતો. ચંદ્રવિજયી અમેરિકા ઉપરાંત દુનિયાના બધા દેશોએ એ બનાવને ઉમળકાથી વધાવ્યો અને એ નિમિત્તે લગભગ ૩૨ દેશોએ એ અપ્રતિમ સાહસને વિવિધરીતે આલેખતી સોએક જેટલી ખાસ ટપાલટિકિટો બહાર પાડી હતી. એમાં કેટલાક દેશોએ આ અવકાશ સાહસને તબક્કા વાર આલેખતી ટિકિટોની હારમાળા કાઢેલી તો કોઇકે આ પ્રસંગ સાથે સંબંધિત નહિ એવા મેનહટનનું વિહંગ દશ્ય ને એક વિમાનમથક પણ છાપ્યું હતું. અહીં એ સાહસને નોંધતી સાત ટિકિટો આપી છે, જેમાંની ડાબી બાજુ પહેલી ટિકિટ ટોગોની, તે પછી જમણી બાજુ ઉપરથી અનુક્રમે અમેરિકા, બેલ્જિયમ, હંગેરી ને ઈરાનની ટિકિટો છે. તેની બાજુમાં નીચે પહેલી ભારતની ને બીજી મૅક્સિકોની ટિકિટ છે. ('અમેરિકન સંદેશ'ના સૌજન્યથી)







